સરકારી નોકરીઓ માટે અહીં ક્લિક કરો

આઝાદી કા અમૃત મહોત્સવ

વર્ષ : ૬૨ ■ અંક : ૧૩ ■ તા.૧-૭-૨૦૨૨

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક




## ગુજરાત ગૌરવ અભિયાનનો આરંભ

## રાજ્યને રૂ. 21 હજાર કરોડનાં વિકાસકામોની ભેટ આપતા PM

## ૧૭ મા શાળા પ્રવેશોત્સવને મળી જ્વલંત સફળતા

# શાળા પ્રવેશોત્સવ તસવીરી ઝલક - 2022


ડો. નિમાબેન આચાર્ય, વિધાનસભા અધ્યક્ષ
ગાંધીધામ - કચ્છ



મંત્રી શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી
વડોદરા


મંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી
રાજપીપળા - નર્મદા


મંત્રી શ્રી પૂર્ણેશભાઇ મોદી
નાંદોદ - નર્મદા


મંત્રી શ્રી રાઘવજીભાઇ પટેલ
લતીપુર - જામનગર


મંત્રી શ્રી કનુભાઇ દેસાઇ
પારડી - વલસાડ


મંત્રી શ્રી કિરીટસિંહ રાણા
વઢવાણ - સુરેન્દ્રનગર


મંત્રી શ્રી નરેશભાઇ પટેલ
કપરાડા - વલસાડ


મંત્રી શ્રી પ્રદીપભાઇ પરમાર
દહેગામ - ગાંધીનગર


મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણ
મહેમદાવાદ - ખેડા


મંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા
વડગામ - બનાસકાંઠા


મંત્રી શ્રી બ્રિજેશભાઇ મેરજા
જોડીયા - જામનગર

Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 62 ■ Issue : 13 ■ Date 1 - 7 - 2022

તંત્રી : આર. કે. મહેતા
સહતંત્રી : અરવિંદ પટેલ
કાર્યવાહક તંત્રી : પુલક ત્રિવેદી
સંપાદક : મિનેશ ત્રિવેદી
સહસંપાદક : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
કલાનિર્દેશક : જસ્મીન દવે
વિતરણ વિભાગ : એન. એમ. રાઠોડ, ગીતા દેસાઇ, બી. કે. પરમાર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

વિતરણ વિભાગ : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૩૪૪૨
ઈ-મેઇલ એડ્રેસ : gujaratmagazine@gmail.com
ફેસબુક લિંક : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

48 + 4 Cover = Total 52 Pages

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
www.gujaratinformation.gujarat.gov.in

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.

# શબ્દશઃ




- ગુજરાતે શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષા ઉપર વિશેષ ભાર મૂક્યો છે.
- સમાજમાં શિક્ષણનો પાયો મજબૂત હોય તો દરેક ક્ષેત્રમાં આગળ વધી શકાય છે.
- શિક્ષણ થકી ટેક્નોલોજીનો ઉપયોગ કરી વ્યક્તિ સક્ષમ બની શકે છે.
- શાળા પ્રવેશોત્સવથી રાજ્યની શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.
- શાળા પ્રવેશોત્સવ દ્વારા ગામમાં ઉત્સાહનો માહોલ ઊભો થાય છે.
- વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને પડતી તકલીફો દૂર કરવા સરકાર કટિબદ્ધ છે.
- સરકારે મેડિકલ, એન્જિનિયરિંગ જેવા ક્ષેત્રોમાં શિક્ષણ માટે ઉત્તમ વ્યવસ્થાઓ ઊભી કરી છે.
- ગુજરાત સરકારે આરોગ્યલક્ષી યોજનાનો લાભ નાગરિકોને આપવા બજેટમાં વિશેષ જોગવાઇઓ કરી છે.
- તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ છેવાડાના માનવીને મુખ્ય પ્રવાહમાં જોડવા સફળ પ્રયત્નો કર્યા છે.

(મુખ્યમંત્રીશ્રીએ શાળા પ્રવેશોત્સવના પ્રારંભ પ્રસંગે આપેલા વક્તવ્યના અંશો)

# અનુક્રમ

## વિકાસયાત્રા


11 ગુજરાત ગૌરવ અભિયાન : PMના હસ્તે રાજ્યને રૂ. 21 હજાર કરોડનાં વિકાસકામોની ભેટ

18 પાવાગઢ મંદિરના સુવર્ણ શિખર ઉપર ધ્વજારોહણ

20 ૧૭ મા શાળા પ્રવેશોત્સવને મળી જ્વલંત સફળતા

23 મેમનગરને સ્માર્ટ (અનુપમ) શાળાની ભેટ

24 અમદાવાદમાં સિગ્નલ સ્કૂલનાં બાળકોનો પ્રવેશોત્સવ

25 રાજ્યભરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી

28 દેશનો પ્રથમ ડિસેલિનેશન પ્લાન્ટ દહેજમાં કાર્યરત

29 છેવાડાના નાગરિકોને વિકાસની મુખ્યધારામાં સામેલ કર્યા

30 વિરમગામ તાલુકા પંચાયતના નવા ભવનનું લોકાર્પણ

30 ધોલેરામાં એરપોર્ટના વિકાસ માટે રૂ. ૧૩૦૫ કરોડ મંજૂર

32 રાજ્યની GIDCમાં શ્રમયોગીઓ માટે શ્રમનિકેતન બનશે

34 અમદાવાદ પોલીસની નવતર 'પહેલ'

35 સરકારી યોજનાઓનો લાભ સીધો નાગરિકોને મળતો થયો

35 રાજ્યમાં વાહનોના ફિટનેસ ટેસ્ટિંગ માટે PPP પોલિસી

36 અંગદાન માટે બીજાને પ્રેરણા આપવી જોઈએ: CM

38 વીસ જ દિવસમાં ૨૨ વીજ સબસ્ટેશનોના લોકાર્પણ-ખાતમુહૂર્ત

39 દેશના પ્રથમ ડાયનાસોર મ્યૂઝિયમનું રૈયોલીમાં લોકાર્પણ

40 સુરતમાં ગુજરાતનો પ્રથમ મલ્ટિ-લેયર અને મલ્ટિ-ડિરેક્શન રેલવે ઓવરબ્રિજ









6 સંવાદ

9 અભિવ્યક્તિ

41 ન્યુઝ ફ્લેશ

42 નિર્ણય

45 સંભાળ

46 સમાચાર સંચય

50 સાફલ્યગાથા



# શાળા પ્રવેશ બન્યો સાચા અર્થમાં જન ઉત્સવ

પ્રતિ વર્ષ જૂન મહિનો એટલે શિક્ષણની જ્યોત પ્રજ્વલિત થતી જોવા મળતો મહિનો. દર વર્ષે આ મહિનામાં શાળા પ્રવેશોત્સવથી સમગ્ર રાજ્યની દરેક શાળામાં શિક્ષણની જ્યોત વધુ દેદિપ્યમાન બને છે. દીર્ઘદ્રષ્ટા તત્કાલિન મુખ્યમંત્રી અને હાલમાં દેશના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ રોપેલું શાળા પ્રવેશોત્સવનુ વિચાર બીજ આજે ઊર્જાવાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ વટવૃક્ષ બની મહોરી ઉઠ્યું છે. પરિણામલક્ષી આયોજન અને મક્કમ અમલીકરણ સાથે કોઇપણ અભિયાન સફળ થયા વિના રહેતું નથી.

સ્કૂલ ડ્રોપ આઉટ રેશીયો ઝીરો લેવલે લાવવાના મક્કમ નિર્ધાર સાથે પ્રત્યેક બાળકને શિક્ષિત તથા દિક્ષિત બનાવવાના ઉદ્દેશને વરેલા શાળા પ્રવેશોત્સવની ઉજવણી આ વર્ષે પણ કરવામાં આવી. ઉમંગ અને ઉત્સાહપૂર્વક ગુજરાતભરમાં પ્રત્યેક જિલ્લા, તાલુકા, ગ્રામ્ય કક્ષાએ બાળકોને શાળાપ્રવેશ કરાવવામાં આવ્યો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં નેતૃત્વમાં ત્રણ દિવસ ચાલેલા આ અભિયાનમાં પાંચ લાખથી વધુ બાળકોએ શાળામાં પ્રવેશ મેળવ્યો. શાળા પ્રવેશોત્સવ સાચા અર્થમાં જનોત્સવ બની રહ્યો. આ ત્રણ દિવસનાં શાળા પ્રવેશોત્સવમાં દાતાઓ દ્વારા રૂ. ૨૮ કરોડથી વધુ રોકડ રકમ ઉપરાંત શૈક્ષણિક સહાય આપવામાં આવી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત ગૌરવ અભિયાન અંતર્ગત ગુજરાતને રેલવેના વિવિધ પ્રોજેક્ટનું લોકાર્પણ - ખાતમુહૂર્ત કરવા સાથે મધ્ય ગુજરાતના પાંચ જિલ્લામાં વિકાસનાં વિવિધ પ્રકલ્પો સહિતના કુલ રૂ. ૨૧ હજાર કરોડના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ - ખાતમુહૂર્ત અને ભૂમિપૂજન કર્યું હતું. તેમણે સેવા, સુશાસન, ગરીબ કલ્યાણ, નવીનતા અને દ્રઢનિશ્ચય, આ પાંચ-સિદ્ધાંત ઉપર કામ કરીને સુશાસનની અનુભૂતિ કરાવી છે. વડાપ્રધાનશ્રીએ રાજ્ય સરકારની રૂ. ૮૧૧ કરોડની મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના અને રાજ્યના ૧૪ આદિજાતિ વિસ્તારોમાં પોષણ સુધા યોજનાનો પ્રારંભ કરાવ્યો સાથે આવાસ યોજનાના લાભાર્થીઓને તેમના ઘરની ચાવી અર્પણ કરી.

ગુજરાત સરકારની ઔદ્યોગિક નીતિ પ્રોગ્રેસિવ છે. ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે મૂડીરોકાણમાં અગ્રેસર છે. તાજેતરમાં દહેજ ખાતે જી.આઈ.ડી.સી. દ્વારા તૈયાર કરવામાં આવેલા ડિસેલીનેશન પ્લાન્ટનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લોકાર્પણ કર્યું. આ પ્લાન્ટથી દહેજનાં ઉદ્યોગો પાણીની બાબતે આત્મનિર્ભર બનશે. આ ઉપરાંત પખવાડિયામાં સીમાચિહ્નરૂપ અનેક વિકાસકાર્યો થયાં છે. ધોલેરા ન્યૂ ગ્રીનફિલ્ડ એરપોર્ટ પ્રોજેક્ટના પ્રથમ તબક્કાને મંજૂરી તથા છેલ્લા ૨૦ દિવસમાં ૨૨ વીજ સબસ્ટેશનના ખાતમુહૂર્ત-લોકાર્પણ કરીને જનતાને સાતત્યપૂર્ણ વીજળી પૂરી પાડવાની દિશામાં રાજ્ય સરકારે મજબૂત કદમ લીધા છે.

મને શ્રધ્ધા છે કે, પ્રસ્તુત અંકમાં રાજ્યના વિકાસને ઉજાગર કરતી વિવિધ માહિતી તેમજ પાક્ષિકમાં આવતી નિયમિત કોલમો વાચકોને ઉપયોગી બની રહેશે.

**ભણી ગણીને આગળ વધે,**
**પ્રત્યેક ગુર્જર બાળ,**
**પ્રજ્વલિત બને શિક્ષણજ્યોત,**
**શિક્ષિત - દિક્ષિત બને આપણું ગુજરાત.**

જય જય ગરવી ગુજરાત...

**- આર. કે. મહેતા** આઇ.એ.એસ.
**માહિતી નિયામક**



# મન કી બાત

## જૂન 2022

### લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ

*વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુ ને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે.*

મારા પ્રિય દેશવાસીયો, નમસ્કાર. 'મન કી બાત' માટે મને તમારા બધાના ખૂબ પત્રો મળ્યા છે, social media અને NaMoApp પર પણ ઘણાં બધાં સંદેશ મળ્યા છે, આ માટે હું આપ સૌનૌ આભારી છું. આ કાર્યક્રમ માટે આપણાં સૌનાં પ્રયત્નો હોય છે કે આપણે એકબીજાનાં પ્રેરણાત્મક પ્રયાસોની ચર્ચાવિચારણા કરીએ, જન-આંદોલનથી પરિવર્તનની ગાથા, પૂરા દેશને જણાવીએ. આ જ કડીમાં હું તમારી સાથે, દેશનાં એક એવાં જન-આંદોલનની ચર્ચા કરવાં માગું છું જેનું દેશનાં દરેક નાગરિકનાં જીવનમાં ખૂબ મહત્વ છે. પરંતુ એ પહેલાં હું આજની પેઢીનાં નવયુવાનોને, 24-25 વર્ષનાં યુવાનોને, એક સવાલ પૂછવા માંગુ છું અને સવાલ ખૂબ ગંભીર છે, અને મારાં સવાલ પર જરૂરથી વિચાર કરજો. શું તમને ખબર છે કે, તમારાં માતા-પિતા જ્યારે તમારી ઉમરનાં હતા ત્યારે એક વખત તેમની પાસેથી પણ જીવનનો અધિકાર લઈ લેવામાં આવ્યો હતો! તમે વિચારી રહ્યાં હશો કે, આવું કેવી રીતે થઈ શકે?

આ તો અશક્ય છે. પરંતુ મારા નવયુવાન સાથિયો, આપણાં દેશમાં એકવખત આવું થયું હતું. વર્ષો પહેલાં 1975 ની સાલની આ વાત છે. જૂનનો એ સમય હતો જ્યારે emergency લાગુ કરવામાં આવી હતી, કટોકટી લાદવામાં આ હતી. તેમાં, દેશનાં નાગરિકોનાં તમામ અધિકારો છીનવી લેવામાં આવ્યાં હતાં. તેમાંથી એક અધિકાર, બંધારણનાં Article 21 અંતર્ગત તમામ ભારતીઓને 'Right to Life and Personal Liberty' પણ હતો. તે સમયે ભારતનાં લોકતંત્રને કચડી નાખવાનો પ્રયત્ન કરાયો હતો. દેશની અદાલતો, દરેક બંધારણીય સંસ્થા, પ્રેસ, તમામ પર નિયંત્રણ લાગુ કરવામાં આવ્યું હતું. Censorshipની એવી સ્થિતિ હતી કે પરવાનગી વગર કંઇ પણ પ્રકાશિત કરી નહોતું શકાતું. મને યાદ છે કે, ત્યારે પ્રખ્યાત કિશોર કુમારે સરકારનાં વખાણ કરવાની ના પાડી ત્યારે તેમનાં પર બૈન લગાવવામાં આવ્યો હતો. રેડિયો પરથી તેમની entry કાઢી નાખવામાં આવી હતી. પરંતુ ઘણાં પ્રયત્નો, હજારો ધરપકડ, અને લાખો લોકો પર અત્યાચાર કરાયા પછી, ભારતનાં લોકોનો, લોકતંત્ર પરથી વિશ્વાસ તૂટ્યો નહીં, થોડો પણ નહીં. ભારતનાં આપણાં લોકોમાં, વર્ષોથી, જે લોકતંત્રનાં સંસ્કાર ચાલી રહ્યાં છે, જે લોકતાંત્રિક ભાવના આપણાં રગેરગમાં વહે છે અંતમાં તેનો જ વિજયી થયો.

ભારતનાં લોકોએ લોકતાંત્રિક રીતે emergencyને હટાવી, ફરીથી લોકતંત્રની સ્થાપના કરી. સરમુખત્યારશાહીની માનસિકતાને, સરમુખત્યારશાહીની વૃતિ-પ્રવૃતીને લોકતાંત્રિક પધ્ધતિથી પરાજીત કરવાનું આવું દૃષ્ટાંત સમગ્ર દુનિયામાં મળવું મુશ્કેલ છે. Emergency સમયે લોકતંત્રનાં એક સૈનિકનાં રૂપમાં મને પણ દેશવાસીઓનાં સંઘર્ષોનો, સાક્ષી બનવાનું, હિસ્સેદાર બનવાનું

સૌભાગ્ય મળ્યું હતું. આજે, જ્યારે દેશ આપણી આઝાદીનાં 75 વર્ષનો ઉત્સવ ઊજવી રહ્યો છે, અમૃત મહોત્સવ ઊજવી રહ્યો છે, ત્યારે કટોકટીનાં એ ભયાનક સમયને પણ આપણે ક્યારેય ભૂલવો ના જોઇએ. આવનારી પેઢીઓએ પણ એ ભૂલવું ના જોઇએ. અમૃત મહોત્સવ હજારો વર્ષોની ગુલામીથી મુક્તિની વિજય ગાથા જ નહીં, પરંતુ આઝાદી પછીનાં 75 વર્ષોની યાત્રાને પણ સમાવી છે. ઇતિહાસનાં દરેક મુખ્ય સમયમાંથી શીખતાં-શીખતાં જ આપણે આગળ વધી રહ્યાં છીએ.

મારાં પ્રિય દેશવાસીઓ, આપણામાંથી કદાચ જ કોઇ એવું છે કે,જેણે પોતાનાં જીવનમાં આકાશ સાથે જોડાયેલ કોઇ કલ્પના નહીં કરી હોય. બાળપણમાં દરેકને ચંદ્ર-તારાઓની વાર્તાઓ આકર્ષિત કરતી હોય છે. યુવાનો માટે આકાશ આંબવું એ પોતાનાં સપનાંઓને સાકાર કરવાનો પર્યાય છે. આજે આપણું ભારત જ્યારે આટલાં બધાં ક્ષેત્રોમાં સફળતાનાં આકાશને સ્પર્શી રહ્યું છે, ત્યારે આકાશ અથવા અંતરિક્ષથી દૂર કેવી રીતે રહી શકે. વીતેલાં કેટલાંક સમયમાં આપણાં દેશમાં સ્પેસ સેક્ટર સાથે જોડાયેલ કેટલાંય મોટાં-મોટાં કાર્યો થયાં છે.

દેશની આવી જ સિધ્ધીઓમાંથી એક છે In-Space નામની Agencyનુ નિર્માણ કાર્ય. એક એવી Agency, છે જે Space Sectorમાં, ભારતનાં Private Sector માટે નવી તકોને Promote કરી રહી છે. આ શરૂઆતે આપણાં દેશનાં યુવાનોને વિશેષ રીતે આકર્ષિત કર્યાં છે. મને આ સંદર્ભે ઘણાં બધાં યુવા મિત્રોનાં સંદેશ મળ્યાં છે. થોડાંક દિવસ પહેલાં જ્યારે હું IN-Spaceનાં headquarterનાં લોકાર્પણ માટે ગયો હતો ત્યારે મેં કેટલાંય યુવા Start-Upsનાં Ideas અને ઉત્સાહને જોયાં. મેં તેમની સાથે ઘણાં સમય સુધી વાતો પણ કરી. તમે પણ જ્યારે એ વિશે જાણશો ત્યારે આશ્ચર્ય પામ્યા વગર રહી જ નહીં શકો, જેમ કે, Space Start-Upsની સંખ્યા અને Speedને જ લઇએ. આજથી થોડાંક વર્ષો પહેલાં સુધી આપણાં દેશમાં, SpaceSectorમાં, Start-Ups નાં વિષયમાં, કોઇ વિચાર માત્ર પણ નહોતું કરતું. આજે આ સંખ્યા સો થી પણ વધુ છે.

આ તમામ Start-Ups એવાં અદભૂત વિચારો પર કામ કરી રહ્યાં છે કે જેનાં વિશે પહેલાં કાંતો વિચારાતું પણ નહોતું અથવા તો PrivateSector માટે અશક્ય માનવામાં આવતું હતું. ઉદાહરણ જોઇએ તો, ચેન્નઇ અને હૈદ્રાબાદ નાં બે Start-Ups છે - અગ્નિકુલ અને સ્કાઈટરૂટ. આ Start-Ups એવાં Launch Vehicle વિકસિત કરી રહ્યાં છે કે જે અંતરિક્ષમાં નાનાં payloads લઇને જશે. તેનાથી Space Launchingનું મૂલ્ય ઘણું ઓછું થવાની શક્યતા છે.

સાથીઓ, In-Spaceનાં કાર્યક્રમમાં, હું મહેસાણાની દીકરી તન્વી પટેલને પણ મળ્યો હતો. તે એક ખૂબ નાનાં સેટેલાઈટ પર કામ કરી રહી છે, જે આગામી થોડાંક મહિનાઓમાં સ્પેસમાં લોન્ચ થવા જઇ રહ્યો છે. તન્વીએ મને ગુજરાતીમાં ખૂબ સરળતાથી પોતાનાં કામ વિશે જણાવ્યું હતું. તન્વીની જેમ જ દેશનાં લગભગ સાડા સાતસો સ્કુલ સ્ટુડન્ટ, અમૃત મહોત્સવમાં આવાં જ 75 સેટેલાઈટ પર કામ કરી રહ્યાં છે, અને વધારે આનંદની વાત તો એ છે કે, આમાનાં ઘણા સ્ટુડન્ટ દેશનાં નાનાં શહેરોનાં છે.

મારાં પ્રિય દેશવાસીઓ, 'મન કી બાત' માં, હવે એક એવાં વિષયની વાત કરીશું, જેને સાંભળીને તમારું મન પ્રફુલ્લિત થઇ જશે અને તમને પ્રેરણા પણ મળશે. પાછલાં દિવસોમાં, આપણાં ઓલમ્પિક ગોલ્ડ મેડલ વિજેતા નીરજ ચોપડા ફરીથી સમાચારમાં છવાઇ ગયાં હતા. ઓલમ્પિક પછી પણ, તેઓ એક પછી એક સફળતાની નવી-નવી સિદ્ધીઓ હાંસલ કરી રહ્યાં છે. ફિનલેન્ડમાં નીરજે Paavo Nurmi Gamesમાં સિલ્વર મેડલ જીત્યો. આટલું જ નહીં, તેમણે Javelin Throwનાં Record પણ તોડ્યાં. Kuortane Gamesમાં નીરજે એકવાર ફરીથી ગોલ્ડ જીતીને દેશનું ગૌરવ વધાર્યું છે.

> **"રમતવીરોએ પોતાનાં જીવનમાં ઘણો સંઘર્ષ કર્યો છે અને સફળતાનાં આ મુકામ સુધી પહોચ્યા છે. તેમની સફળતામાં, તેમનાં પરિવાર અને માતા-પિતાની પણ મહત્વની ભૂમિકા છે."**

સાથીઓ, ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સની એક મહત્વની વાત એ છે કે, આ વખતે પણ એવી કેટલીય પ્રતિભાઓ ઊભરીને સામે આવી છે, કે જે ખૂબ સામાન્ય પરિવારોમાંથી આવે છે. આ રમતવીરોએ પોતાનાં જીવનમાં ઘણો સંઘર્ષ કર્યો છે અને સફળતાનાં આ મુકામ સુધી પહોચ્યા છે. તેમની સફળતામાં, તેમનાં પરિવાર અને માતા-પિતાની પણ મહત્વની ભૂમિકા છે. 70 કિલોમીટર સાઇકલીંગમાં ગોલ્ડ જીતનાર શ્રીનગરનાં આદિલ અલ્તાફનાં પિતા ટેલરીંગનું કામ કરે છે, પરંતુ તેમણે પોતાનાં પુત્રનાં સપનાને પૂરાં કરવા માટે કોઇ કસર બાકી નથી રાખી. આજે, આદિલે પોતાનાં પિતા અને સમગ્ર જમ્મૂ-કશ્મીરનું માથું ગર્વથી ઊંચુ કરાવ્યું છે. વેઇટ લિફ્ટીંગમાં ગોલ્ડ જીતનાર ચેન્નઇનાં એલ.ધનુષનાં પિતા પણ એક સાધારણ સુથાર છે. સાંગલીની દીકરી કાજોલ સરગારનાં પિતા ચા વેચવાનું કામ કરે છે. કાજોલ પોતાનાં પિતાનાં કામમાં મદદ કરે છે અને વેઇટ લિફ્ટીંગની પ્રેક્ટિસ પણ કરે છે. અદલ આવો જ ચમત્કાર રોહતકની તનુએ કર્યો છે. તનુનાં પિતા રાજબીર સિંહ રોહતકમાં એક સ્કૂલનાં બસ ડ્રાઇવર છે. તનુએ કુશ્તીમાં સ્વર્ણ પદક મેળવીને પોતાનું અને પોતાનાં પરિવારનું તેમજ પોતાનાં પિતાનું સપનું સાચું કરીને બતાવ્યું છે.

સાથીઓ, રમતગમત ક્ષેત્રમાં, હવે ભારતીય રમતવીરોની પ્રતિષ્ઠા વધી રહી છે, સાથે ભારતીય રમતોની પણ નવી ઓળખ બની રહી છે. જેમ કે, આ વખતે ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સમાં ઓલમ્પિકમાં સમાવિષ્ટ થનાર સ્પર્ધા સિવાય પાંચ સ્વદેશી રમતનો પણ સમાવેશ. આ પાંચ રમત એટલે - ગતકા,

થાંગ તા, યોગાસન, કલરીપાયટ્ટૂ અને મલ્લખમ્બ.

મારાં પ્રિય દેશવાસીઓ, આપણે મન કી બાતમાં waste to wealthથી જોડાયેલ સફળ પ્રયત્નોની ચર્ચા કરી રહ્યાં છીએ. આવું એક ઉદાહરણ છે, મિઝોરમની રાજધાની આઈજવાલનું. આઈજવાલમાં એક સુંદર નદી છે - ચિટે લુઇ, તે વર્ષોથી ગંદકી અને કચરાનાં ઢગલામાં બદલાઇ ગઈ છે. પાછલાં થોડાંક વર્ષોમાં આ નદીને બચાવવા માટેનાં પ્રયત્નો થઇ રહ્યાં છે. તેનાં માટે સ્થાનિક એજન્સીઓ, સ્વયંસેવી સંસ્થાઓ અને સ્થાનિક લોકો મળીને save ચિટે લુઈ action plan પણ ચલાવી રહ્યાં છે. નદીની સફાઇનાં આ અભિયાનમાં waste થી Wealth creationનો અવસર પણ બન્યો છે.

જોકે, આ નદીમાં અને તેનાં કિનારાઓમાં પણ ખૂબ માત્રામાં પ્લાસ્ટિક અને પોલીથીનનો કચરો ભરાયેલો હતો. નદીને બચાવવા માટે કામ કરતી સંસ્થાએ, આ જ પોલીથીનથી રસ્તો બનાવવાનો નિર્ણય લીધો, એટલે કે, જે કચરો નદીમાંથી બહાર કાઢવામાં આવે તેનાંથી મિજોરમનાં એક ગામમાં, રાજ્યનો પહેલો પ્લાસ્ટિક રોડ બનાવવામાં આવ્યો એટલે કે સ્વચ્છતા પણ અને વિકાસ પણ.

મારા પ્રિય દેશવાસીઓ, આપણાં ઉપનિષદોનો એક જીવનમંત્ર છે -चरैवेति-चरैवेति-चरैवेति- તમે પણ આ મંત્રને જરૂર સાંભળ્યો જ હશે. તેનો અર્થ છે - ચાલતાં રહો, ચાલતાં રહો. આ મંત્ર આપણાં દેશમાં એટલા માટે લોકપ્રિય છે કેમકે સતત ચાલતા રહેવું, ગતિશીલ બની રહેવું, આપણાં સ્વભાવનો ભાગ છે. એક રાષ્ટ્રનાં રૂપમાં, આપણે, હજારો વર્ષોની વિકાસયાત્રા કરીને અહીં સુધી પહોંચ્યાં છે. એક સમાજનાં રૂપમાં, આપણે હમેશા, નવાં વિચારો, નવા પરિવર્તનોનો સ્વીકાર કરીને આગળ વધતાં રહ્યાં છીએ. તેની પાછળ આપણી સાંસ્કૃતિક ગતિશીલતા અને યાત્રાઓનું ખૂબ મોટું યોગદાન છે.

> **“એક સમાજનાં રૂપમાં, આપણે હમેશા, નવાં વિચારો, નવા પરિવર્તનોનો સ્વીકાર કરીને આગળ વધતાં રહ્યાં છીએ. તેની પાછળ આપણી સાંસ્કૃતિક ગતિશીલતા અને યાત્રાઓનું ખૂબ મોટું યોગદાન છે.”**

ઓડિસામાં, પુરીની યાત્રાથી તો દરેક દેશવાસી પરિચિત જ છે. લોકોનો પ્રયાસ હોય છે કે આ અવસર પર પુરી જવાનું સૌભાગ્ય મળે. બીજા રાજ્યોમાં પણ ખૂબ ધૂમધામથી જગન્નાથ યાત્રા કાઢવામાં આવે છે. ભગવાન જગન્નાથ યાત્રા અષાઢ મહિનાની બીજથી શરૂ થાય છે. આપણાં ગ્રંથોમાં - આષાઢસ્ય દ્વિતીયદિવસે... રથયાત્રા - આ પ્રકારે સંસ્કૃત શ્વોલોકોમાં રચાયેલું વર્ણન જોઇ શકાય છે. ગુજરાતનાં અમદાવાદમાં પણ દર વર્ષે અષાઢની બીજથી રથયાત્રા શરૂ થાય છે. હું ગુજરાતમાં હતો, ત્યારે મને પણ દર વર્ષે આ યાત્રામાં સેવાનું સૌભાગ્ય મળતું હતું. અષાઢ બીજ, જેને અષાઢી બીજ પણ કહેવામાં આવે છે, આ દિવસથી જ કચ્છનાં નવાં વર્ષની પણ શરૂઆત થાય છે. હું, મારા દરેક કચ્છી ભાઈઓ-બહેનોને નવાવર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવું છું. મારાં માટે આ દિવસ એટલાં માટે પણ ખાસ છે કેમકે મને યાદ છે, અષાઢ બીજનાં એક દિવસ પહેલાં એટલે કે અષાઢની પ્રથમ તિથીએ અમે ગુજરાતમાં એક સંસ્કૃત ઉત્સવની શરૂઆત કરી હતી, જેમાં સંસ્કૃત ભાષામાં ગીત-સંગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમ આયોજાય છે. આ આયોજનનું નામ છે - આષાઢસ્ય પ્રથમ દિવસે. ઉત્સવને આ ખાસ નામ આપવાં પાછળનું કારણ એ છે કે સંસ્કૃતનાં મહાન કવિ કાલિદાસે અષાઢ મહિનાનાં વર્ષાનાં આગમન પરથી જ - મેઘદૂતમ્ - લખ્યું હતું. મેઘદૂતમમાં એક શ્લોક છે - આષાઢસ્ય પ્રથમ દિવસે મેઘમ્ આશ્લિષ્ટ સાનુમ્, એટલે કે અષાઢનાં પ્રથમ દિવસે પર્વત શીખરોથી ઘેરાયેલાં વાદળો, આ જ શ્લોક આ આયોજનોનો આધાર બન્યો.

સાથીઓ, અમદાવાદ હોય કે પુરી, ભગવાન જગન્નાથ પોતાની યાત્રાનાં માધ્યમથી કેટલાંય ગહન માનવીય સંદેશ પણ આપે છે. ભગવાન જગન્નાથ જગતનાં સ્વામી તો છે જ પરંતુ તેમની યાત્રામાં ગરીબો, વંચિતોની વિશેષ ભાગીદારી હોય છે. ભગવાન પણ સમાજનાં દરેક વર્ગ અને વ્યક્તિ સાથે ચાલે છે. આવી જ રીતે આપણાં દેશમાં જેટલી પણ યાત્રાઓ થાય છે, તે તમામમાં ગરીબ-અમીર, ઊંચ-નીચ આવાં કોઇ ભેદભાવ દેખાતા નથી.

સાથીઓ, દક્ષિણમાં આવું જ મહત્વ સબરીમાલા યાત્રાનું પણ છે. સબરીમાલાનાં પહાડો પર ભગવાન અયપ્પાનાં દર્શન કરવાં માટે આ યાત્રા ત્યારથી ચાલી રહી છે જ્યારે ત્યાંના રસ્તાઓ સંપૂર્ણ રીતે જંગલો વચ્ચે ઘેરાયેલાં હતાં. આજે પણ લોકો જ્યારે આ યાત્રાઓમાં જાય છે ત્યારે તેને ધાર્મિક અનુષ્ઠાનોથી લઇને રહેવાની વ્યવસ્થા સુધી, ગરીબો માટે કેટલાંય નવાં અવસર ખુલે છે, તમે પણ આવી કોઇક યાત્રામાં જશો ત્યારે તમને આધ્યાત્મની સાથે-સાથે એક ભારત-શ્રેષ્ઠ ભારતનાં પણ દર્શન થશે.

મારાં પ્રિય દેશવાસીઓ, હમેશાની જેમ આ વખતે પણ મન કી બાતનાં માધ્યમથી તમારાં સૌ સાથે જોડાવાનો આ અનુભવ ખૂબ સુખદ રહ્યો. આપણે દેશવાસીઓની સફળતા અને સિદ્ધીઓની ચર્ચા કરી. આ બધાંની વચ્ચે, આપણે કોરોના વિરુદ્ધ સાવધાનીનું પણ ધ્યાન રાખવાનું છે. જોકે, સંતોષની વાત એ છે કે આજે દેશ પાસે વેક્સીનનું વ્યાપક સુરક્ષા કવચ ઉપલબ્ધ છે. આપણે 200 કરોડ વેક્સીનનાં ડોઝ સુધી પહોંચી ગયા છીએ. દેશમાં ખૂબ ઝડપથી precaution ડોઝ પણ લગાવવામાં આવી રહ્યો છે. જો તમારા બીજા ડોઝ પછી precaution ડોઝનો સમય થઇ ગયો હોય તો આપ, ત્રીજો dose જરૂરથી લેજો. તમારાં પરિવારનાં લોકોને, ખાસ કરીને વૃદ્ધોંને પણ precaution ડોઝ અપાવજો. આપણે હાથની સ્વચ્છતા અને માસ્ક જેવી જરૂરી સાવધાનીઓને પણ અનુસરવાનું છે.

આપણે વરસાદનાં વાતાવરણમાં આસ-પાસ ગંદકીથી થનાર બિમારીઓથી પણ સતર્ક રહેવાનું છે. તમે બધા સજાગ રહો, સ્વચ્છ રહો અને આવી જ ઊર્જાથી આગળ વધતાં રહો. હવે પછીનાં મહિને ફરી એક વખત મળીશું,

ત્યાં સુધી ખૂબ-ખૂબ ધન્યવાદ, નમસ્કાર.

# મહાતીર્થ 'મા'

સનાતન સંસ્કૃતિમાં 'મા'ને સૌથી ઉચ્ચતમ સ્થાન આપવામાં આવ્યું છે. સમગ્ર ભારતમાં શક્તિની ભક્તિ વિવિધ સ્વરૂપે વિશેષ રૂપે થતી આવી છે. 'મા'ની વ્યાખ્યા કે સ્તુતિ અનેકાનેક સ્વરૂપે કરવામાં આવે છે. સનાતન ધર્મનું જ્ઞાન આપતા શ્લોક અને વેદોમાં પણ 'મા'ની સ્તુતિ, પ્રાર્થના સ્વયં ભગવાન પણ કરતા હોવાનું વર્ણન છે. તમામ ગ્રંથોમાં પોતાને સંતાન માની માને સર્વ ક્ષેમકુશળતા, ઈષ્ટ કરવાની પ્રાર્થના કરવામાં આવે છે.

**યા દેવી સર્વભૂતેષુ શક્તિ રૂપેણ સંસ્થિતા**
**નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમોનમઃ।**

આ ભક્તિમાં માનવમાત્રનો સમાવેશ થાય છે. તાજેતરમાં આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં માતુશ્રી હીરાબાને 100 વર્ષ પૂર્ણ થતાં વડાપ્રધાનશ્રીએ તેમના પગ પખાળી, ભક્તિભાવપૂર્વક માતૃવંદના કરી હતી. આ માતૃવંદનાની અભિવ્યક્તિ તેમણે શબ્દોમાં ઢાળીને બ્લોગ દ્વારા દેશવાસીઓ સાથે શેર કરી હતી તેના અંશો અત્રે પ્રસ્તુત છેઃ

જીવન આપનાર અને જીવન ટકાવનાર, સમગ્ર જીવ માત્રને પોષિત કરનાર પરમાત્મા સ્વરૂપે માતાજીનાં વિવિધ સ્વરૂપોની આરાધના કરવામાં આવે છે. મારા વડીલો કહેતા કે વ્યક્તિની સૌથી પ્રથમ કુળદેવી એ તેની માતા છે. 'મા' વિશે ગ્રંથો લખાય તો પણ ઓછા પડે. 'મા'ની પ્રશસ્તિ ન હોય, ભક્તિ હોય. હું પણ 'મા'ની ભક્તિ જ કરું છું.

મા કે માતા – શબ્દકોશમાં ફક્ત એક શબ્દ નથી. આ શબ્દમાં તમામ પ્રકારની લાગણીઓ સમાઈ જાય છે – પ્રેમ, ધૈર્ય, વિશ્વાસ વગેરે. દુનિયાભરમાં કોઈ પણ દેશ કે વિસ્તારમાં બાળકો તેમની માતા પ્રત્યે વિશેષ લાગણી ધરાવે છે. માતા તેના બાળકને જન્મ આપવાની સાથે તેમની પ્રથમ ગુરુ પણ છે. માતા બાળકના માનસનું, તેના વ્યક્તિત્વનું ઘડતર કરે છે અને તેને આત્મવિશ્વાસ આપે છે. આ પ્રક્રિયામાં માતા પોતાની અંગત જરૂરિયાતો અને આકાંક્ષાઓનો નિઃસ્વાર્થપણે ત્યાગ કરે છે.

આજે હું બહુ ખુશ છું. મારી લાગણીને તમારી સાથે વહેંચતાં વિશેષ આનંદ થાય છે કે, મારી માતા શ્રીમતી હીરાબા તેમના 100મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યાં છે. જો આજે મારા પિતા હયાત હોત, તો તેમણે પણ ગયા અઠવાડિયે તેમના 100મા જન્મદિવસની ઉજવણી કરી હોત. વર્ષ 2022 એક વિશેષ વર્ષ છે, કારણ કે મારી માતાના જીવનનું 100મું વર્ષ શરૂ થઈ રહ્યું છે અને મારા પિતાએ 100મું વર્ષ પૂર્ણ કર્યું હોત.



મારી માતા અસાધારણ હોવાની સાથે સરળ છે. અન્ય તમામ માતાઓ જેવી! જ્યારે હું મારી માતા વિશે લખી રહ્યો છું, ત્યારે મને ખાતરી છે કે, મારી માતા સાથે જોડાયેલી વાતો સાથે તમારામાંથી ઘણાને તમારી માતા સાથે જોડાયેલી લાગશે. આ લેખની સાથે તમને કદાચ તમારી માતાની છબી પણ દેખાય એવું બની શકે. કોઈ માતાનું તપ એક સારા મનુષ્યનું સર્જન કરે છે. તેમની લાગણી બાળકમાં માનવીય મૂલ્યો અને સંવેદના જેવા ગુણો કેળવી શકે છે. એક માતા અલગ વ્યક્તિ કે જુદું વ્યક્તિત્વ નથી, માતૃત્વ એક ગુણ છે, એક ખાસિયત છે. ઘણી વાર આપણે સાંભળીએ છીએ કે ઈશ્વરનું સર્જન તેમના ભક્તોની પ્રકૃતિ અનુસાર થાય છે. એ જ રીતે આપણે આપણી માતાઓ અને તેમનું માતૃત્વ આપણી પોતાની પ્રકૃતિ અને માનસિકતા અનુસાર અનુભવીએ છીએ.

મારી માતાનો જન્મ ગુજરાતમાં મહેસાણાના વિસનગરમાં થયો હતો, જે મારા વતન વડનગરની નિકટ છે. તેમને તેમની પોતાની માતાનો પ્રેમ મળ્યો નહોતો. નાની વયે તેમણે મારાં નાનીને સ્પેનિશ ફ્લૂ મહામારીમાં ગુમાવી દીધાં હતાં. તેમને મારી નાનીનો ચહેરો પણ યાદ નથી. તેમની પાસે મારી નાનીમાના ખોળામાં પસાર થયેલી બાળપણની યાદો પણ નથી. મારા માતાએ તેમનું સંપૂર્ણ બાળપણ તેમની માતા વિના પસાર કર્યું હતું. આપણા બધાને જે લાડકોડ મળ્યાં છે, તેનો અનુભવ મારી માતા મેળવી શકી નહોતી.

મારી માતાને બાળપણ માણવા મળ્યું જ નહોતું – તેમને ઉંમર કરતાં વધારે પરિપક્વ થવાની ફરજ પડી હતી. તેમના પરિવારમાં તેઓ સૌથી મોટું સંતાન હતાં અને લગ્ન પછી અમારા પરિવારમાં તેઓ સૌથી મોટી વહુ બન્યાં હતાં. પોતાના બાળપણમાં તેમણે સંપૂર્ણ

પરિવારની જવાબદારી ઉઠાવી હતી અને તમામ પ્રકારની કામગીરી સારી રીતે પાર પાડતાં શીખી ગયાં હતાં. લગ્ન પછી પણ તેમણે અમારા પરિવારમાં તમામ જવાબદારીઓ ઉઠાવી લીધી હતી. ઘણી જવાબદારીઓ અને રોજિંદા સંઘર્ષો હોવા છતાં મારી માતાએ ધીરજ અને મક્કમ મનોબળ સાથે સંપૂર્ણ પરિવારને એકતાંતણે જોડી રાખ્યો છે.

અમારું કુટુંબ વડનગરમાં એક નાના ઘરમાં રહેતું હતું, જેમાં એક બારી પણ નહોતી. શૌચાલય કે બાથરૂમ જેવી સુખસુવિધાની વાત જ કેવી રીતે થાય! અમે અમારા ઘરને એક-રૂમનું ટેનામેન્ટ કહેતાં હતાં, જેમાં માટીની દીવાલો હતી અને છત પર નળિયાં હતાં. એવું હતું અમારું ઘર. તેમાં અમે બધાં - મારાં માતાપિતા, મારાં ભાઈબહેનો અને હું રહેતાં હતાં.

જેમ ઘડિયાળ સતત આગળ ચાલે, તેમ મારાં માતાપિતા તેમનું કર્તવ્ય અદા કરતાં મારા પિતા સવારે ચાર વાગ્યે કામ પર જવા નીકળી જતા હતા. માતા પણ એટલી જ ચીવટ ધરાવતાં હતાં. તેઓ પણ મારા પિતા સાથે જાગી જતાં હતાં અને સવારે જ ઘણાં કામ કરતાં હતાં. તેમને 'શિવાજીનું હાલરડું' પણ પસંદ હતું. માતાએ ક્યારેય અપેક્ષા રાખી નહોતી કે, અમે, બાળકો અમારો અભ્યાસ પડતો મૂકીને તેમના ઘરકામમાં મદદ કરીએ. તેમણે અમને ક્યારેય મદદ કરવાનું કહ્યું પણ નહોતું. જોકે તેમને મહેનત કરતાં જોઈને અમે તેમને મદદ કરવાની અમારી ફરજ ગણતાં હતાં.

અમારા ઘરનો ખર્ચ પૂર્ણ કરવા મારી માતા થોડાં ઘરોમાં વાસણો માંજવાનું કામ કરતાં હતાં. તેઓ અમારા કુટુંબની અતિ ઓછી આવકમાં પૂરક બનવા ચરખો ચલાવવા પણ સમય કાઢતાં હતાં. મને મારાં માતાની અન્ય એક વિશિષ્ટ ટેવ પણ યાદ આવે છે. તેઓ પાણી અને આમલીનાં બીજમાં જૂનાં કાગળ બોળીને ગુંદર જેવી લૂગદી બનાવતાં હતાં. તેઓ આ લૂગદી સાથે દીવાલ પર કાચના ટુકડા ચીપકાવીને સુંદર ચિત્રો બનાવતાં હતાં.

હું સ્વચ્છતાને લઈને માતાની ચીવટ પર



અનેક પ્રસંગો ટાંકી શકું છું. વળી તેમનો અન્ય એક ગુણ પણ કેળવવા જેવો છે - સ્વચ્છતા અને સાફસફાઈ કરતા લોકો પ્રત્યે સન્માનની ભાવના. મને યાદ છે કે, જ્યારે વડનગરમાં અમારા ઘરની લગોલગ નહેર સાફ કરવા કોઈ આવતું હતું, ત્યારે મારા માતા તેમને ચા પીવડાવ્યા વિના જવા ન દેતાં. અમારું ઘર સફાઈકર્મચારીઓ વચ્ચે કામ પછી ચા પીવા માટે જાણીતું હતું.

મારાં માતા અન્ય લોકોની ખુશીમાં રાજી થાય છે. અમારું ઘર નાનું લાગી શકે, પણ તેમનું હૃદય ઉદાર હતું. મારા પિતાના એક ગાઢ મિત્ર નજીકના ગામમાં રહેતા હતા. તેમનું અકાળે અવસાન થયા પછી મારા પિતા તેમના મિત્રના પુત્ર અબ્બાસને અમારા ઘરે લાવ્યાં હતાં. અબ્બાસ અમારી સાથે રહ્યા અને તેમનો અભ્યાસ પૂર્ણ કર્યો. મારા માતા જેટલો પ્રેમ પોતાનાં બાળકોને કરતાં એટલો જ પ્રેમ અબ્બાસને કરતાં અને તેની કાળજી રાખતાં. દર વર્ષે ઈદ પર તેઓ અબ્બાસની મનપસંદ વાનગીઓ બનાવતાં હતાં. તેઓ એક નાગરિક તરીકે તેમની ફરજો પ્રત્યે હંમેશાં જાગૃત છે. ચૂંટણીની શરૂઆત થઈ એ સમયથી તેમણે પંચાયતથી સંસદ સુધી એમ દરેક ચૂંટણીમાં મતદાન કર્યું છે

અગાઉ માતા ચાતુર્માસના નિયમોનું કડક રીતે પાલન કરતાં હતાં. તેઓ નવરાત્રિ દરમિયાન મારા પોતાના નિયમો સારી રીતે જાણે છે. હવે તેમણે મને કહેવાનું શરૂ કર્યું છે કે, મારે આ નિયમોમાં થોડી છૂટછાટ લેવી જોઈએ, કારણ કે હું આ નિયમોનું પાલન લાંબા સમયથી કરું છું.

મેં મારાં માતાને જીવનમાં કોઈ બાબતે ફરિયાદ કરતાં સાંભળ્યાં નથી. તેમણે ન કોઈના વિશે ફરિયાદ કરી છે, ન તેમણે કોઈની પાસે અપેક્ષા રાખી છે.

તેઓ હંમેશાં મને કહે છે 'મારે કોઈની સેવા જોઈતી નથી, હું કામ કરતી કરતી ભગવાનને ઘરે જવા ઈચ્છું છું.' મારાં માતાના જીવનમાં હું ધૈર્ય, ત્યાગ અને ભારતની માતૃશક્તિના પ્રદાનને જોઉં છું. જ્યારે હું મારાં માતા અને તેમના જેવી કરોડો મહિલાઓ પર નજર કરું છું, ત્યારે મને જણાય છે કે, ભારતીય નારીઓ માટે કશું અશક્ય નથી. અભાવની દરેક પીડાથી પર એક માતાનો સોનેરી સંઘર્ષ છે, દરેક સંઘર્ષથી પર એક માતાનો દૃઢ સંકલ્પ છે.

મા, તમને જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છા.

તમે જન્મશતાબ્દી વર્ષમાં પ્રવેશ કર્યો હોવાથી મારી શુભકામનાઓ.

હું અત્યાર સુધી તમારા જીવન વિશે આટલું લંબાણપૂર્વક લખવાનું સાહસ કરી શક્યો નથી.

હું તમારા સ્વાસ્થ્ય અને સુખાકારી માટે ઈશ્વરને પ્રાર્થના કરું છું અને અમારા બધા પર તમારા આશીર્વાદ રહે એવી કામના સેવું છું.

હું તમારાં ચરણોમાં વંદન કરું છું. ●

# ગુજરાત ગૌરવ અભિયાનનો આરંભ
# રાજ્યને રૂ. 21 હજાર કરોડનાં વિકાસકામોની ભેટ આપતા PM

૨૧મી સદીમાં ભારતના ઝડપી વિકાસ માટે મહિલાઓના સર્વાંગી વિકાસ સાથે સશક્તીકરણ જરૂરી છે. મહિલાઓની આશા, અપેક્ષાઓ અને આકાંક્ષાઓને ધ્યાનમાં રાખીને તેમના માટે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી, નિર્ણયો કરી તેમના પસંદગીના ક્ષેત્રમાં કામ કરવાના તમામ દરવાજા ખોલી દીધા અને હવે અનેક નવાં ક્ષેત્રો નારીશક્તિને પોંખવા આતુર છે. ડબલ એન્જિનની સરકારના સુશાસનના છેલ્લાં આઠ વર્ષમાં નારીશક્તિના સામર્થ્યને ભારતના વિકાસની ધૂરી બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, તેમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં વડોદરા ખાતે ગુજરાત ગૌરવ અભિયાનનો આરંભ કરાવતાં જણાવ્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગુજરાતમાં રેલવેના વિવિધ રૂ. ૧૬,૩૬૯ કરોડના ૧૮ પ્રોજેક્ટ તથા મધ્ય ગુજરાતના પાંચ જિલ્લામાં વિવિધ વિભાગોના રેલવે સહિતના કુલ રૂ. ૨૧ હજાર કરોડના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ - ખાતમુહૂર્ત અને ભૂમિપૂજન કર્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સગર્ભાઓ તેમજ મહિલાઓના પોષણની કાળજી લઈને આરોગ્ય સાચવનારી મહિલા અને બાળ કલ્યાણ વિભાગની સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ રાજ્ય સરકારની 'મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના' અને રાજ્યના ૧૪ આદિજાતિ વિસ્તારોમાં 'પોષણ સુધા યોજના'નો શુભારંભ કરાવ્યો હતો. વડાપ્રધાનશ્રીએ આ નવીનતમ યોજનાના લાભાર્થીઓને પોષણ કિટનું વિતરણ કરવા સાથે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને તેમના ઘરની ચાવી અર્પણ કરવામાં આવી હતી.





આ સાથે, વડાપ્રધાનશ્રીએ વડોદરા નજીક કુંઢેલામાં સ્થાપિત થનારા ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના પરિસર નિર્માણનો શિલાન્યાસ તથા વડોદરા ખાતે NAIR કેમ્પસમાં આકાર લેનારા ગતિશક્તિ વિશ્વવિદ્યાલય ભવનના નિર્માણ સહિત વિવિધ રેલ પથ નિર્માણનાં કામોનો ઈ-શિલાન્યાસ કર્યો હતો.

આ કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, આજનો દિવસ મારા માટે માતૃવંદનાનો દિવસ છે. સવારે જન્મદાત્રી માતાના આશીર્વાદ લીધા બાદ પાવાગઢમાં જગતજનની મા મહાકાળીના આશીર્વાદ લીધા અને હવે મને પ્રચંડ માતૃશક્તિનાં દર્શન કરવાનું સૌભાગ્ય મળ્યું છે. મહાકાળી માતાજી પાસે મેં દેશની સુખ, શાંતિ અને સમૃદ્ધિ ઉપરાંત આ અમૃતકાળમાં ભારતનો સ્વર્ણિમ વિકાસ થાય એવી પ્રાર્થના કરી છે. તેમણે ઉમેર્યું હતુ કે, મહિલાલક્ષી યોજનાઓના અસરકારક અમલ દ્વારા મહિલાઓની સમસ્યાઓ ઓછી કરવામાં આવી છે. માતાઓ, બહેનો, દીકરીઓનું જીવન આસાન બને અને તેમને તમામ ક્ષેત્રમાં સમાન તક મળે એ બાબત અમારી સરકારની પ્રાથમિકતા છે.

તેમણે કહ્યું કે, ગુજરાતને મળેલા રૂ. ૨૧ હજાર કરોડના વિકાસ પ્રકલ્પો ગુજરાતના વિકાસથી ભારતના વિકાસની પ્રતિબદ્ધતાને બળ આપશે, એટલું જ નહીં, આવાસ, ઉચ્ચ શિક્ષણ અને માર્ગજોડાણથી ગુજરાતના ઔદ્યોગિક વિસ્તારનો વ્યાપ વધશે અને યુવાનો માટે અનેક પ્રકારની સ્વરોજગારી તથા રોજગારીના અવસરો પૂરા પાડનારા બની રહેશે.

ગુજરાતની મહિલાઓના સ્વસ્થ માતૃત્વ






તંદુરસ્ત બાળપણ માટે ગુજરાત સરકારે રૂ. ૮૧૧ કરોડના ખર્ચે મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના અમલમાં મૂકી ગર્ભાવસ્થા દરમિયાન મહિલાઓને યોગ્ય પોષણ મળી રહે તે બાબત સુનિશ્ચિત કરી છે. પોષણ સુધા યોજનાનો વ્યાપ વધારીને ગુજરાતના તમામ ૧૪ આદિવાસી જિલ્લાને આવરી લેવામાં આવ્યા છે, જેમાં ગર્ભવતી મહિલાઓને બપોરનું ભોજન સરકાર તરફથી આપવામાં આવશે અને જે ભાવિ પેઢીને સશક્ત બનાવશે. આ માટે ગુજરાત સરકારને અભિનંદન આપવા ઘટે.

બે દાયકા પહેલાં ગુજરાતમાં જે કુપોષણની સમસ્યા હતી, તેને નાબૂદ કરવામાં સરકારની યોજનાઓ અસરકારક રહી હોવાનો સગૌરવ ઉલ્લેખ કરતાં વડાપ્રધાન શ્રી મોદીએ જણાવ્યું કે, માત્ર યોજનાઓનો અમલ જ નહીં, પણ મહિલાઓ માટે યોગ્ય વાતાવરણનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે. ગુજરાતે કુપોષણની સમસ્યાને કેન્દ્રમાં રાખીને દૂધસંજીવની યોજના, આયોડાઈઝ્ડ નમક, ટેક હોમ રાશન, પૂર્ણા યોજના, ફોર્ટીફાઈડ આટા થકી મહિલાઓ અને તેમનાં બાળકોને સુપોષિત કરવામાં આવ્યાં છે. તેના અસરકારક અમલ બદલ ગુજરાતને નાગરિક સેવાનો એવોર્ડ મળ્યો છે અને દેશ માટે નવો રાહ આપ્યો છે.

આ યોજનાની વિસ્તૃત ભૂમિકા આપતાં શ્રી મોદીએ કહ્યું કે, ગુજરાતમાં આંગણવાડીનાં ૧૪ લાખ બાળકોને ફોર્ટીફાઈડ આટો, ૧૪થી ૧૮ વર્ષની બાર લાખ કિશોરીઓને પૂર્ણા યોજનાનો લાભ આપી ઉત્તમ પોષણયુક્ત પૂરક આહાર પૂરો પાડવામાં આવ્યો છે. પોષણ સુધા યોજનાઓના પ્રાયોગિક અમલમાં મળેલાં સકારાત્મક પરિણામોને ધ્યાને રાખીને ગુજરાત સરકાર દ્વારા રાજ્યના તમામ ૧૪ આદિવાસી જિલ્લાઓમાં તેનો અમલ કરવામાં આવ્યો છે, જેનો લાભ રાજ્યની ૧.૩૬ લાખ મહિલાઓને મળશે. ઈ-મમતા પ્રોજેક્ટમાં ટેક્નોલોજીનો વિનિયોગ કરી મહિલાઓ અને બાળકોના સ્વાસ્થ્યનું એપ્લિકેશન મારફત સમયસર નિરીક્ષણ કરવામાં આવે છે. ગુજરાતમાં ૧૨ લાખ સહિત દેશમાં ૧૧.૫૦ કરોડ આંગણવાડી કાર્યકરો અને આશાવર્કરોને ઉપકરણો આપવામાં આવ્યાં છે. આ બાબતે જાગૃતિ આવે એ માટે સપ્ટેમ્બર માસને પોષણ માહ તરીકે મનાવવામાં આવે છે.



મહિલાઓને યોગ્ય વાતાવરણ પણ મળી રહે તેનો પણ સરકાર દ્વારા ખ્યાલ રાખવામાં આવે છે, તેમ કહેતા વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું કે, મહિલાઓને રાંધણગેસ આપીને ધુમાડામાંથી મુક્તિ આપવામાં આવી છે. નળથી જળ આપીને મહિલાઓને માથેથી બેડાંનો ભાર ઉતારવાનું કામ પણ અમે કર્યું છે. ઘરે ઘરે શૌચાલયો બનાવી મહિલાઓને સન્માન આપ્યું છે. પ્રધાનમંત્રી માતૃવંદના યોજના હેઠળ ગુજરાતમાં ૯ લાખ મહિલાઓને રૂ. ૪૦૦ કરોડનો લાભ આપવામાં આવ્યો છે.

ગુજરાતમાં વર્ષોથી આદિવાસી પરિવારો સીકલસેલ એનિમિયાથી પીડાતા હતા. ગુજરાતમાં અનેક સરકારો આવી, પણ આ બીમારીની અવગણના કરવામાં આવતી હતી, પણ તેને દૂર કરવા અમે બીડું ઉપાડ્યું છે અને સીકલસેલ સોસાયટીની રચના કરી તેના માટે સંશોધન હાથ ધરવામાં આવ્યું છે.

મહિલાઓના સશક્તીકરણ માટે પંચાયતી રાજ સંસ્થાઓમાં તેમના માટે ૫૦ ટકા બેઠકો અનામત રાખવામાં આવી છે, તેનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાનશ્રીએ એમ પણ કહ્યું કે, મિશન મંગલમ્ હેઠળ ગુજરાતમાં ૨.૬૦ લાખ સખીમંડળો સાથે ૨૬ લાખ નારીશક્તિને સાંકળવામાં આવી છે, જેમાં આદિવાસી, ગરીબ, વંચિત મહિલાઓ જોડાઈ પગભર બની તેમને આર્થિક તાકાત મળતાં અર્થવ્યવસ્થામાં પણ ભાગીદાર બની છે. મહિલાઓને વધુ આર્થિક સક્ષમ બનાવવા માટે સખીમંડળોને મળતી લોનની મર્યાદા રૂ. ૧૦ લાખથી વધારીને રૂ. ૨૦ લાખ કરવામાં આવી છે. મુદ્રા યોજના હેઠળ લોન મેળવનારામાં ૭૦ ટકા જેટલી મહિલાઓનો સમાવેશ થાય છે.




વડાપ્રધાનશ્રીએ માતૃશક્તિને ભાવપૂર્ણ રીતે કહ્યું કે, ૧.૪૧ લાખ ગરીબ પરિવારોનું ઘરના ઘરનું સપનું સાકાર થયું છે. પહેલાં મહિલાઓના નામે કાણી પાઈની પણ સંપત્તિ નહોતી, પણ તમારો એવો દીકરો બેઠો છે, જેણે આવાસો આપીને ગુજરાતમાં મહિલાઓના નામે એક વર્ષમાં રૂ. ૩૦૦૦ કરોડની સંપત્તિ કરી છે. ગુજરાતમાં ૧૦.૫૦ લાખ શહેરી ગરીબો અને ૭.૫૦ લાખ ગ્રામીણ ગરીબો તેમજ ૪.૫ લાખ મધ્યમ વર્ગના પરિવારોને આવાસો પૂરા પાડ્યા છે. શહેરોમાં સસ્તા દરે ઘરો ભાડે આપવાની યોજનામાં ગુજરાત અગ્રેસર છે. નાનો ધંધો કરતા વેપારીઓને વ્યાજના ચક્રમાં ના ફસાવું પડે એ માટે પીએમ સ્વનિધિ યોજના હેઠળ શેરી ફેરિયાઓને બેન્ક લોન આપવામાં આવી રહી છે.

રેલવેના વિવિધ પ્રોજેક્ટ્સ ગુજરાતના વિકાસની ગતિને બળ આપશે તેમ કહેતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉમેર્યું કે, આ પ્રોજેક્ટ કાર્યાન્વિત થતાં ગુજરાતનાં બંદરો સાથે કનેક્ટિવિટી વધશે અને તેનાથી આર્થિક ગતિવિધિ વધવાની સાથે સ્થાનિક રોજગારીનું

## GCUના નવા કેમ્પસની વિશેષતાઓ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડોદરાને કેન્દ્રીય યુનિવર્સિટીના રૂપમાં મોટી ભેટ આપી છે. આ યુનિવર્સિટીના નવા કેમ્પસનું વડાપ્રધાનશ્રીએ ભૂમિપૂજન કર્યું હતું. આ કેમ્પસમાં એકસાથે 2500 વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ શકશે. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં આવેલી સેન્ટ્રલ યુનિવર્સિટીનું નવું કેમ્પસ વડોદરા નજીક ડભોઈ તાલુકાના કુંઢેલા ગામમાં રૂપિયા 743 કરોડના ખર્ચે બનાવવામાં આવશે. રાજ્ય સરકારે આ પ્રોજેક્ટ માટે 100 એકર જમીન ફાળવી છે. ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. રમાશંકર દુબેએ આ પ્રોજેક્ટ વિશે જણાવ્યું હતું કે, 'ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીનું આ નવું કેમ્પસ સંપૂર્ણપણે રહેણાક, ગ્રીન કેમ્પસ અને આધુનિક સુવિધાઓથી સજ્જ હશે, જ્યાં અઢી હજાર વિદ્યાર્થીઓ એકસાથે અભ્યાસ કરી શકશે. યુનિવર્સિટીના નવા કેમ્પસનો મુખ્ય દરવાજો ગુજરાત રાજ્યની સમૃદ્ધ સંસ્કૃતિના પ્રતીક સમાન છે. આ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો ડિસેમ્બર 2023માં પૂર્ણ થશે.' ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પ્રો. એચ. બી. પટેલે આ પ્રોજેક્ટ વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે, 'યુનિવર્સિટીના નવા કેમ્પસમાં 5 મુખ્ય શૈક્ષણિક બ્લોક્સ હશે, જેમાં સ્કૂલ ઓફ કેમિકલ સાયન્સ, લાઈફ સાયન્સ, નેનો સાયન્સ, એન્વાયર્નમેન્ટલ એન્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ, એપ્લાઈડ મટીરિયલ્સ સાયન્સ, રાષ્ટ્રીય સુરક્ષા, આંતરરાષ્ટ્રીય સંબંધ અને પ્રવાસી અધ્યયન જેવા વિશેષ વિષયોને આવરી લેવામાં આવશે. પ્રયોગશાળાઓ અને તમામ લેકચર હોલ આંતરરાષ્ટ્રીય કક્ષાનાં અને આધુનિક સાધનોથી સજ્જ હશે.'

## મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યભરમાં 'મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના' (MMY)નો શુભારંભ કરાવ્યો હતો. આ સાથે જ રાજ્યના તમામ આદિજાતિ તાલુકાઓમાં 'પોષણ સુધા યોજના'નું પણ લોન્ચિંગ કરવામાં આવ્યું, આ યોજના હેઠળ આદિજાતિ વિસ્તારની મહિલાઓને આવરી લેવામાં આવી છે.



**શું છે મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના? :** માતાનું નબળું પોષણ સ્તર ગર્ભમાં રહેલા બાળકના વિકાસને અવરોધે છે, જે આગળ જતાં બાળકના નબળા આરોગ્યમાં પરિણમે છે. સગર્ભા માતાઓમાં કુપોષણ અને પાંડુરોગ બાળકના વૃદ્ધિ અને વિકાસ પર ગંભીર અસર કરે છે. મહિલા ગર્ભ ધારણ કરે તેના ૨૭૦ દિવસ અને બાળકના જન્મથી ૨ વર્ષ સુધીના ૭૩૦ દિવસ, એટલે કે કુલ ૧,૦૦૦ દિવસના સમયગાળાને 'ફર્સ્ટ વિન્ડો ઓફ ઓપોર્ચ્યુનિટી' કહેવામાં આવે છે, જે સમય દરમિયાન માતા અને બાળકનું પોષણ સ્તર સુદૃઢ બનાવવું જરૂરી છે. આ બાબતના મહત્ત્વને સમજીને ભારત સરકારના 'પોષણ અભિયાન' અંતર્ગત માતા અને બાળકના આ ૧,૦૦૦ દિવસ ઉપર ફોકસ કરવાનું જણાવવામાં આવ્યું છે. આ તબક્કા દરમિયાન માતાના આહારમાં અન્ન અને પ્રોટીન, ફેટ તેમજ અન્ય સૂક્ષ્મ પોષકતત્ત્વો ઉપલબ્ધ થાય તે ખૂબ અગત્યનું છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા આ ૧,૦૦૦ દિવસ દરમિયાન સગર્ભા અને પ્રસૂતા માતાઓને પોષણયુક્ત આહાર પૂરો પાડવાના ઉદ્દેશથી 'મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના' મંજૂર કરવામાં આવી છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં તમામ પ્રથમ સગર્ભા અને પ્રથમ પ્રસૂતા માતા તથા આરોગ્ય વિભાગના સોફ્ટવેરમાં સગર્ભા તરીકે અથવા જન્મથી બે વર્ષના બાળકની માતા તરીકે નોંધાયેલા લાભાર્થીઓ આ યોજનાનો લાભ લઈ શકે છે. આ યોજના અંતર્ગત દરેક લાભાર્થીને દર મહિને આંગણવાડી કેન્દ્ર પરથી રાશન તરીકે બે કિલો ચણા, એક કિલો તુવેરદાળ અને એક લિટર સીંગતેલ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ યોજનાથી માતા અને બાળકના પોષણની સ્થિતિમાં સુધારો થશે.

સર્જન થશે. કનેક્ટિવિટી વધતાં આજે કચ્છની કેરી વિદેશમાં પહોંચી છે, તે સફળ ઉદાહરણ છે.

દેશની પહેલી રેલવે ઇન્સ્ટિટ્યૂટ વડોદરામાં હતી. હવે તે ભારતીય ગતિશક્તિ યુનિવર્સિટીમાં રૂપાંતરિત કરવામાં આવી છે. દેશભરના વિદ્યાર્થીઓને તેનો લાભ મળશે અને પીએમ ગતિશક્તિ યોજનાના વિવિધ પ્રોજેક્ટ અને સંશોધનકાર્યો અહીં હાથ ધરાશે. વડોદરાને હવે એમ. એસ. યુનિવર્સિટી સાથે સ્પોર્ટ યુનિવર્સિટી તથા સેન્ટ્રલ યુનિવર્સિટી પણ મળી રહી છે. આદિવાસી વિસ્તાર એવા ગોધરાને ગોવિંદ ગુરુ યુનિવર્સિટી અને નર્મદાને બિરસા મુંડા યુનિવર્સિટી આપીને આ વિસ્તારમાં શિક્ષણની નવી દિશા ખોલવામાં આવી છે.

સરકાર, સહકાર અને પરોપકારની વિશેષતા અને જનભાગીદારીથી ગુજરાતે વિકાસની નૂતન યોજનાઓ અમલમાં મૂકી છે, જે ભાવિ પેઢીને ઉત્તમ બનાવશે અને ગુજરાત વિકાસની નવી ઊંચાઈઓ હાંસલ કરશે. જનશક્તિના આશીર્વાદથી અમે દેશને નવી ઊંચાઈઓ સુધી લઈ જવામાં કોઈ પાછી પાની નહીં કરીએ. વડાપ્રધાનશ્રીએ માતૃશક્તિ, મા ભારતીની સેવા કરવાનું સામર્થ્ય આપે એવી અપેક્ષા પણ વ્યક્ત કરી હતી.



વડોદરા સાથેનાં સંસ્મરણો વાગોળતાં ભાવુક થયેલા વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, વડોદરા માતૃશક્તિના ઉત્સવ માટે યોગ્ય શહેર છે. વડોદરા માની જેમ સંસ્કાર આપે છે, એટલે જ આ શહેર સંસ્કારી નગરી છે. આ નગર પ્રેરણાનું નગર છે. સ્વામી વિવેકાનંદ, મહર્ષિ અરવિંદ, વિનોબા ભાવે અને બાબાસાહેબ આંબેડકર જેવા મહાપુરુષોને આ શહેરે પ્રેરિત કર્યા છે. સ્વામી વિવેકાનંદ સાથે સંકળાયેલું સ્મારક દિલારામ બંગલો રામકૃષ્ણ મિશનને અર્પણ કરવાનું સૌભાગ્ય મને મળ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આઝાદીના અમૃત પર્વે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ભારતના સુવર્ણકાળનું પ્રભાત આપણે સૌ જોઈ રહ્યા છીએ. ભારતની આગામી સુવર્ણ યાત્રામાં

ગુજરાતે ગ્રોથ એન્જિનની ભૂમિકા વધુ તેજ ગતિથી અદા કરવાની છે. વર્તમાન સમયે ગુજરાતને ડબલ એન્જિનની સરકારનો લાભ મળી રહ્યો છે, ગુજરાત ગૌરવ અભિયાન કાર્યક્રમ તે વાતનું મોટું ઉદાહરણ છે, એમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે કહ્યું હતું કે, અંત્યોદયથી સર્વોદયનું લક્ષ્ય સાધી સૌને વિકાસની મુખ્યધારામાં સામેલ કરવાનો વડાપ્રધાનશ્રીનો સતત પ્રયાસ રહ્યો છે, વડાપ્રધાનશ્રીએ સેવા, સુશાસન, ગરીબ કલ્યાણ, નવીનતા અને દૃઢનિશ્ચય, આ પંચ-સિદ્ધાંત પર કામ કરીને છેલ્લાં આઠ વર્ષથી દેશની જનતાને સુશાસનની અનુભૂતિ કરાવી છે. ગુજરાતને આ લાભ છેલ્લાં ૨૦ વર્ષથી મળી રહ્યો છે અને વિશ્વભરમાં ગુજરાતનું ગૌરવ વધી રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નવતર વિકાસની જે પહેલ કરી હતી તેમજ સૌના સાથ, સૌના વિકાસની જે નીતિ-રીતિ અપનાવી હતી, તેનાથી ગુજરાતે અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. ગુજરાતનું ગૌરવ વધારનારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ હવે મા ભારતીનું ગૌરવ વિશ્વસ્તરે વધારી રહ્યા છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર નવા ભારતની શિલ્પકાર બની છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત ગૌરવ અભિયાનના બીજા તબક્કામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે જનતાને સમર્પિત થનારા આવાસ, ઊર્જા, પાણી, રોડ-રસ્તા, રેલવે, શહેરી-સુવિધા અને શિક્ષણ ક્ષેત્રને લગતાં વિવિધ વિકાસકામોની વિસ્તૃત વિગતો આપી હતી.

સતત વિકાસનાં કાર્યો, વિકાસની વાત, અને વિકાસની રાજનીતિ એ વડાપ્રધાનશ્રીના સ્વભાવમાં વણાયેલાં છે તેવો મત મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાનશ્રીએ કંડારેલા માર્ગ પર ચાલીને ગુજરાતનું ગૌરવ વધુ નવી ઊંચાઈએ લઈ જવાનું આહ્વાન તેમણે કર્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય રેલવે રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશ, કેન્દ્રીય સંચાર રાજ્યમંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણ, સાંસદ શ્રી સી. આર. પાટીલ, મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, પાણીપુરવઠા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, માર્ગ મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર, ગ્રામવિકાસમંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણ, રાજ્યમંત્રી સર્વ શ્રીમતી મનીષાબહેન વકીલ, શ્રી બ્રિજેશકુમાર મેરજા,

## વડાપ્રધાનશ્રીએ આપેલી વિકાસકાર્યોની ભેટનાં જિલ્લે- જિલ્લે વધામણાં

'ગુજરાત ગૌરવ અભિયાન' કાર્યક્રમ અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વડોદરામાં રૂ. ૨૧,૦૦૦ કરોડના રેલવે, આવાસ અને અન્ય માળખાકીય સુવિધાઓના પ્રકલ્પોનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ સંપન્ન કર્યાં, જેમાં વિવિધ જિલ્લામાં લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો તેમજ તેમની સાથે સંવાદ કર્યો હતો, જેમાં નવસારીથી આદિજાતિ વિકાસમંત્રી શ્રી નરેશભાઈ પટેલ, કચ્છથી ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી તથા રાજકોટથી વાહનવ્યવહાર રાજ્યમંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી જોડાયા હતા.

નવસારી ખાતેના કાર્યક્રમમાં આદિજાતિ વિકાસમંત્રી શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે ગરીબોને રહેવા માટે આવાસનું નિર્માણ કરી જરૂરી સાધનસહાય આપી આર્થિક ઉત્થાન માટે ભગીરથ કાર્ય સરકાર કરી રહી છે. ગરીબોના વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી ગરીબોને સ્વમાનભેર જીવન જીવવા પ્રોત્સાહિત કર્યા છે. સરકારની યોજનાઓના લાભથી કોઈ વંચિત ન રહે એ માટે આપણે નિમિત્ત બનવું જોઈએ, સાથે સરકારની યોજનાનો લાભ લેવા તેમણે અનુરોધ કર્યો હતો. આ અવસરે ધારાસભ્ય શ્રી પીયૂષભાઈ દેસાઈ, અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

**કચ્છ :** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કચ્છ જિલ્લાને આપેલી વિકાસની ભેટ ખેડૂતો માટે ઉપયોગી નીવડશે. વડાપ્રધાનશ્રીએ કચ્છમાં દેશના એકમાત્ર રૂ. ૨૨૦ કરોડના ખર્ચે નિર્મિત રેલવે એન્જિન જાળવણી કેન્દ્ર ગાંધીધામ રેલવે સ્ટેશનના લોકોમોટિવ મેઈન્ટેનન્સનું ઈ-લોકાર્પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં વિધાનસભાનાં અધ્યક્ષા ડૉ. નીમાબહેન આચાર્યે જણાવ્યું હતું કે, સર્વાંગી વિકાસના અભિયાનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો પ્રયાસ, સૌનો





શ્રી જિતુભાઈ ચૌધરી, શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી વિનોદભાઈ મોરડિયા, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, પદાધિકારીઓ, વરિષ્ઠ સચિવો સહિત વિશાળ સંખ્યામાં પ્રચંડ માનવમહેરામણ સહિત નારીશક્તિ ઉપસ્થિત રહી હતી.

### આદિજાતિ તાલુકાઓ માટે પોષણ સુધા યોજના

સ્ત્રીના જીવનમાં સગર્ભા અને ધાત્રી અવસ્થા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. માતાના ગર્ભમાં રહેલા શિશુ માટે તેમજ જન્મ બાદ તેને સ્તનપાન કરાવવા માટે માતાને વધુ પ્રમાણમાં પોષણની જરૂરિયાત રહે છે. આ જરૂરિયાતને પહોંચી વળવા માટે રાજ્ય સરકારે પ્રાયોગિક ધોરણે 'પોષણ સુધા યોજના' ગુજરાતના આદિજાતિ વિસ્તારના દાહોદ, વલસાડ, મહીસાગર, છોટાઉદેપુર અને નર્મદા



મળી કુલ પાંચ જિલ્લાના ૧૦ તાલુકાઓમાં અમલી બનાવાઈ હતી. હવે તેનું વિસ્તરણ કરીને રાજ્યના તમામ ૧૪ આદિજાતિ જિલ્લાઓના કુલ ૧૦૬ તાલુકાઓમાં આ યોજના અમલી બનાવવામાં આવશે.

આ યોજના અંતર્ગત આંગણવાડી ઉપર નોંધાયેલી સગર્ભા અને ધાત્રી માતાઓને એક વખતનું સંપૂર્ણ પોષણક્ષમ ભોજન આપવામાં આવે છે. આ સાથે આયર્ન અને કેલ્શિયમની ગોળીઓ તેમજ આરોગ્ય અને પોષણ અંગે શિક્ષણ આપવામાં આવે છે. યોજનાના મોનિટરિંગ અને રિવ્યુ માટે વિશેષ મોબાઈલ એપ્લિકેશન પણ બનાવવામાં આવી છે. ચાલુ વર્ષમાં આ યોજના માટે રૂ. ૧૧૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, જે હેઠળ દર મહિને અંદાજિત ૧.૩૬ લાખ લાભાર્થીઓને આવરી લેવામાં આવશે.

રાજ્યની માતાઓ અને બાળકોના પોષણની સ્થિતિમાં સુધાર લાવવા માટે અને એક સુદૃઢ અને તંદુરસ્ત સમાજની રચના કરવા માટે ગુજરાત સરકારનો મહિલા અને બાળ વિકાસ વિભાગ સતત પ્રયત્નશીલ છે. ●

વિશ્વાસને સાર્થક કરવામાં આપણે સહયોગ કરીએ.

આ તકે ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, કચ્છ જિલ્લામાં પાંચ હજાર નાગરિકોને પ્રધાનમંત્રી આવાસ યોજનાથી પોતાનું ઘર મળશે તેમજ રાજ્યની મહિલા અને બાળકો પોષણ મેળવી સ્વસ્થ બનશે. જરૂરતમંદો માટે આજનો દિવસ સોનાનો બની રહેશે. વિવિધ યોજનાઓના લાભ લઈ સૌ સર્વાંગી વિકાસ કરીએ, ગુજરાત ગૌરવના ભાગીદાર બનીએ. આ કાર્યક્રમમાં સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, ધારાસભ્યો સર્વશ્રી વીરેન્દ્રસિંહ જાડેજા, વાસણભાઈ આહિર અને માલતીબહેન મહેશ્વરી તેમજ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**રાજકોટ :** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત ગૌરવ અભિયાન અંતર્ગત રાજકોટ જિલ્લાને વિકાસના ઘણા પ્રકલ્પોની ભેટ આપી હતી, જેમાં વિવિધ કેટેગરીના ૧૮૦૮ આવાસોનું લોકાર્પણ, ૧૦૪૨ આવાસોના ડ્રો, બી.એલ.સી. હેઠળ રૂ. ૧૭.૦૪ કરોડના ખર્ચે નિર્માણ પામેલા ૪૮૭ આવાસોના ગૃહપ્રવેશ, એ.એચ.પી હેઠળ રૂ. ૧૬૬.૮૩ કરોડના ખર્ચે નિર્માણ પામેલા ૧૯૮૨ આવાસોનું લોકાર્પણ તથા બી.એલ.સી. હેઠળ રૂ. ૩૩.૯૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલા ૯૭૦ આવાસોની ચાવી લાભાર્થીઓને આપી તેમનો ગૃહપ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં વાહનવ્યવહારમંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણીએ જણાવ્યું હતું કે, વર્તમાન કેન્દ્ર સરકારે માત્ર ચર્ચાઓ અને વાયદાઓ નહીં, પરંતુ નક્કર કામ કરીને બતાવ્યું છે. જનતા વચ્ચે જઈને જનતાએ સોંપેલાં કામોને પૂરાં કરીને તેમની સુખસુવિધામાં વધારો કર્યો છે. આ કાર્યક્રમમાં સાંસદસભ્ય શ્રી રામભાઈ મોકરિયા, ધારાસભ્ય સર્વશ્રી ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠિયા સહિતના અધિકારીઓ - પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●





## શક્તિપીઠ પાવાગઢમાં પાંચસો વર્ષ બાદ

# મા કાલિકાના મંદિરના સુવર્ણ શિખર ઉપર ધ્વજારોહણ



51 શક્તિપીઠ પૈકીની એક મા કાલિકાના ધામ પાવાગઢમાં પાંચ સદી બાદ મંદિરના સુવર્ણ શિખર પર ધ્વજારોહણ કરવામાં આવ્યું. આ ધ્વજારોહણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, સદીઓ બાદ શિખર પર ધજા લહેરાઈ છે. આ શિખર ધ્વજ માત્ર આસ્થાનું પ્રતીક નથી... પણ સદીઓ બદલાય છે, યુગ બદલાય છે, પણ આસ્થાનું શિખર શાશ્વત રહે છે તેનું પ્રતીક છે. અયોધ્યા, કાશી કે કેદારનાથ હોય, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ધરોહર ફરીથી જીવંત થઈ રહીં છે. પોતાની પ્રાચીન ઓળખને પણ ઉમંગથી જીવી રહ્યા છે. દરેક ભારતીય તેના પર ગર્વ કરે છે. આ આધ્યાત્મિક સ્તર નવી શક્યતાઓના સ્રોત બની રહ્યા છે. પાવાગઢના મંદિરનું પુનઃ નિર્માણ આ ગૌરવયાત્રાનો હિસ્સો છે.

વડાપ્રધાનશ્રીએ શક્તિપીઠ પાવાગઢ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં સુવર્ણ શિખર ઉપર ધ્વજારોહણ પ્રસંગે જણાવ્યું હતું કે, સદીઓ પછી મા કાલિકાના મંદિર પર ધ્વજારોહણનો આ અવસર આપણે સૌને નવી પ્રેરણા અને ઊર્જા તો આપે છે, પરંતુ સાથે સાથે અધ્યાત્મની આપણી મહાન પરંપરાને સમર્પિત ભાવથી જીવવા પ્રેરિત પણ કરે છે. વર્ષો પહેલાં સ્વામી વિવેકાનંદે પણ મહાકાળીના આશીર્વાદ મેળવી પ્રભુસેવાથી પ્રજાસેવાનો માર્ગ કંડાર્યો હતો, એ જ રીતે મહાકાળીએ આપણને ઊર્જા-ત્યાગ-સમર્પણ સાથે દેશના જન-જનનો સેવક બનીને સેવા કરવાના આશીર્વાદ મને આપ્યા છે.

આ પ્રસંગે માતાના દરબારથી સંતોને સંબોધન કરતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે, આજે અનેક વર્ષો બાદ પાવાગઢ મહાકાળીનાં ચરણોમાં આવીને કેટલીક પળો વિતાવવાનું, આશીર્વાદ પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય મને મળ્યું છે. મારું જીવન ધન્ય થઈ ગયું. સપનું સંકલ્પ બનતું હોય અને તે સિદ્ધ થતું હોય તો આનંદ થાય છે. આજની પળ મારા અંતરમનને વિશેષ આનંદ આપે છે.

## આવો, પાવાગઢમાં થયેલાં વિકાસકાર્યોની માહિતી મેળવીએ...

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢની મુલાકાત લઈને નવનિર્મિત થયેલા નવા મંદિરને જનસમર્પિત કર્યું હતું. પંદરમી સદીમાં પાવાગઢ ઉપર ચઢાઈ થયા બાદ પાંચસો વર્ષોથી મંદિરનું શિખર જર્જરિત થઈ ગયું હતું. આ શિખરને હવે નવાં રંગરૂપ સાથે આધુનિક શૈલીથી તૈયાર કરવામાં આવ્યું છે. સૌપ્રથમ પાવાગઢ પર્વતની ટોચ વિશાળ કરી મોટા પરિસરનો પાયો બનાવવામાં આવ્યો, ત્યારબાદ પરિસરના પહેલા તથા બીજા માળે આનુષંગિક સુવિધાઓ ઊભી કરવામાં આવી.

કાલિકા માતાજીના ગર્ભગૃહમાં મૂળ સ્થાપન યથાવત્ રાખીને સંપૂર્ણ મંદિર નવું બનાવી મુખ્ય મંદિર અને ચોકને વિશાળ બનાવવામાં આવ્યા છે. માતાજીના જૂના મંદિરમાં જ્યાં શિખરની જગ્યાએ દરગાહ હતી તે સમજાવટથી અલગ કરી નવું શિખર બનાવવામાં આવ્યું છે, જેના પર ધ્વજદંડક પુનઃ સ્થાપિત કરવામાં આવ્યો છે. હાલ મંદિરમાં ભક્તોની સુવિધા માટે વિશ્રામગૃહ, પીવાનું શુદ્ધ પાણી, નવા અને સુવિધાસભર શૌચાલય સાથે જ સ્ટ્રીટ લાઇટની સુવિધા ઊભી કરવામાં આવી છે. સાથે જ મંદિરનાં પહેલાંનાં જૂનાં અને ઊબડ-ખાબડ પગથિયાંની જગ્યાએ મોટાં અને સુવ્યવસ્થિત પગથિયાંનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે. માંચીથી રોપ-વેના અપરસ્ટેશન સુધી 2200 પગથિયાં અને અપરસ્ટેશનથી દૂધિયા તળાવ થઈને માતાજીના મંદિર સુધીનાં 500 પગથિયાંનું નવનિર્માણ કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે મંદિરના જિર્ણોદ્ધારનું કાર્ય અંદાજિત રૂ. 12 કરોડના ખર્ચે ટ્રસ્ટ દ્વારા સંપન્ન કરવામાં આવ્યું છે તો મંદિર સિવાયના સમગ્ર સંકુલનાં વિકાસકામો માટે કરવામાં આવેલા અંદાજિત રૂ. 125 કરોડના ખર્ચ પૈકી 70 ટકા ગુજરાત સરકારના પવિત્ર યાત્રાધામ બોર્ડ દ્વારા અને 30 ટકા ખર્ચ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યો છે. ●

પાંચ શતાબ્દી પછી મહાકાળીના શિખર પર ધજા ચઢી છે. આ પળ આપણને પ્રેરણા આપે છે, ઊર્જા આપે છે, અને મહાન પરંપરા અને સંસ્કૃતિ પ્રતિ સમર્પિત ભાવથી જીવવા પ્રેરિત કરે છે. આજથી થોડા દિવસ બાદ આ મહિનામાં ગુપ્ત નવરાત્રિ છે. ગુપ્ત નવરાત્રિ પહેલાં પાવાગઢમાં મહાકાળીનુ મંદિર ભવ્ય અને દિવ્ય સ્વરૂપમાં આપણી સામે છે. શક્તિ અને સાધનાની આ જ વિશેષતા છે. ગુપ્ત નવરાત્રિ છે, પણ શક્તિ સુપ્ત અને લુપ્ત થતી નથી, જ્યારે શ્રદ્ધા, સાધના અને તપસ્યા ફળીભૂત થાય છે, તો શક્તિ પૂર્ણ વૈભવ સાથે પ્રગટે છે. પાવાગઢમાં મા કાળીના આશીર્વાદથી આ જ શક્તિનું પ્રાગટ્ય જોઈ રહ્યા છીએ. સદીઓ બાદ મહાકાળીનું આ મંદિર વિશાળ સ્વરૂપમાં આપણી સામે આપણા મસ્તિષ્કને ઊંચું કરે છે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, સાંસ્કૃતિક આઝાદીની શરૂઆત પણ સરદાર પટેલ થકી સોમનાથથી થઈ હતી. આજે જે ધજા ફરકી છે, તે દેશના સાંસ્કૃતિક ગૌરવની ધજા છે. પંચમહાલના લોકોએ સદીઓથી આ મંદિરને સાચવ્યું છે. આજે તેમનું સપનું પૂરું થયું. આજે પાવાગઢ અને પંચમહાલની તપસ્યા સિદ્ધ થઈ. આ કાયાકલ્પ ભક્તો માટે સૌથી મોટી ભેટ છે. માતાના આશીર્વાદ વગર તે સંભવ નહોતું. વિકાસકાર્યોમાં ખાસ વાત એ છે કે, મહાકાળી મંદિરને ભવ્ય સ્વરૂપ આપ્યું, પણ ગર્ભગૃહનું મૂળ સ્વરૂપ એવું જ રખાયું છે. લોકોએ અહીં સાથે મળીને કામ કર્યું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં પ્રવાસન પ્રવૃત્તિને ખૂબ વેગ મળ્યો છે. રાજ્ય સરકાર યાત્રિકોની પ્રાર્થના અને પર્યટન બંને સુગમ બને તે માટે પ્રયત્નશીલ છે, જેના પરિણામે ગુજરાતનાં યાત્રાધામો ભવ્ય બની રહ્યાં છે. ગુજરાતની પવિત્ર ભૂમિ પર અનેક પ્રતિષ્ઠિત દેવસ્થાનો છે, જેના કારણે રાજ્યમાં પિલ્ગ્રિમેજ ટુરિઝમનો મોટાપાયે વિકાસ થયો છે.

પાવાગઢ ધામમાં આવતા શ્રદ્ધાળુઓની સુવિધામાં વધારો થાય તે માટે રાજ્ય સરકારે ૧૨૧ કરોડના ખર્ચે મંદિર પરિસરનો વિસ્તાર કર્યો છે. તળેટીના માચી વિસ્તારમાં યાત્રિકોને પાયાની સગવડો આપવા, આવનારા દિવસોમાં રૂ. ૩૭ કરોડના ખર્ચે વિકાસકામો થવાનાં છે. વર્લ્ડ હેરિટેજ સાઇટનો દરજ્જો પામેલા ચાંપાનેર ખાતે અનેક પ્રવાસીઓ આવે છે, ત્યારે રાજ્ય સરકારે આ વર્ષના બજેટમાં રૂ. ૨૦ કરોડની જોગવાઈ પણ કરી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ધ્વજારોહણ કરવાની સાથોસાથ પંચમહાલ જિલ્લાને કુલ ૨૧૨ કરોડનાં વિકાસકાર્યોની ભેટ આપી હતી, જેમાં પંચમહાલ જિલ્લામાં દરેક ઘરે નળ જોડાણ કરીને પીવાના પાણીની સુવિધા નળ દ્વારા એટલે કે 'નલસે જલ' યોજનાનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે વડાપ્રધાનશ્રીએ ગોધરા ખાતે જિલ્લા પંચાયતના નવા ભવનનું ઈ-લોકાર્પણ કર્યું હતું. આ સિવાય ૨૦ કરોડના ખર્ચે અદેપુર જૂથ પાણીપુરવઠા યોજનાનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સિવાય વડાપ્રધાન દ્વારા ગોધરા અને શહેરા ખાતે સ્થિત બે નવાં સબસ્ટેશનનું પણ ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ અવસરે પ્રવાસન અને યાત્રાધામ વિકાસ વિભાગના મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી, ધારાસભ્યશ્રીઓ, ટ્રસ્ટના પ્રમુખ શ્રી સુરેન્દ્રભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રીઓ તેમજ સાધુ-સંતો ઉપસ્થિત રહ્યા હતા. ●



### ૧૭ મા શાળા પ્રવેશોત્સવને મળી જ્વલંત સફળતા

# વ્યક્તિના નિર્માણમાં શ્રેષ્ઠ શૈક્ષણિક વ્યવસ્થા તથા ટેકનોલોજીનો સમન્વય મહત્ત્વના અંગ છે



આધુનિક વિજ્ઞાન-સંશોધનમાં એવું સિદ્ધ થયું છે કે બાળક તેની શરૂઆતની ઉંમરના વર્ષોમાં જે શિક્ષણ મેળવે છે તેની અસર તેના સમગ્ર જીવનકાળ દરમિયાન રહે છે. તેથી જ રાષ્ટ્રનાં નિર્માણમાં શિક્ષણ ખૂબ મહત્વનું છે. ઉત્તમ નાગરિકના ઘડતરમાં પ્રાથમિક શિક્ષણ સૌથી વધારે મહત્વનું છે. ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે સાર્વત્રિક સુધારા અને રાજ્યનાં વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરનું શિક્ષણ મળી રહે તે માટે ગુજરાત સરકાર પ્રયત્નરત છે. ગુજરાત સરકારે પ્રાથમિક શિક્ષણને ગતિશીલ બનાવવા શાળામાં 100 ટકા નામાંકન થાય અને 100 ટકા સ્થાયીકરણના ત્રણ હેતુઓ માટે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાનો આરંભ કર્યો છે. તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આરંભ કરેલા શાળા પ્રવેશોત્સવના સકારાત્મક ફળ પ્રાપ્ત થઈ રહ્યાં છે. આ વર્ષે સમગ્ર રાજ્યમાં ૧૭ મા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનો શુભારંભ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાની મેમદપુર પ્રાથમિક શાળા ખાતેથી કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ મેમદપુર પ્રાથમિક શાળામાં ધોરણ- ૧ ના બાળકોને ચોકલેટ આપી મોં મીઠું કરાવી અને પ્રવેશકીટ આપી શાળા પ્રવેશ કરાવ્યો હતો. આ સાથે, વિવિધ જિલ્લાઓમાં રાજ્ય મંત્રીમંડળનાં સદસ્યશ્રીઓએ વિદ્યાર્થીઓને ધોરણ-1માં પ્રવેશ અપાવ્યો હતો.

તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાળા પ્રવેશોત્સવ સંદર્ભે પોતાના અનુભવમાં જણાવ્યું હતું કે, આપણે શાળાને માત્ર સાક્ષરતાનું માધ્યમ નહિં, જીવન ઘડતરનો પ્રથમ અધ્યાય સમજવો જોઈએ. શ્રી મોદીએ શરૂ કરેલાં આ મહાઅભિયાનને આગળ ધપાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમાજમાં શિક્ષણનો પાયો મજબૂત હોય તો દરેક ક્ષેત્રમાં આગળ વધી શકાય છે અને શિક્ષણ થકી ટેકનોલોજીનો ઉપયોગ કરી વ્યક્તિ સક્ષમ બની શકે છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના શાળા શિક્ષણની સ્થિતિ બદલવા અને બાળકોના પ્રારંભિક શિક્ષણને વેગ આપવા વર્ષ ૨૦૦૩ થી શરૂ કરાવેલા આ શાળા પ્રવેશોત્સવથી રાજ્યની શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

પ્રવેશોત્સવ દ્વારા ગામમાં ઉત્સાહનો માહોલ ઊભો થાય છે અને ગ્રામજનો પોતાના બાળકોને શાળાએ મોકલવા માટે પ્રોત્સાહિત થાય

છે. શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને પડતી તકલીફો દૂર કરવા અમારી સરકાર કટિબદ્ધ છે. સરકાર દ્વારા મેડિકલ, એન્જિનિયરિંગ જેવા અનેક ક્ષેત્રોમાં શિક્ષણ માટે ઉત્તમ વ્યવસ્થાઓ ઊભી કરી છે. મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત તમામને ગામના બાળકો સારું શિક્ષણ મેળવે તે માટે પ્રયાસરત રહેવા આહવાન કર્યું હતું.

સરકારે શિક્ષણ સાથે સ્વાસ્થ્ય અને સુરક્ષા સહિતના ક્ષેત્રોમાં મહત્વની કામગીરી કરી છે. કોરોના મહામારીના સમયમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાની દીર્ઘદષ્ટિથી દેશવાસીઓને ઉત્તમ સારવાર, મફત રસીકરણ અને જરૂરિયાતમંદોને મફત અનાજ પૂરું પાડીને આ મહામારીમાંથી બહાર કાઢ્યા છે. ગુજરાત સરકારે પણ સ્વાસ્થ્ય સબંધી યોજનાઓનો લાભ નાગરિકોને મળી રહે એ માટે બજેટમાં વિશેષ જોગવાઇઓ કરી છે. બનાસકાંઠા ખેતી અને પશુપાલન પર નિર્ભર છે. રાજ્ય સરકારે પશુઓમાં થતાં વિવિધ રોગોને રોકવા માટે પશુ આરોગ્ય મેળા કરીને સારવાર પૂરી પાડી છે. તેના પરિણામે દૂધમંડળીઓમાં દૂધની આવકમાં ૬૧ મેટ્રિક ટનથી વધીને ૧૫૮ મેટ્રિક ટન જેટલો નોંધપાત્ર વધારો થયો છે. વર્તમાન સરકાર કુટુંબ ભાવનાથી નાગરિકોની સુખાકારીમાં વધારો કરવા માટે કટિબદ્ધ છે એમ મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શાળા પ્રવેશોત્સવના આગળના દિવસે મેમદપુર ગામમાં આયોજિત થયેલ "સેવાસેતુ" નો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત સરકાર નાગરિકોને સામે ચાલીને વિવિધ યોજનાના લાભ ઘર આંગણે પહોંચાડી રહી છે. રાજ્યના તમામ જિલ્લાઓમાં દરેક યોજનાનો તમામ નાગરિકોને સંપૂર્ણ લાભ મળે એ માટે સરકાર પ્રતિબદ્ધ છે.

આ પ્રસંગે ઉપસ્થિત શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, આજથી ૨૦ વર્ષ પહેલા શાળાઓમાં ડ્રોપઆઉટ રેશિયો ઘણો ઊંચો હતો. પરંતુ તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દીર્ઘદ્રષ્ટિથી શરૂ કરેલા શાળા પ્રવેશોત્સવ થકી આજે આ રેશિયો નહિવત છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં ગુજરાત સરકાર શિક્ષણક્ષેત્રે અગ્રેસર રહેવા નવી શિક્ષણનીતિ અમલમાં મૂકી આગળ વધવા પ્રયત્નશીલ છે. વિદ્યાર્થીઓમાં શાળા જીવનથી જ શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન થાય એ માટે ધોરણ ૬ થી ભગવદ્ ગીતાનો અભ્યાસક્રમમાં સમાવેશ કર્યો છે. તેઓએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો બનાસકાંઠાવાસીઓ માટે શુદ્ધ પીવાના પાણીની કસરા-દાંતીવાડા તથા ડિંડરોલ-મુક્તેશ્વર યોજના મંજૂર કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શૈક્ષણિક સિદ્ધિઓ હાંસલ કરનાર ગામની દીકરીઓનું શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માન કર્યું હતું. આ પ્રસંગે પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી હરિભાઇ ચૌધરી તથા અગ્રણીઓ, જિલ્લા કલેક્ટર શ્રી આનંદ પટેલ, વરિષ્ઠ અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ તથા બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ૧૭ મા શાળા પ્રવેશોત્સવની ફળશ્રુતિ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ત્રણ દિવસ ચાલેલા રાજ્યવ્યાપી કન્યા કેળવણી મહોત્સવ- શાળા પ્રવેશોત્સવની ૧૭ મી શૃંખલામાં જનભાગીદારીના ઉમંગ-ઉત્સાહમય વાતાવરણમાં ૫.૭૨ લાખ બાળકોનો ધોરણ-૧માં પ્રવેશ કરાવવામાં આવ્યો છે. જેમાં ધોરણ-૧માં ૨,૮૦,૪૭૮ કન્યા તથા ૨,૯૧,૯૧૨ કુમારોનું શાળાઓમાં નામાંકન થયું છે. આ ઉપરાંત, ત્રણ દિવસમાં ૧,૦૫૯ કુમાર અને ૭૧૬ કન્યા મળી કુલ ૧,૭૭૫ દિવ્યાંગ બાળકોના નામાંકન થયા છે.

આ અંગે માહિતી આપતાં શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ



જણાવ્યું હતું કે, આ અભિયાન અંતર્ગત રાજ્યની આંગણવાડીઓ- બાલમંદિરમાં પ્રારંભિક શિક્ષા માટે ૨,૩૦,૭૩૨ ભૂલકાંઓનો પ્રવેશ કરાવવામાં આવ્યો છે. જે અંતર્ગત ત્રણ દિવસમાં કુલ ૨,૮૦,૪૭૮ કન્યાઓએ ધો.૧માં અને ૧.૧૨ લાખ બાળાઓએ આંગણવાડી- બાલમંદિરમાં પ્રવેશ મેળવ્યો છે. એટલું જ નહિ, રાજ્યભરમાં શાળાનું પગથિયુ ચઢી રહેલા બાળકોમાં અત્યારથી જ પર્યાવરણની સમજ કેળવવાનો અભિગમ અપનાવી મહાનુભાવો દ્વારા પ્રવેશોત્સવની સાથોસાથ વૃક્ષારોપણ કરી ૧,૫૮,૮૨૦ વૃક્ષોનું વાવેતર કરાયું છે.



રાજ્યભરમાં શાળા પ્રવેશોત્સવ દરમિયાન રાજ્યના ૨૨,૮૫૭ ગામોની કુલ ૩૦,૮૮૦ પ્રાથમિક શાળાઓને આ કાર્યક્રમ અંતર્ગત આવરી લઇ ૧૦૦ ટકા નામાંકનની દિશામાં નક્કર કદમ ભર્યુ છે. ગુજરાતમાં શિક્ષણની ગુણવત્તા સુધારણા સાથે એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેવા ઉદારભાવથી તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૦૩-૦૪ શરૂ કરેલા કન્યા કેળવણી મહોત્સવ-શાળા પ્રવેશોત્સવના જનઅભિયાનની ૧૭મી શ્રૃંખલા મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન અને નેતૃત્વમાં સફળતાપૂર્વક સંપન્ન થઇ છે.

શિક્ષણ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવાની રાજ્ય સરકારના આ અભિયાનને ખૂબ સારો જનપ્રતિસાદ સાંપડ્યો છે. ત્યારે નાગરિકો દ્વારા ત્રણ દિવસ દરમ્યાન લોકસહકાર-દાન આપવામાં આવ્યું. શાળા સંકુલોમાં માળખાગત સુવિધા વૃધ્ધિ માટે તેમજ કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા સમાજ અગ્રણીઓ- સખાવતીઓએ આ અભિયાન દરમ્યાન દાનની જે સરવાણી વહાવી છે તે રૂ. ૨૮.૫૩ કરોડ જેટલી થઈ છે. ત્રણ દિવસમાં રોકડ રૂ.૨.૫૪ કરોડ અને ચીજવસ્તુ સ્વરૂપમાં અંદાજે રૂ.૨૬ કરોડની રકમ મળી અંદાજે રૂ.૨૮.૫૩ કરોડનો લોકસહકાર આ કાર્યક્રમ અંતર્ગત મળ્યો છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ત્રણ દિવસમાં રાજ્યની વિવિધ શાળાઓમાં મળી અંદાજે રૂ. ૨૫.૯૩ કરોડના ખર્ચે ૪૯૪ નવનિર્મિત ઓરડાઓનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. આ ઉપરાંત બે દિવસમાં રાજ્યભરમાં ૨૩૬૪ શાળામાં ટ્રાન્સપોર્ટેશન સુવિધા શરૂ કરવામાં આવી છે.




અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ સ્તરથી જ ક્વોલિટી એજ્યુકેશનનો પાયો સુદ્રઢ કરતા કન્યા કેળવણી-શાળા પ્રવેશોત્સવના આ ૧૭મા અભિયાનની ત્રિદિવસીય શ્રૃંખલામાં ખુબ જ સારો જનપ્રતિસાદ સાંપડ્યો છે. જે રાજ્યમાં એક પણ વ્યક્તિ શિક્ષણથી વંચિત ન રહે અને ગુજરાતને ૧૦૦ ટકા શિક્ષીત રાજ્ય બનાવવાની દિશામાં મહત્વનું સાબિત થશે. ●

# અમદાવાદના મેમનગરને સ્માર્ટ (અનુપમ) શાળાની ભેટ



ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૨૦૦૨-૨૦૦૩માં શરૂ કરાવવામાં આવેલા 'કન્યા કેળવણી મહોત્સવ' તેમજ 'શાળા પ્રવેશોત્સવ'ને કારણે આજે સમગ્ર ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણનો ગ્રાફ ઊંચો ગયો છે. ડ્રોપઆઉટ રેટ ઘટ્યો છે અને શાળામાં બાળકોના દાખલ થવાનો દર ૯૫ ટકાથી પણ વધ્યો છે. રાજ્યની સરકારી સ્કૂલમાં અદ્યતન અને ટેકનોલોજી યુકત શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. જેના પરિણામ સ્વરૂપે રિવર્સ ટ્રેન્ડ શરૂ થયો છે અને ખાનગી શાળાઓમાં બાળકો સરકારી શાળાઓમાં પ્રવેશ લેતા થયા છે. આથી રાજ્ય સરકારે વિદ્યાર્થીઓને વધુ સારી સુવિધા આપી શકાય તે હેતુથી અમદાવાદમાં નિર્માણ પામેલી મેમનગર સ્માર્ટ (અનુપમ) શાળાનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લોકાર્પણ કરી નાગરિકોને ભેટ આપી હતી.

આ વર્ષે અમદાવાદમાં ૫૯૦૦ બાળકોએ ખાનગી સ્કૂલ છોડીને સરકારી શાળામાં પ્રવેશ લીધો છે. જ્યારે છેલ્લા આઠ વર્ષમાં ૪૧ હજાર થી વધુ બાળકો ખાનગી સ્કૂલમાંથી અમદાવાદની સરકારી સ્કૂલમાં આવ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ સ્માર્ટ અનુપમ શાળાની ભૂમિકા આપતા કહ્યુ કે, ટેકનોલોજીનો ઉપયોગ વધુને વધુ બાળકો કરે તેવા પ્રયત્નો રાજ્ય સરકાર દ્વારા થઈ રહ્યા છે. રાજ્યમાં વધુ એક સ્માર્ટ અનુપમ શાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ મેમનગરની સ્માર્ટ સ્કૂલમાં તમામ ટેક્નોલોજીનો ઉપયોગ કરાયો છે, જેના માધ્યમથી ભણતર ભારરૂપ ન લાગે અને રમતા રમતા ભણી શકાય એવા પ્રોજેક્ટ લાવવામાં આવ્યા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં જે સંકલ્પના કરી છે તેને અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા સાકાર કરવામાં આવી રહી છે. અનુપમ શાળા એ આપણા સૌ માટે ગૌરવની વાત છે આવતીકાલના ભારતનું નિર્માણ આ પ્રકારની શાળાઓ થકી જ થશે એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો. આ વર્ષના 'કન્યા કેળવણી' અને શાળા પ્રવેશોત્સવ -૨૦૨૨' દરમિયાન નામાંકન કરવામાં આવેલા બાળકોની રૂપરેખા આપતા કહ્યું કે, છેલ્લા બે દિવસમાં શાળા પ્રવેશોત્સવ દરમિયાન કુલ ૩.૮૩ લાખ કન્યા અને કુમારોનું નામાંકન થયું છે. જેમાં ૧.૮૮ લાખથી વધુ કન્યાઓ જ નામાંકન થયું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈની પ્રેરણાથી શિક્ષણ માટે જરૂરી તમામ સુવિધા રાજ્ય સરકાર અને કોર્પોરેશન દ્વારા ઉભી કરાઈ રહી છે. દર વર્ષે પ્રવેશોત્સવમાં જે માહોલ બને છે એવો માહોલ આ વખતે પણ બન્યો છે પણ આ માહોલમાં એક વિશેષ કડી પણ ઉમેરાઈ છે. ગુજરાત આજે ગ્રોથ એન્જિન બન્યું છે, આ ગ્રોથ એન્જિનને આગળ વધારવામાં શિક્ષણ એક મહત્વની ભૂમિકા ભજવશે. એટલું જ નહીં દરેક સામાન્ય માણસને વિકાસની મુખ્યધારામાં આવે એવા પ્રયાસો પણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે તેની પણ વિસ્તૃત વિગતો આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સ્માર્ટ પ્રાથમિક શાળા ના બાળકોને રમતા-રમતાં ભણવાનો ઉદેશ સાકાર કરવા માટે જોયફૂલ લર્નિંગના ક્લાસ બનાવવામાં આવ્યા છે. દરેક બાળકને એ મુજબ શૈક્ષણિક રમકડાથી ભણાવવામાં આવે છે. કલરફૂલ સરસ બેઠક વ્યવસ્થા સાથે દિવાલો પર માસના નામ, વાહનો, પશુ-પંખીઓની ઓળખ, ઋતુઓના નામ, ગણિતમાં ચડતાં-ઉતરતા ક્રમના આંકડાઓ અને ટેબલનું સુંદર ચિત્રકામ કરવામાં આવ્યું છે. આમ, બાળ માનસને શિક્ષકો દ્વારા જ્ઞાન સાથે ગમ્મતના ચિત્રો થકી ભણતરની સમજણ આપવામાં આવે છે. તથા શાળામાં બાળકોને રમતગમતની પ્રવૃતિઓ માટે મોકળુ મેદાન મળી રહે તેનું પણ વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું અને ક્લાસ રૂમોમાં તેમણે પોતે વિદ્યાર્થીઓ સાથે બેન્ચ પર બેસીને ક્લાસ રૂમની એજ્યુકેશનલ એક્ટીવિટી નિહાળી હતી.

આ અવસરે અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, ડેપ્યુટી મેયર શ્રી ગીતાબેન પટેલ, કમિશનર શ્રી લોચન સહેરા, સ્કૂલ બોર્ડના ચેરમેન શ્રી સુજય મહેતા, સ્કૂલ બોર્ડના વાઈસ ચેરમેન શ્રી વિપુલભાઈ સેવક, શાસનાધિકારી શ્રી એલ. ડી. દેસાઈ તેમજ તેમજ મોટી સંખ્યામાં શિક્ષકો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદમાં સિગ્નલ સ્કૂલનાં બાળકોનો પ્રવેશોત્સવ

રાજ્યના દરેક બાળકને સારામાં સારુ શિક્ષણ આપવા ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે. બાળકોને પોતાના વિસ્તારમાં જ સારુ શિક્ષણ મળી રહે તે માટે સરકાર દ્વારા વિવિધ પ્રકલ્પો શરૂ કરવામાં આવ્યા છે. ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા મ્યુનિ. સ્કૂલ બોર્ડના સંયુક્ત ઉપક્રમે સિગ્નલ સ્કૂલની શરૂઆત કરવામાં આવી છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ન્યાયમૂર્તિ શ્રી અરવિંદકુમારની ઉપસ્થિતિમાં અમદાવાદમાં પંડિત દીનદયાળ ઓડિટોરિયમ ખાતે ગુજરાત સિગ્નલ સ્કૂલનાં બાળકોનો શાળા પ્રવેશોત્સવ ઊજવાયો હતો.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, ટ્રાફિક સિગ્નલ પર ભિક્ષા વૃત્તિ કરતા વંચિત-દરિદ્ર બાળકો માટે 'ભિક્ષા નહીં શિક્ષા'નો અભિગમ પાર પાડી એક પણ બાળક શિક્ષણ મેળવવાથી બાકાત ન રહે તેવું આયોજન કરાશે. રાજ્યમાં જ્યાં જરૂર જણાય ત્યાં સિગ્નલ સ્કૂલ શરૂ કરવાની રાજ્ય સરકારની નેમ છે. છેવાડાના માનવીનું સંતાન પણ શિક્ષણ-કેળવણીની મુખ્યધારા સાથે જોડાય તેવા પ્રયત્નો સરકારે કર્યા છે.

ચાર રસ્તા -સિગ્નલ પર ભિક્ષા માગતા બાળકો જ નહિ, પરંતુ વિચરતી જાતિના તેમજ અગરિયાનાં બાળકો સુધી પણ શિક્ષણ પહોંચે એ માટે રાજ્ય સરકારે વ્યાપક આયોજન કર્યું છે. પ્રાથમિક શિક્ષણ સૌને મળે તેમજ વંચિત, પીડિત, શોષિત કે વિચરતી જાતિના કોઈ બાળક શિક્ષણથી કે શાળા પ્રવેશથી બાકાત ન રહે તેવી રાજ્ય સરકારની નેમ છે. અગરિયા વિસ્તારમાં ૪૦ જેટલી સ્કૂલ ઓન વ્હીલ્સ અને વિચરતી જાતિના લોકો માટેની વસાહતોમાં શાળા અને હોસ્ટેલની સુવિધાઓ પણ આપી છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, આઝાદીના અમૃત મહોત્સવના વર્ષમાં બાળકોને શિક્ષણરૂપી અમૃત આપીને તેમનું જીવન ઘડતર કરાશે. બાળકનો શાળામાં પ્રવેશ સમાજ માટે ઉત્સવનું વાતાવરણ બને એવી પહેલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શનમાં ૨૦૦૩માં શાળા પ્રવેશોત્સવથી ગુજરાતમાં થઈ હતી.

વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી શરૂ થયેલા આ શિક્ષણ સેવાયજ્ઞની ૧૭મી કડી આ વર્ષે ૨૩, ૨૪, અને ૨૫ જૂન દરમિયાન રાજ્યભરમાં યોજાઈ રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા બે દાયકામાં શિક્ષણનો મજબૂત પાયો નખાયો એના ખૂબ સારાં પરિણામો જોવા મળી રહ્યાં છે.

આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી અરવિંદકુમારે સિગ્નલ સ્કૂલનો વિચાર કેવી રીતે આવ્યો તેનો કર્ણાટકનો પ્રસંગ યાદ કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પાસે આ વિચાર રજૂ કરતાં તેમણે ત્વરિત પ્રતિસાદ આપીને માત્ર ૧૫ દિવસમાં અમદાવાદમાં સિગ્નલ સ્કૂલ શરૂ કરાવી હતી, તેના પરિણામે ૧૩૯ બાળકો મુખ્યધારાની શાળામાં પ્રવેશ મેળવી રહ્યા છે. સર્વગ્રાહી શિક્ષણ અંગેના વિચારને સાકાર થતો જોવો બેવડા આનંદની વાત છે. ચીફ જસ્ટિસશ્રીએ મુખ્યમંત્રીશ્રીને સમગ્ર રાજ્યમાં જરૂર જણાય ત્યાં 'ભિક્ષા નહિ શિક્ષા'ને ચરિતાર્થ કરતી સિગ્નલ સ્કૂલો શરૂ કરવાનો અનુરોધ પણ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ શહેરના રસ્તાઓ પર જોવા મળતા ભિક્ષુક બાળકોને શાળાકીય શિક્ષણ અપાવવાના હેતુથી ગતવર્ષે ગુજરાત હાઈકોર્ટ અને અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા સિગ્નલ સ્કૂલ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત આવા બાળકોને શરૂઆતમાં બ્રીજ કોર્ષથી ભણાવવામાં આવે છે અને ત્યારબાદ નજીકની શાળામાં પ્રવેશ અપાવવામાં આવે છે. શહેરના આવા ૧૩૯ બાળકોને મુખ્યમંત્રીશ્રીએ શાળા પ્રવેશ કરાવ્યો હતો જ્યારે નવા ૧૧૦ બાળકોનું સિગ્નલ સ્કૂલ માટે નામાંકન કરવામાં આવ્યું હતું.





આ પ્રસંગે અમદાવાદ શહેરના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, મ્યુનિસિપલ કમિશનર શ્રી લોચન સેહરા, ડેપ્યુટી મેયર શ્રી ગીતાબહેન પટેલ, ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના મેમ્બર સેક્રેટરી શ્રી આર. એ. ત્રિવેદી, સ્કૂલ બોર્ડના ચેરમેન ડૉ. સુજય મહેતા અને વાઈસ ચેરમેન શ્રી વિપુલભાઈ સેવક તથા મ્યુનિ.કોર્પોરેશન અને સ્કૂલ બોર્ડના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ‘માનવતા માટે યોગ’

## રાજ્યભરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી





ભારત તરફથી સમગ્ર વિશ્વને અપાયેલી અદ્ભુત ભેટ એટલે યોગ. આધ્યાત્મિક ઊર્જાની સાથે શારીરિક અને માનસિક સ્વસ્થતા માટે યોગને બધા ધર્મો અને દર્શનોમાં ખુલ્લા મને સ્વીકારવામાં આવ્યો છે. યોગ એક શારીરિક, માનસિક અને આધ્યાત્મિક અભ્યાસ છે જે લોકોને શાંતિ પ્રદાન કરવાની સાથે પ્રકૃતિ સાથે જોડે છે. ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસના કારણે આજે સમગ્ર દુનિયા યોગ પ્રત્યે આકર્ષાઇ છે. વિશ્વના અનેક દેશોએ યોગને પોતાની જીવનશૈલીનો ભાગ બનાવ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૪માં યુનાઇટેડ નેશન્સની મહાસભામાં ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઊજવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. વર્ષ ૨૦૧૫થી દર વર્ષે ૨૧મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઊજવવામાં આવે છે. આ વર્ષે ‘માનવતા માટે યોગ’ થીમ પર યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આઠમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અવસરે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કર્ણાટકના મૈસુરુમાં ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતમાં રાજ્યકક્ષાનો મુખ્ય કાર્યક્રમ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય નાણાં રાજ્ય મંત્રી શ્રી ડૉ. ભાગવત કિશનરાવ કરાડ, રમત - ગમત રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઠમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે મૈસુરુથી વર્ચ્યુઅલ ઉપસ્થિત રહીને દેશના નાગરિકોને યોગને પાર્ટ ઑફ લાઈફ નહીં, પરંતુ વે ઑફ લાઈફ બનાવવા આહ્વાન કર્યું હતું. વડાપ્રધાનશ્રીએ નાગરિકોને સંબોધતાં જણાવ્યું કે, આપણે સૌ યોગના માધ્યમથી સ્વસ્થ અને શાંતિપૂર્ણ વિશ્વને ગતિ આપીશું. ગ્લોબલ વૉર્મિંગ જેવી સમસ્યા હોય કે આંતરરાષ્ટ્રીય તકરારો હોય, યોગ થકી સામૂહિક ચેતનાથી ઉકેલ લાવી શકાશે અને વિશ્વશાંતિ સ્થપાશે. યોગ પ્રોબ્લેમ સોલ્વર બની ગયો છે. યોગ આપણી ઉત્પાદકતા વધારે છે. યોગને આપણે જાણવાનો છે, જીવવાનો છે, પામવાનો છે, અપનાવવાનો છે, વિકસાવવાનો-વિસ્તારવાનો છે. આ વર્ષની માનવતા માટે યોગની થીમનો ઉલ્લેખ કરીને વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, સમગ્ર વિશ્વ યોગ દિવસે સૂર્યના પ્રથમ કિરણ સાથે યોગ કરી રહ્યું છે ત્યારે 'ગાર્ડિયન રિંગ ઑફ યોગ' સાકાર થઈ રહી છે.

વડાપ્રધાનશ્રીએ કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલા સ્ટાર્ટ-અપ યોગ ચેલેન્જનો ઉલ્લેખ કરીને યુવાનોને યોગમાં નવા આઈડિયા લાવવા અને નવતર પ્રયોગો કરવા આહ્વાન આપ્યું હતું.

આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ વર્ષે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવી રહ્યો છે, ત્યારે ગુજરાતમાં ૭૫ આઈકોનિક સ્થળો પર યોગપ્રેમીઓ થકી યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આઝાદીનો અમૃત મહોત્સવ સ્વાસ્થ્યનો અમૃતકાળ બને અને યોગ દરેકના જીવનમાં અમૃત ફેલાવે તેવી શુભેચ્છાઓ મુખ્યમંત્રીશ્રીએ સૌને પાઠવી હતી. આ વર્ષે આપણે ‘માનવતા માટે યોગ’ની થીમ પર વિશ્વ યોગ દિનની ઉજવણી કરી રહ્યા છીએ. શ્રી નરેન્દ્રભાઈએ તમામ દેશ, ધર્મ, જ્ઞાતિ-જાતિના લોકોને યોગાભ્યાસ માટે પ્રોત્સાહિત કર્યા છે અને યોગ-પ્રાણાયમ સાથેની તંદુરસ્ત જીવનશૈલી સ્વીકારવાનું આહ્વાન પણ વડાપ્રધાનશ્રીએ આપ્યું છે. એટલું જ નહીં, આજે યોગના માધ્યમથી દુનિયાના અનેક લોકો એકબીજા સાથે જોડાઈ રહ્યા છે.

યોગને વિશ્વના ખૂણેખૂણે પહોંચાડવાનું ભગીરથ કાર્ય શ્રી નરેન્દ્રભાઈએ પાર પાડ્યું છે. આખી દુનિયાને યોગનું યોગ્ય મહત્ત્વ તેમણે સમજાવ્યું છે આમ, શ્રી નરેન્દ્રભાઈના ‘સર્વજન સુખાય’ના પ્રયત્નો સફળ થયા છે. વિશ્વના ૧૩૦થી પણ વધુ દેશો યોગાભ્યાસ દ્વારા ભારતીય સંસ્કૃતિની ગહનતાનો અનુભવ કરી રહ્યા છે. યોગનું મહત્ત્વ સમજાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વિશ્વ આખું કોરોના મહામારી સામે ઝઝૂમ્યું હતું ત્યારે આ કપરા કાળમાં લોકોની સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ વધી હતી અને એમાંય યોગ-પ્રાણાયામ સાથેની જીવનશૈલી કોરોના જેવા



રોગ સામે વધુ ઉપયોગી છે તે વધુ  ને વધુ લોકો સ્વીકારતા થયા છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડની સિદ્ધિ અંગે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈની પ્રેરણાથી બે વર્ષ પહેલાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડની સ્થાપના કરવામાં આવી હતી. આ બોર્ડ દ્વારા ગુજરાતમાં ૧ લાખથી વધુ ટ્રેનર તૈયાર કરવામાં આવ્યાં છે અને આ ટ્રેનર અન્ય લોકોને યોગ શીખવાડી રહ્યા છે. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ સૌ નાગરિકોને યોગને જીવનનો ભાગ બનાવવાની તેમજ યોગ અપનાવીને રોગમુક્ત રહેવાની અપીલ પણ કરી હતી.

કેન્દ્રીય નાણાં રાજ્યમંત્રી શ્રી ડૉ. ભાગવત કિશનરાવ કરાડે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશ આઝાદીનો ૭૫મો અમૃત મહોત્સવ ઊજવી રહ્યો છે ત્યારે ૭૫ આઇકોનિક જગ્યા ઉપર યોગની ઉજવણી થઈ રહી છે તે આપણા સૌ માટે ગૌરવની વાત છે. શ્રી ભાગવત કરાડે અમદાવાદ અને ગુજરાતમાં મોટા પાયે યોગ દિવસની ઉજવણી કરવા બદલ રાજ્ય યોગ બોર્ડ, આયુષ મંત્રાલય તેમજ રાજ્ય સરકારને અભિનંદન પણ પાઠવ્યાં હતાં.

આ પ્રસંગે ગૃહ તથા યુવા અને સાંસ્કૃતિક રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું કે રાજ્યના ઇતિહાસમાં પહેલી વાર યોગ દિવસની ઉજવણીમાં સવા કરોડ લોકો જોડાયા છે, જે બતાવે છે કે ગુજરાતી લોકો યોગ માટે કેટલા જાગૃત છે. આજે દેશમાં જ નહીં, દુનિયાના મોટાભાગના દેશોમાં વિશ્વ યોગ દિવસ મનાવવામાં આવે છે, એનું શ્રેય યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે. ભારતીય સંસ્કૃતિની અણમોલ ભેટ સમાન યોગનો લાભ સમગ્ર વિશ્વને મળે અને સ્વસ્થ સમાજનું નિર્માણ કરવાના ઉદ્દેશથી શ્રી નરેન્દ્રભાઈએ આંતરરાષ્ટ્રીય સ્તરે યોગ દિવસ મનાવવાનો

### રાજ્યનાં ૭૫ આઈકોનિક સ્થળોએ ઉજવણી

આઝાદી કા અમૃત મહોત્સવ - સ્વતંત્રતાનાં ૭૫ વર્ષ અંતર્ગત આ વર્ષનો વિશ્વ યોગ દિવસ રાજ્યમાં કુલ ૭૫ આઇકોનિક સ્થળોએ પણ ઊજવવામાં આવ્યો હતો. મોઢેરા સૂર્યમંદિર અને અંબાજી મંદિર સહિત ૧૭ ધાર્મિક સ્થળો, દાદા હરિની વાવ અને દાંડી સ્મારક સહિત ૧૮ ઐતિહાસિક સ્થાનો, કચ્છના રણ સહિત ૨૨ પ્રવાસન ધામો, માનગઢ હિલ અને સાપુતારા સહિત ૧૭ કુદરતી સૌંદર્ય સ્થળો ખાતે સામૂહિક યોગસાધના કાર્યક્રમ યોજાયા હતા.




## નિઃશુલ્ક યોગ શિબિર

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પૂર્વે અમદાવાદમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તથા પતંજલિ યોગ સમિતિ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ યોગગુરૂ સ્વામી રામદેવજીની ઉપસ્થિતિમાં નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન કરાયું હતું. આ અવસરે અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, સર્વે સાંસદશ્રીઓ, સર્વે ધારાસભ્યશ્રીઓ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેશ બારોટ તેમજ મોટી સંખ્યામાં યોગપ્રેમીઓ જોડાયા હતા.

પ્રસ્તાવ યુનોની સભામાં મૂકેલો. ગુજરાત યોગ બોર્ડની સ્થાપના પછી ગામેગામમાં યોગનું શિક્ષણ પહોંચ્યું હોવાનું જણાવી મંત્રીશ્રીએ ઉમેર્યું કે રાજ્યમાં યોગાસનોને એક સ્પોર્ટ્સ તરીકે માન્યતા મળી છે અને છેલ્લા ખેલ મહાકુંભમાં 78,000 યુવાનોએ યોગાસનો કરીને ભાગ લીધો.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા અને રાજ્યના માર્ગ-મકાનમંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી, મોઢેરામાં કેન્દ્રીય મંત્રી શ્રી પરસોત્તમભાઇ રૂપાલા, કચ્છમાં વૈશ્વિક ધરોહર ધોળાવીરા ખાતે કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણ, ભાવનગરમાં શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, સુરેન્દ્રનગરમાં વન અને પર્યાવરણમંત્રી શ્રી કિરીટસિંહ રાણા, ડાંગમાં આદિજાતિ વિકાસમંત્રી શ્રી નરેશભાઈ પટેલ, પાટણમાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર, અમદાવાદમાં સહકારમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, જામનગરમાં શ્રમ અને રોજગારમંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા, નવસારીમાં કલ્પસર અને મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી જિતુભાઈ ચૌધરી, સુરતમાં કૃષિ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, દેવભૂમિ દ્વારકામાં વાહનવ્યવહારમંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી અને ગીર સોમનાથ જિલ્લામાં પશુપાલનમંત્રી શ્રી દેવાભાઈ માલમની ઉપસ્થિતિમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે રાજ્યની ૪૫,૦૦૦ પ્રાથમિક શાળાના ૮૪,૬૫,૦૦૦ વિદ્યાર્થીઓ તેમજ ૩,૨૩,૦૦૦ શિક્ષકો, ૧૨,૫૦૦ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ૨૮,૪૩,૦૦૦ વિદ્યાર્થીઓ અને ૮૯,૦૦૦ શિક્ષકો, ૨૬૦૦ યુનિવર્સિટી-કોલેજીઝના ૧૬,૧૪,૦૦૦ વિદ્યાર્થીઓ અને ૬૦,૦૦૦ અધ્યાપકો, રાજ્યની ૨૮૭ આઇ.ટી.આઇ.દીઠ ૧૦૦ વિદ્યાર્થીઓ એમ કુલ ૨૮,૭૦૦ વિદ્યાર્થીઓ પણ આ ઉજવણીમાં જોડાયા હતા. સાથોસાથ રાજ્યનાં ૧૪૭૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૬૫૦૦ પેટાકેન્દ્રો પર કુલ ૧૨,૭૦,૪૦૦ લોકોએ યોગ કર્યા હતા. ●


## યોગને જીવનનો નિત્યક્રમ બનાવવા રાજ્યપાલશ્રીનો અનુરોધ



રાજભવન ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિને ગાંધીનગરના દિવ્ય જીવન સંઘના ઉપાધ્યક્ષ અને જાણીતા યોગ અને વેલનેસ કોચ શ્રી અશ્વિનભાઈ દવેના માર્ગદર્શન હેઠળ યોગાભ્યાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, મહર્ષિ પતંજલિએ યોગસૂત્રનું નિર્માણ કરીને સમસ્ત વિશ્વના કલ્યાણ માટે યોગવિદ્યાને વિશ્વના ચરણે ધરી હતી. માનવકલ્યાણના ઉદાત્ત ધ્યેય સાથે ભારતના ઋષિમુનિઓ દ્વારા નિર્મિત યોગવિદ્યાને વૈશ્વિક મહત્ત્વ મળ્યું છે, એટલું જ નહીં, સમગ્ર વિશ્વે યોગનો સ્વીકાર કરીને સ્વસ્થ જીવનશૈલી માટે પુરુષાર્થ કર્યો છે. રાજ્યપાલશ્રીએ યોગાસન અને પ્રાણાયામનાં મહત્ત્વને સમજાવી જણાવ્યું હતું કે કોરોના જેવી મહામારીના સામના માટે રોગપ્રતિકારક શક્તિ અતિઆવશ્યક છે અને યોગ, પ્રાણાયામથી વ્યક્તિની રોગ પ્રતિકારક શક્તિ સબળ બને છે. તેમણે યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એમ અષ્ટાંગ યોગ અંગે માર્ગદર્શન આપીને શરીર અને મનના સ્વાસ્થ્ય માટે યોગના મહત્ત્વને સમજાવ્યું હતું. વિશ્વ યોગ દિને પ્રત્યેક નાગરિક યોગને જીવનનો નિત્યક્રમ બનાવી નિયમિત યોગ, પ્રાણાયામ અને આસનો દ્વારા શરીર, મનને સ્વસ્થ રાખવા સંકલ્પબદ્ધ બને તેવો અનુરોધ રાજ્યપાલશ્રીએ આ તકે કર્યો હતો. ●

## 'વિશ્વ યોગ દિવસ - સામાન્ય યોગ અભ્યાસક્રમ' પુસ્તિકાનું વિમોચન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આયુષ નિયામકની કચેરી દ્વારા તૈયાર કરવામાં આવેલી 'વિશ્વ યોગ દિવસ – સામાન્ય યોગ અભ્યાસક્રમ' પુસ્તિકાનું વિમોચન કર્યું હતું. આ વિમોચન પ્રસંગે આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસમંત્રી શ્રી નરેશભાઈ પટેલ, આરોગ્ય રાજ્યમંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથાર અને શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.



આ પુસ્તિકામાં અત્યાર સુધી યોજાયેલા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ અંગેની માહિતી, યોગનો પરિચય, યોગની ભવ્ય વારસો, પરંપરાગત શાખાઓ, અભ્યાસ, પ્રાણાયામ માટેની સામાન્ય બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તદ્ઉપરાંત વિશ્વ યોગ દિવસ નિમિત્તે યોગ પ્રોટોકોલના સૂક્ષ્મ વ્યાયામ, આસનો, પ્રાણાયામ જેવી બાબતોને પણ આ પુસ્તકમાં આવરી લેવામાં આવી છે. આ સાથે, યોગાભ્યાસની રીત સાથે તેના ફાયદા, સૂચનો, સાવચેતી વગેરેથી સમાવિષ્ટ આ પુસ્તક આબાલવૃદ્ધોના તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે આશીર્વાદરૂપ નીવડશે.

આ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલ, આયુષ વિભાગના નિયામક ડૉ. જયેશ પરમાર સહિત અન્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દેશનો પ્રથમ ડિસેલિનેશન પ્લાન્ટ દહેજમાં કાર્યરત

ગુજરાતને દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બનાવવામાં રાજ્યના ઉદ્યોગોનો સિંહફાળો છે. ઉદ્યોગો રાજ્યની કરોડરજ્જુ સમાન છે, ત્યારે ઉદ્યોગકારોની સમસ્યાઓ-રજૂઆતોના નિરાકરણ માટે રાજ્ય સરકાર હરહંમેશ તત્પર છે, તેમ તાજેતરમાં ભરૂચના દહેજ ખાતે દેશના પ્રથમ ડિસેલિનેશન પ્લાન્ટના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા રૂ. ૮૮૧ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા ખારાં પાણીને મીઠાં કરવાના ડિસેલિનેશન પ્લાન્ટથી દહેજના ઉદ્યોગો પાણી માટે મહદ્ અંશે આત્મનિર્ભર બન્યા છે તેમજ આવનારા સમયમાં દહેજમાં વધુ મૂડીરોકાણ ધરાવતા ઉદ્યોગો આકર્ષાશે. આ સાથે, મુખ્યમંત્રીશ્રીએ અંકલેશ્વર વસાહત ખાતે રૂ. ૫.૪૪ કરોડના ખર્ચે નવનિર્મિત GIDCના અદ્યતન વહીવટી સંકુલનું લોકાર્પણ તેમજ નવી ઔદ્યોગિક નીતિ હેઠળ ૯૩ MSME એકમોને રૂ. ૧૧ કરોડની સહાયના ચેકોનું વિતરણ કર્યું હતું. આ ઉપરાંત, ભરૂચ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભરૂચને શ્રેષ્ઠ અને રહેવાલાયક બનાવવાના નવતર અભિયાન ‘માય લિવેબલ ભરૂચ’ અભિયાનનો પ્રારંભ કરાવી લોગોનું ઈ-અનાવરણ કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, લોકહિત માટે શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષા એ રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. રોડ અને એર કનેક્ટિવિટીમાં ગુજરાત અગ્રેસર છે, છેલ્લા બે દશકામાં ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે, જેના પાયામાં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની હકારાત્મક ઔદ્યોગિક નીતિઓ છે, રાજ્ય સરકાર વિવિધ સ્ટાર્ટ-અપ પોલિસી, ઈન્ડસ્ટ્રિયલ પોલિસી, ઈલેક્ટ્રોનિક અને એરોસ્પેસ પોલિસી, સોલાર પોલિસી, ગારમેન્ટ-એપેરલ, ડિફેન્સ અને આઈ.ટી. પોલિસી ઘડીને તેના અસરકારક અમલીકરણ થકી વિકાસની યાત્રાને વધુ વેગવાન બનાવી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાન શ્રી મોદી પાણીના વિવેકપૂર્ણ ઉપયોગના પ્રખર હિમાયતી છે એમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ મહામૂલા પાણીના યોગ્ય અને કરકસરપૂર્વક ઉપયોગ પર ભાર મૂક્યો હતો. તેમણે જે રીતે કોરોનામાં માનવીને ઓક્સિજનની જરૂરિયાત સમજાઈ હતી. એ જ રીતે, વર્તમાન સમયમાં પાણીના મહત્ત્વ અને પાણીની અછતથી સર્જાઈ રહેલી વિકટ સ્થિતિને નજર સમક્ષ રાખી પાણીને પારસમણિ સમાન ઉપયોગ કરવાનો અનુરોધ કર્યો હતો.

ઔદ્યોગિક જરૂરિયાતને પહોંચી વળવા માટે પાણીના વૈકલ્પિક સ્રોત તરીકે સમુદ્રનાં ખારાં પાણીનું શુદ્ધીકરણ કરી તેને ઉપયોગયુક્ત બનાવવા દહેજમાં ૧૦૦ MLD ક્ષમતાના ડિસેલિનેશન પ્લાન્ટનું નિર્માણ એ રાજ્ય સરકારની આગવી સિદ્ધિ છે એમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ રાજ્યનો છેવાડાનો માનવી કે રાજ્યના વિકાસમાં ભાગીદાર નાના-મોટા ઉદ્યોગકારો હોય, સૌને સ્વચ્છ, શુદ્ધ પાણી મળી શકે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે.



મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં રાજ્ય સરકાર સાણંદ ખાતે જાપાનીઝ ઈન્ડસ્ટ્રિયલ ટાઉનશિપ, ભરૂચ ખાતે બલ્ક ડ્રગ પ્રોજેક્ટ, ભાવનગરમાં પ્લાસ્ટિક પાર્ક, રાજકોટમાં મેડિકલ ડિવાઈસીસ પાર્ક અને અમદાવાદમાં મલ્ટિમોડેલ લોજિસ્ટિક પાર્ક વિકસાવવામાં આવી રહ્યા છે, જે રાજ્યના વિકાસમાં યશકલગી સમાન બનશે.

આ પ્રસંગે ઉદ્યોગ અને સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, દેશના વિકાસમાં પાંચ ટોપ રાજ્યોમાં રોજગારી, ઉદ્યોગીકરણ અને વિકાસમાં ગુજરાત પ્રથમ સ્થાને છે. વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતની વિભાવનાને પાણીના ક્ષેત્રમાં આત્મનિર્ભર બની દહેજ ઔદ્યોગિક વસાહતે સાકાર કરી છે. રોજગારદાતા દહેજના ડિસેલિનેશન પ્લાન્ટની દરેક એન્જિનિયરિંગ, પર્યાવરણ અને ક્લાયમેટ ચેન્જનો અભ્યાસ કરતા વિદ્યાર્થીએ અવશ્ય મુલાકાત લેવી જોઈએ એવો ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. આ વેળાએ લાર્સન એન્ડ ટુબ્રો દ્વારા મુખ્યમંત્રી કન્યાકેળવણી નિધિમાં રૂ. ૨૧ લાખનો ચેક મુખ્યમંત્રીશ્રીને અર્પણ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી દુષ્યંતભાઈ પટેલ, સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા, ધારાસભ્ય સર્વ શ્રી ઈશ્વરસિંહ પટેલ, અરુણસિંહ રાણા, GIDCના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક શ્રી એમ. થેન્નારસન, એલ.એન્ડ ટી.ના વાઈસ પ્રેસિડન્ટ શ્રી એસ. ગિરિધરન, પૂર્વ સાંસદ શ્રી ભરતસિંહ પરમાર કલેક્ટર શ્રી તુષાર સુમેરા સહિત ઉદ્યોગકારો, GIDC અને જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## સરકારે અંતરિયાળ વિસ્તારોમાં પાયાની સુવિધાઓ પહોંચાડીને

# છેવાડાના નાગરિકોને વિકાસની મુખ્યધારામાં સામેલ કર્યા



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં ગુજરાતમાં બે દાયકામાં અંતરિયાળ વિસ્તારો સુધી પાણી, વીજળી, આરોગ્ય, શિક્ષણ, આવાસ જેવી પાયાની સુવિધાઓ પહોંચાડીને સરકારે છેવાડાના માનવીને વિકાસની મુખ્યધારામાં સામેલ કર્યા છે. તેને પરિણામે ગુજરાત સર્વગ્રાહી વિકાસનું આગવું મોડેલ બન્યું છે, તેમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરેન્દ્રનગરના પાટડીથી રાજ્યની જનતાને વીજઊર્જાના ૧૫ પ્રકલ્પો સહિત કુલ રૂ. ૧૩૪ કરોડનાં વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત-લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ૬૬ કે.વી.નાં ૧૨ સબસ્ટેશન અને ૨૨૦ કે.વી.નું એક સ્ટેશન એમ કુલ ૧૩ વીજ સ્ટેશનના લોકાર્પણ તેમજ ૬૬ કે.વીનાં બે સબસ્ટેશનનાં ખાતમુહૂર્ત કર્યાં હતાં. આ પ્રસંગે તેમણે વધુમાં જણાવ્યું કે, ગુજરાતનાં ગામડાંઓનાં અંધારાં સરકારે જ્યોતિ ગ્રામ યોજનાથી ઉલેચ્યાં છે, સરકારે વિદ્યાર્થીઓને અભ્યાસ માટે અવિરત વીજળી અને ગામમાં જ અદ્યતન આરોગ્ય સેવાઓ આપીને સૌના જીવનમાં પ્રકાશ પાથર્યો છે.

દેશના ગ્રોથ એન્જિન એવા ગુજરાતમાં વિકાસની ગતિ વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં વધુ વેગવાન બનાવવા ટીમ ગુજરાત સતત કર્તવ્યરત છે. મુખ્યમંત્રીશ્રીએ શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષા જેવી મૂળભૂત બાબતો પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરીને સૌનો વિકાસ કરવાની નેમ વ્યક્ત કરી હતી.

શિક્ષણ ક્ષેત્રે ગુજરાતે મેળવેલી સિદ્ધિઓ અંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, એક સમયે રાજ્યનો ડ્રોપઆઉટ રેશિયો ૩૮ ટકા હતો જે ઘટીને ૪ ટકા સુધી આવ્યો છે. ગુજરાતમાં ઘરઆંગણે ઉચ્ચ શિક્ષણની તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. અગરિયા અને વિચરતી જાતિનાં બાળકોના શિક્ષણ માટે ખાસ વ્યવસ્થા કરીને આ સમુદાયને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

પાટડી ખાતે નવી કોમર્સ કોલેજ શરૂ કરવાની જાહેરાત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આ મુલાકાત દરમિયાન કરવામાં આવી હતી.

આ તકે પાટડી જેવા અંતરિયાળ વિસ્તારમાં ૩.૬૪ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલા હાઈસ્કૂલના મકાનની ભેટ આપવા બદલ અભિનંદન પાઠવતાં રાજ્યના શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, પાટડી સહિતના ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણક્ષેત્રે તમામ શ્રેષ્ઠ સુવિધાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે ગુણોત્સવ, પ્રવેશોત્સવ, કન્યાકેળવણીની પહેલથી નવો રાહ ચીંધ્યો છે ત્યારે ગુજરાત શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર હતું અને રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ઊર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીતાના કારણે ઊર્જાવ્યવસ્થાનું એટલું સુદૃઢ માળખુ ગોઠવાયું છે કે સમગ્ર વિશ્વમાં ઊર્જાની કટોકટી સર્જાઈ છે અને ગુજરાતમાં માથાદીઠ વીજવપરાશ વધ્યો છે તેમ છતાં રાજ્ય સતત અને સાતત્યપૂર્ણ વીજપુરવઠો પૂરો પાડી રહ્યું છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષમાં ૧૯ નવાં સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યાં છે અને જિલ્લામાં કાર્યરત કુલ સબસ્ટેશનોની સંખ્યા ૯૩ થઈ છે. જિલ્લામાં આગામી બે નાણાકીય વર્ષમાં અન્ય ૧૧ સબસ્ટેશન કાર્યરત કરવાનું આયોજન છે, જે પૈકી ૬૬ કે.વી.ના ધ્રાંગધ્રા અને મૂળી તાલુકામાં ત્રણ-ત્રણ, વઢવાણમાં બે તથા ચોટીલા અને લખતર તાલુકામાં ૧-૧ સબસ્ટેશન તેમજ પાટડી તાલુકામાં ધામા ખાતે ૨૨૦ કે.વી.નું સબસ્ટેશન સ્થાપવાનું આયોજન છે.

મુખ્યમંત્રીશ્રીએ આ તકે સુરેન્દ્રનગર, જૂનાગઢ, બોટાદ, ભાવનગર, કચ્છ, મોરબીમાં કુલ ૧૩ સબસ્ટેશન્સ અને સમી પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ કર્યું હતું અને મહેસાણા જિલ્લામાં નવા બનનારા ૬૬ કે.વી.નાં બે સબસ્ટેશનનાં ખાતમુહૂર્ત પણ કર્યાં હતાં. ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ પાટડીની સૂરજમલજી હાઈસ્કૂલના રૂ. ૩.૬૪ કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત થયેલા નવા બિલ્ડિંગનું પણ લોકાર્પણ કર્યું હતું.

આ કાર્યક્રમમાં કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી ડૉ. મહેન્દ્રભાઈ મુંજપરા, વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણા, મંત્રી શ્રી દેવાભાઈ માલમ સહિતના અગ્રણીઓ-અધિકારીશ્રીઓ-પદાધિકારીઓ તથા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# વિરમગામ તાલુકા પંચાયતના નવા ભવનનું લોકાર્પણ



ઘરઆંગણે ઉકેલી શકાય તેવા પ્રશ્નો માટે લોકોને જિલ્લા કે રાજ્ય કક્ષાએ ના જવું પડે તે માટે રાજ્ય સરકારે સંવેદનાપૂર્ણ અભિગમ અપનાવ્યો છે તેમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં વિરમગામમાં તાલુકા પંચાયતના ભવનના લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું. આ ભવન રૂ. 2.4 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે. આ સાથે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને 'મૈં નહીં હમ'ના કર્મધ્યેય સાથે અમદાવાદ જિલ્લાના વિરમગામ ખાતે જિલ્લા વહીવટી તંત્રની સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમીક્ષા બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ તમામ પદાધિકારીઓના સવાલો સાંભળીને વહીવટી તંત્ર સાથે ઉકેલ અંગેની છણાવટ કરી હતી અને જણાવ્યું હતું કે આ પ્રશ્નો અન્ય રીતે ઉકેલવા માટે વહીવટી તંત્ર કાર્યશીલ હોય છે, પરંતુ ક્યાંક નિયમોના અર્થઘટન અથવા અન્ય કોઈ રીતે અટવાયેલા પ્રશ્નો સત્વરે પૂરા થાય તેવી તાકીદ પણ કરી હતી. તંત્ર અને પ્રતિનિધિઓ એકબીજા સાથે સંકલન સાધીને કાર્યપ્રણાલી આગળ વધારે તો પ્રશ્નો ઉપસ્થિત જ ન થાય ત્યારે આ કાર્યક્રમને પરિણામલક્ષી બનાવવા મુખ્યમંત્રીશ્રીએ સૂચન કર્યું હતું.

આ સમીક્ષા બેઠકમાં મુખ્યમંત્રીશ્રી સમક્ષ રોડ, પાણી, ગટર, ઓવરબ્રિજ, સિંચાઈ, વીજળી, શિક્ષણ, વરસાદી પાણીનો નિકાલ, રસ્તા પહોળા કરવા જેવા અનેકવિધ પ્રશ્નો રજૂ કરાયા હતા. આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ ઘરઆંગણે ઉકેલી શકાય તેવા પ્રશ્નો સત્વરે ઉકેલવા વહીવટી તંત્રના અધિકારીઓને તાકીદ કરી હતી.

આ પ્રસંગે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા, ધારાસભ્યશ્રીઓ, જિલ્લાના અધિકારીશ્રીઓ સહિત જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ધોલેરામાં એરપોર્ટના વિકાસ માટે રૂ. ૧૩૦૫ કરોડ મંજૂર

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને મળેલી આર્થિક બાબતોની કેબિનેટ કમિટીએ ધોલેરામાં ન્યૂ ગ્રીનફિલ્ડ એરપોર્ટ વિકાસ પ્રોજેક્ટના પ્રથમ તબક્કાને રૂ. ૧૩૦૫ કરોડ રૂપિયાના ખર્ચે હાથ ધરવા મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ આગામી ૪૮ મહિનામાં પૂર્ણ કરવાનો રહેશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના સર્વગ્રાહી વિકાસને નવી દિશા અને ગતિ આપનારા આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટને મંજૂરી આપવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્ર સરકારનો ગુજરાતની જનતા જનાર્દન વતી હૃદયપૂર્વક આભાર માન્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ દેશના ગ્રોથ એન્જિન એવા ગુજરાતમાં આ ગ્રીનફિલ્ડ એરપોર્ટ પ્રોજેક્ટના પ્રથમ તબક્કાને મંજૂરી આપતાં મલ્ટિમોડેલ કનેક્ટિવિટી અને પી.એમ. ગતિશક્તિનાં ભવિષ્યલક્ષી આયોજન સફળતાપૂર્વક રીતે સાકાર થઈ શકશે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, આ પ્રોજેક્ટ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા, નેશનલ ઇન્ડસ્ટ્રિયલ કોરિડોર ડેવલપમેન્ટ એન્ડ ઇમ્પ્લિમેન્ટેશન ટ્રસ્ટ તથા ગુજરાત સરકારના સંયુક્ત સાહસ ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડ મારફતે સાકાર થવાનો છે.

ધોલેરાનું આ સૂચિત ઇન્ટરનેશનલ એરપોર્ટ ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રીજિયનના કાર્ગો ટ્રાફિક હેન્ડલિંગ દ્વારા ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટની આસપાસના ઔદ્યોગિક વિસ્તારોના કાર્ગો પરિવહન હબ તરીકે વિકસાવવામાં વેગ મળશે તથા અમદાવાદ એરપોર્ટના અન્ય વિકલ્પ તરીકે પણ ઉપયોગી થશે. અમદાવાદથી અંદાજે ૮૦ કિ.મી.ના અંતરે આવેલું સૂચિત ધોલેરા એરપોર્ટ આગામી ૨૦૨૫-૨૬ સુધીમાં કાર્યરત થવાનું આયોજન છે. આ એરપોર્ટ શરૂઆતના તબક્કે વાર્ષિક ૩ લાખ પેસેન્જરનું વહન કરશે, જે ભવિષ્યના બે દાયકામાં - ૨૦ વર્ષમાં વાર્ષિક ૨૩ લાખ પેસેન્જર સુધી પહોંચવાનો અંદાજ છે. મુખ્યમંત્રીશ્રીએ ડબલ એન્જિન સરકારના બેવડા લાભ સાથે આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ વર્લ્ડક્લાસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે ઉપયુક્ત બનશે તે અંગે પણ કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કર્યો છે. ●

## સાંસદ ખેલસ્પર્ધાનો સમાપન સમારોહ યોજાયો

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલો ખેલમહાકુંભ આજે રાષ્ટ્રીય સ્તરે ખેલો ઇન્ડિયા સ્વરૂપે પ્રસ્થાપિત થયો છે. યુવાનો મોબાઇલમાં વ્યસ્ત રહીને સમય બગાડે તેના બદલે આવી સ્પર્ધામાં ભાગ લઈ સ્વસ્થ રહી શકે છે, સ્પોર્ટ્સ ક્ષેત્રે આગળ વધી શકે છે. અમદાવાદમાં તાજેતરમાં યોજાયેલી સાંસદ ખેલસ્પર્ધાના સમાપન સમારોહમાં વિજેતા ખેલાડીઓને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પારિતોષિક આપીને પ્રોત્સાહિત કર્યા હતા.



અમદાવાદના ટ્રાન્સ્ટેડિયા ખાતે સાંસદ ખેલસ્પર્ધાના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રીશ્રીએ ગૌરવભેર જણાવ્યું હતું કે, જલેબી-ગાંઠિયા અને ઢોકળાં ખાનારા તરીકેની ગુજરાતીઓની છાપ ગુજરાતના રમતવીરોએ હવે ભૂંસી નાખી છે. ગત ઓલિમ્પિકમાં ગુજરાતની ૬ મહિલા ખેલાડીઓએ ભાગ લઈ ગુજરાત અને દેશનું ગૌરવ વધાર્યું છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ પશ્ચિમના સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકી દ્વારા આયોજિત ખેલસ્પર્ધામાં ૧૧ જેટલી રમતોમાં ૫૦૦થી વધુ ખેલાડીઓ-સ્પર્ધકો સહભાગી થયા હતા.

સાંસદ ખેલસ્પર્ધાની વિવિધ રમતોમાં હિસ્સો લઈને વિજેતા થનાર રમતવીરોને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે સાંસદ ડૉ. શ્રી કિરીટભાઈ સોલંકીએ કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રમતવીરોને ખૂબ પ્રોત્સાહન આપ્યું છે, જેના પરિણામરૂપે આંતરરાષ્ટ્રીય સ્તરે રમતવીરો શ્રેષ્ઠ પ્રદર્શન થકી દેશને મેડલ અપાવી ગુજરાત અને દેશનું નામ રોશન કરી રહ્યા છે.

આ કાર્યક્રમમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર, સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, ઓલિમ્પિક પદક વિજેતા શ્રી બજરંગ પુનિયા સહિત ધારાસભ્યશ્રીઓ, પદાધિકારીઓ તથા ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## કેનેડાના મુંબઈ સ્થિત કોન્સ્યુલ જનરલ CMની મુલાકાતે

કેનેડાના મુંબઈ સ્થિત કોન્સ્યુલ જનરલ સુશ્રી દિરાહ કેલી (Ms. Diedrah Kelly)એ તાજેતરમાં ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં કેનેડા-ભારત અને ગુજરાત વચ્ચેના પરસ્પર ઉષ્માપૂર્ણ સંબંધો અને ખાસ કરીને શિક્ષણ, ઔદ્યોગિક રોકાણો તેમજ ગ્રીન એન્વાયર્નમેન્ટ, ક્લીનટેક જેવા વિષયોમાં સહભાગિતાની તકો વિશે ફળદાયી પરામર્શ તેમણે કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથેની વાતચીતમાં કોન્સ્યુલ જનરલ સુશ્રી કેલીએ જણાવ્યું કે, કેનેડાએ ઓટોમોટિવ, ક્લીન ટેક-રિન્યુએબલ એનર્જી, શિક્ષણ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, લાઇફ સાયન્સીસ જેવાં સેક્ટર્સમાં બહુવિધ તકો પર ધ્યાન કેન્દ્રિત કરીને અમદાવાદમાં એક ટ્રેડ કમિશનર સર્વિસ ઓફિસ શરૂ કરી છે તેને રાજ્ય સરકાર દ્વારા મળી રહેલા સહયોગની તેમણે પ્રસંશા કરી હતી. ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ કેનેડામાં અભ્યાસ માટે જાય છે તેનો પણ તેમણે વિશેષ ઉલ્લેખ આ મુલાકાત બેઠક દરમિયાન કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ તકે જણાવ્યું હતું કે, ભારતના ફાઇનાન્સિયલ અને ટેક્નોલોજી ગેટ-વે અને વિશ્વકક્ષાની માળખાકીય સુવિધા ધરાવતા ગિફ્ટ સિટીમાં કેનેડાની ફાઇનાન્સિયલ સંસ્થાઓ, ફિનટેક કંપનીઓ અને કેનેડિયન પેન્શન ફંડ માટે વિશાળ તકો રહેલી છે.

તેમણે કેનેડાની આ ક્ષેત્રની સંસ્થાઓને ગિફ્ટ સિટીમાં રોકાણો માટે આવવા આમંત્રણ પણ પાઠવ્યું હતું. એટલું જ નહિ, કેનેડિયન કંપનીઓને ક્લીન એનર્જી, ગ્રીન મોબિલિટી, ઉપરાંત ગ્રીન એનર્જી માટે સોલાર, વિન્ડ, ગ્રીડ ઇન્ટિગ્રેશન અને ગ્રીન હાઇડ્રોજન ટેક્નોલોજી વગેરેમાં સંશોધન તેમજ નવીનતા માટે ગુજરાતમાં રોકાણની તકો અંગે પણ સંભાવનાઓ ચકાસવા મુખ્યમંત્રીશ્રીએ આ બેઠકમાં સૂચન કર્યું હતું.



કેનેડાના ઉદ્યોગોની વેસ્ટ વોટર મેનેજમેન્ટ ટેક્નોલોજી અને સ્લમ એરિયામાં રિસાઇકલ્ડ વોટરના પ્રોજેક્ટ વિશેની જાણકારી પણ કેનેડાના કોન્સ્યુલ જનરલે આ બેઠકમાં આપી હતી. આ બેઠકમાં ઉદ્યોગ વિભાગના કાર્યકારી અધિક મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા અને અધિકારીઓ સહભાગી થયા હતા. ●

# રાજ્યની GIDCમાં શ્રમયોગીઓ માટે શ્રમનિકેતન બનશે



ગુજરાત સરકારે રાજ્યની ઔદ્યોગિક વસાહતોમાં રોજગારી મેળવતા શ્રમયોગીઓ અને તેમના આશ્રિતો માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં એક અભિનવ પહેલ કરી છે. રાજ્ય સરકારના શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ સંચાલિત શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા શ્રમનિકેતન યોજના અમલમાં મૂકવામાં આવી છે. જે ઔદ્યોગિક વસાહતોમાં ૧૫ હજારથી વધુ શ્રમિકો કાર્યરત હોય તેવી ઔદ્યોગિક વસાહતોમાં શ્રમયોગીઓને રહેવા માટે શ્રમનિકેતન ઊભાં કરવામાં આવશે. આ હેતુસર રાજ્યની વિવિધ ઔદ્યોગિક વસાહતોનાં સંગઠનો સાથે પરામર્શમાં રહી શ્રમનિકેતન યોજનાનો પ્રચાર-પ્રસાર કરાશે.

દેશના ગ્રોથ એન્જિન એવા ગુજરાતમાં મોટાપાયે કાર્યરત ઉદ્યોગોમાં રોજગારી માટે આવતા અન્ય રાજ્યોના શ્રમયોગીઓ સહિતના શ્રમયોગીઓને આવી શ્રમનિકેતન હોસ્ટેલ આવાસની સુવિધા પૂરી પડાશે. શ્રમયોગીઓના જીવનધોરણને ધ્યાને લેતાં તેમની રહેવા માટેની મુશ્કેલી આવી હોસ્ટેલથી મહદ્ અંશે નિવારી શકાશે.

ગુજરાતમાં આવા પ્રથમ શ્રમનિકેતનનો આરંભ કરવા માટે સાણંદ જીઆઈડીસી ઈન્ડસ્ટ્રિયલ એસોસિયેશન અને વેલ્ફેર કમિશનર, શ્રમયોગી કલ્યાણ બોર્ડ વચ્ચે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં MoU સંપન્ન થયા હતા.

આ શ્રમયોગી હોસ્ટેલ ગ્રાઉન્ડ ફ્લોર ઉપરાંત ૭ માળની બનશે અને ૪૧૩૮ સ્ક્વેર મીટરમાં નિર્માણ પામશે. શ્રમયોગી કલ્યાણ કેન્દ્ર, મલ્ટિપર્પઝ હોલ, ડાઈનિંગ હોલ જેવી અદ્યતન સુવિધા ધરાવતી આ હોસ્ટેલ - શ્રમનિકેતન અંદાજે ૧૦ કરોડ રૂપિયાના ખર્ચે પી.પી.પી. ધોરણે ૨૮ મહિનામાં પૂર્ણ કરાશે. સાણંદ જીઆઈડીસી ઈન્ડસ્ટ્રિયલ એસોસિયેશનના સહયોગથી નિર્માણ થનારી આ હોસ્ટેલમાં અંદાજે ૧ હજાર ઉપરાંત શ્રમયોગીઓ રહી શકે તેવી વ્યવસ્થા કરાશે.

આ MoU પર સાણંદ ઈન્ડસ્ટ્રિયલ એસોસિયેશનના પ્રમુખ શ્રી અજિતભાઈ શાહ અને રાજ્ય સરકાર વતી વેલ્ફેર કમિશનર શ્રી દિગંત બ્રહ્મભટ્ટે હસ્તાક્ષર કર્યા હતા. આ MoU અવસરે મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનાં અગ્ર સચિવ ડૉ. શ્રીમતી અંજુ શર્મા, લેબર કમિશનર શ્રી અનુપમ આનંદ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## ગુજરાતમાં IT/ITES સેક્ટરમાં

# રોકાણોને પ્રોત્સાહનથી રોજગાર નિર્માણની તકો વધશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે આઈ.ટી. અને આઈ.ટી.ઈ.એસ. સેક્ટરમાં રોકાણો તેમજ રોજગાર નિર્માણને વેગ આપવા ઘડેલી IT/ITES પોલિસી ૨૦૨૨-૨૭ને રોકાણકારોનો વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે. આ બંને ક્ષેત્રોના પ્રતિષ્ઠિત ઉદ્યોગ-રોકાણકારો, કંપની સંચાલકો ગુજરાતની આ પોલિસીના પ્રોત્સાહક લાભથી પ્રેરિત થઈ રાજ્યમાં રોકાણો માટે આવતા થયા છે.

તાજેતરમાં મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં વધુ બે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સાયન્સ ટેક્નોલોજી મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. રાજ્ય સરકારના સાયન્સ ટેક્નોલોજી વિભાગ અને GESIA આઈ.ટી એસોસિયેશન વચ્ચે સમજૂતી કરાર થયા હતા. આ એસોસિયેશનની વિવિધ ૧૦ જેટલી કંપનીઓ કુલ રૂ. બે હજાર કરોડનું રોકાણ આગામી પાંચ વર્ષમાં IT ક્ષેત્રે કરવાની છે અને તેના દ્વારા અંદાજે ૬૭૫૦ લોકોને રોજગારીની વિવિધ તકો મળશે.

GESIA રાજ્યમાં લીઝ, કોમર્શિયલ ઓફિસ સ્પેસ, આઈ.ટી. સોફટવેર એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, માનવસંસાધન, ડેટા સેન્ટર, આર એન્ડ ડી, ક્લાઉડ વગેરે વિષયોમાં પોતાની સેવાઓ આપશે.

આ MoU ઉપરાંત અમદાવાદ સ્થિત ઈન્ટિગ્રિટી ગ્રુપ જે લીડિંગ આઉટસોર્સિંગ અને ફિનટેક કંપની છે તેણે પણ રાજ્ય સરકારના સાયન્સ ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટ સાથે MoU કર્યા હતા. રાજ્ય સરકારની આઈ.ટી.-આઈ.ટી.ઈ.એસ. પોલિસી-૨૦૨૨-૨૭થી પ્રેરિત થઈને ઈન્ટિગ્રિટી ગ્રુપે કરેલા MoU અંતર્ગત આગામી ત્રણથી પાંચ વર્ષમાં તેઓ રૂ. ૧૦૦થી ૧૫૦ કરોડનું રોકાણ કરશે તથા ત્રણ હજાર જેટલા લોકોને રોજગારીના અવસર પૂરા પાડશે.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, સાયન્સ ટેક્નોલોજી સચિવ શ્રી વિજય નહેરા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ●

## એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજે

# દેશ-વિદેશમાં પોતાની અલગ ઓળખ ઊભી કરી




દેશ આઝાદીનાં 75 વર્ષ પૂરાં થવા અવસરે અમૃત મહોત્સવ ઊજવી રહ્યો છે, ત્યારે અમદાવાદની એલ. ડી. એન્જિનિયરિંગ કોલેજ પણ તેની સ્થાપનાનાં 75 વર્ષ પૂર્ણ થવાની ઉજવણી કરી રહી છે, એ ગુજરાત અને દેશ માટે ગૌરવની વાત છે, તેમ એલ. ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગના ૭૫મા સ્થાપના દિન પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું. ગુજરાતની સૌથી જૂની એલ. ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગના સ્થાપના દિવસના સમારોહ ‘સમર્પણ’માં મુખ્યમંત્રીશ્રીની સાથે શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી અને મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારંભમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિદ્યાર્થીઓ સાથે હળવી શૈલીમાં પોતાની કોલેજકાળ દરમિયાનની યાદો પણ તાજી કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ એલ. ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગની સ્થાપનાનાં ૭૫ વર્ષ પૂર્ણ થવા બદલ એલ. ડી કોલેજ પરિવારને શુભકામનાઓ પાઠવી હતી. તેમણે કહ્યું હતું કે, એલ. ડી. કોલેજનો અત્યાર સુધીનો ગ્રાફ આપણને ગૌરવની અનુભૂતિ કરાવે છે.

આ પ્રસંગે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યુવાનો શિક્ષણ ક્ષેત્રમાં ઉજ્જવળ કારકીર્દી ઘડે તે માટે સ્ટાર્ટ-અપ યોજના ચાલુ કરી છે. યુવાનોમાં પડેલી શક્તિ પૈસાના અભાવથી પાછી ના પડવી જોઈએ તેવા ઉમદા હેતુથી શ્રી નરેન્દ્રભાઈએ આ યોજના ચાલુ કરી છે. રાજ્ય સરકાર પણ યુવાનોને પ્રોત્સાહિત કરતી યોજનાઓ અન્વયે તમામ પ્રકારની મદદ કરવા કટિબદ્ધ છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.



આ પ્રસંગે શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતાં કહ્યું હતું કે, તમે જે જ્ઞાન મેળવી રહ્યા છો એ જ્ઞાન સમાજના ઘડતરમાં ઉપયોગી થાય એવું દાયિત્વ તમારે નિભાવવાનું છે. શિક્ષણમંત્રીએ એલ. ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગમાંથી પણ વધુમાં વધુ સ્ટાર્ટ-અપ તૈયાર કરવાનું વિદ્યાર્થીઓને આહ્વાન કર્યું હતું.

આ અવસરે શિક્ષણમંત્રી શ્રી વાઘાણીએ એલ. ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગને 75 વર્ષ પૂર્ણ થવા અવસરે રોબોટિક ઓટોમેશન અને આર્ટિફિશયલ ઇન્ટેલિજન્સ મશીન લર્નિંગ એમ બે નવી ફેકલ્ટી ૨૦૨૨-૨૩ના વર્ષથી આપવાની જાહેરાત પણ કરી હતી. આ સાથે, શિક્ષણ વિભાગે અગાઉ અદ્યતન લેબ માટે મંજૂર થયેલી રૂ. ૧૦ કરોડની ગ્રાન્ટ પુનઃ જીવિત કરી કોલેજને આપવાની જાહેરાત કરી હતી.

આ અવસરે અરવિંદ મિલના એમ. ડી. શ્રી સંજય લાલભાઈએ જણાવ્યું હતું કે, શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ અને શ્રી સારાભાઈ પરિવારે અમદાવાદમાં અસંખ્ય શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરીને અમદાવાદને વર્લ્ડ મેપ પર મૂક્યું છે. હવે, આપણી જવાબદારી છે કે, એલ. ડી. કોલેજ પણ દુનિયાની અગ્રગણ્ય કોલેજમાં સ્થાન પામે.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીના હસ્તે 'LDCE કનેક્ટ' એપનું લોન્ચિંગ પણ કરવામાં આવ્યું હતું. આ ‘સમર્પણ’ સમારંભમાં ધારાસભ્ય શ્રી વિવેકભાઇ પટેલ, એલ. ડી કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રાજુલ ગજ્જર, ટેક્નિકલ શિક્ષણ નિયામક શ્રી જી. ટી. પંડ્યા તથા તમામ ફેકલ્ટીઓ, પદ્મશ્રી એસ. એસ. રાઠોર, ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓ સહિતના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●

### એરિયા એડોપ્શન સ્કીમ અંતર્ગત લોકસહયોગથી ટ્રાફિકના પ્રશ્નો ઉકેલાશે

# 'પોલીસ પ્રજાના મિત્ર' તરીકેની ભાવના જનમાનસમાં જાગે તે માટે અમદાવાદ પોલીસની 'પહેલ'



વાણી, વર્તન અને વ્યવહારમાં કર્મયોગ ભાવથી ફરજરત પોલીસદળની ગરિમાને વધુ ઊંચાઈએ લઈ જવી છે, પોલીસ જવાનનો પીપલ ફ્રેન્ડલી એપ્રોચ હંમેશાં લોકોની પ્રશંસા મેળવતો હોય છે અને સારાં કાર્યોની છાપ જનમાનસમાં કાયમ રહેતી હોય છે, તેમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદમાં યોજાયેલા એક દિવસીય સેમિનારમાં જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને પ્રેરણાથી અમદાવાદ શહેર પોલીસે જવાનોને સ્ટ્રેસ મેનેજમેન્ટ, કાયદા-નિયમો, બિહેવિયરલ ટ્રેનિંગ જેવા વિષયો પર તાલીમ આપવાનો નવતર અભિગમ અપનાવી એક દિવસીય સેમિનાર 'પહેલ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ એક દિવસીય સેમિનારમાં પોલીસ અને પ્રજા વચ્ચેના સંબંધો વધુ સૌજન્યશીલ, સૌહાર્દપૂર્ણ બને તેમજ 'પોલીસ પ્રજાના મિત્ર તરીકે પ્રજા સાથે, પ્રજા માટે, પ્રજા પડખે છે' તે ભાવના જનમાનસમાં જાગે તેવા આશયથી વિવિધ વિષય નિષ્ણાતો, પદાધિકારીઓ, પોલીસ અધિકારીઓ દ્વારા સામૂહિક ચિંતન-મનન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ 'પહેલ' સેમિનારનો પ્રારંભ ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, મેયર શ્રી કિરીટભાઈ પરમાર અને અમદાવાદ શહેર પોલીસ તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં કરાવ્યો હતો.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ શહેર



ટ્રાફિક નિયમન સરળતાથી થાય અને લોકોને વાહન ચાલનમાં વધુ સગવડ મળે તે માટે અમદાવાદ શહેર પોલીસે ઘડેલી 'એરિયા એડોપ્શન સ્કીમ' લોન્ચ કરી હતી. આ સ્કીમ અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં તબક્કાવાર લોન્ચ કરાશે. આ એરિયા એડોપ્શન સ્કીમ શરૂ થવાથી જે-તે સ્થાનિક વિસ્તારના જનસહયોગ અને સૂચનોથી ટ્રાફિક સમસ્યા નિવારી શકાશે.

મુખ્યમંત્રીશ્રીએ 'પહેલ' સેમિનારમાં વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ'થી કામ કરવાની જે દિશા આપી છે, તે દિશામાં પોલીસ વિભાગે 'પહેલ' સેમિનાર અને 'એરિયા એડોપ્શન સ્કીમ'થી વધુ એક કદમ ભર્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ નાનામાં નાના માનવીથી લઈને સૌ કોઈના સન્માનને મહત્ત્વપૂર્ણ ગણાવી પોલીસ અને પ્રજા વચ્ચે સૌહાર્દ અને પરસ્પર સન્માનસભર વ્યવહાર ખૂબ આવશ્યક હોવાનો મત વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સમસ્યાના પાયામાં જઈને તેને ઉકેલવામાં આવે તો પ્રયાસો સફળ થતા હોય છે અને સારાં પરિણામો મળતાં હોય છે. પોલીસ માનવીય સંવેદના સાથે આવા પ્રયાસો કરતી રહી છે તે પણ પ્રશંસનીય છે.

આ પ્રસંગે મેયર શ્રી કિરીટભાઈ પરમારે જણાવ્યું હતું કે, એરિયા એડોપ્શન સ્કીમમાં અમદાવાદ મહાનગરપાલિકા પણ કદમથી કદમ મિલાવીને પોલીસ વિભાગને પૂરેપૂરો સહકાર આપશે. અમદાવાદ પોલીસ, સ્થાનિક લોકો અને જનપ્રતિનિધિઓ એકસાથે બેસીને ટ્રાફિક સમસ્યાઓ પર પરામર્શ કરીને તેના ઉકેલ લાવશે.

શહેર પોલીસ કમિશનર શ્રી સંજય શ્રીવાસ્તવે પહેલ અને આસ (AAS) સ્કીમનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે, ૧૫,૦૦૦ પોલીસકર્મીઓને આગામી ત્રણ મહિના દરમિયાન વિવિધ વિષય નિષ્ણાતો, મનોચિકિત્સકો, પત્રકારો, વકીલો દ્વારા તાલીમબદ્ધ કરવામાં આવશે. અમદાવાદ શહેરમાં ટ્રાફિક અવેરનેસ અને વ્યવસ્થાપન બાબતે દાયકાઓથી સક્રિય રહેલા મહાનુભાવોનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માન કરાયું હતું.

આ સમારોહમાં મ્યુનિસિપલ કમિશનર શ્રી લોચન સહેરા, સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ગૌતમ પરમાર, સંયુક્ત પોલીસ કમિશનર શ્રી અજય ચૌધરી, ક્રેડાઈ અને ગાઈડના પદાધિકારીઓ તેમજ શહેર પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહભાગી થયા હતા. ●

# સરકારી યોજનાઓનો લાભ સીધો નાગરિકોને મળતો થયો



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની રાજનીતિનો નવો માર્ગ અપનાવ્યો છે. તેમના માર્ગદર્શનમાં ગુજરાતનો ઉત્તરોત્તર વિકાસ થઈ રહ્યો છે. ૨૦ વર્ષનો વિશ્વાસ ઊભો કરવો એ બહુ મોટી વાત છે અને તે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશ અને દુનિયાને દેખાડી દીધું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદમાં ઝી-૨૪ કલાક ન્યુઝ ચેનલ દ્વારા 'વિશ્વાસનાં ૨૦ વર્ષ' વિષય પર આયોજિત કોન્કલેવમાં ઉપસ્થિત રહીને જણાવ્યું હતુ કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સામાન્યમાં સામાન્ય માનવી અને છેવાડાના માનવીના વિકાસમાં કોઈ તકલીફ ન પડે તે મુજબનો વિકાસ કર્યો છે. આજે કરોડો રૂપિયાના વિકાસનાં કામો રાજ્યમાં થઈ રહ્યાં છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સાબરમતી રિવરફ્રન્ટનું ઉદાહરણ આપતાં કહ્યું કે, આપણે સૌ જાણીએ છીએ કે સાબરમતીની સ્થિતિ ૨૦ વર્ષ પહેલાં કેવી હતી અને આજે કેવી છે. આજે દેશ અને દુનિયાના પર્યટકો સાબરમતી રિવરફ્રન્ટની મુલાકાત લઈ રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આજે રાજ્યમાં ગામેગામ આરોગ્ય, પાણી, રસ્તા અને વીજળીની સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. આમ દરેક સુવિધા ગામ, તાલુકા અને જિલ્લા સુધી સરકાર દ્વારા પહોંચાડવામાં આવી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌનો સાથ - સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસથી આગળ વધવા માટે સતત પ્રોત્સાહન આપ્યું છે. કોઈપણ નાત-જાત અને ધર્મના નાગરિકો પણ વિકાસની કેડી પર સતત આગળ વધે તેવાં કાર્યો અને પ્રયાસો સતત હાથ ધરવામાં આવી રહ્યાં છે. મુખ્યમંત્રીશ્રીએ આપણે સૌ સાથે મળીને શ્રી નરેન્દ્રભાઈના સંકલ્પ 'આત્મનિર્ભર ભારત' બનાવવા કટિબદ્ધ થઈએ એવી સંકલ્પના વ્યક્ત કરી હતી. આ અવસરે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા, મેયર શ્રી કિરીટભાઈ પરમાર, ચેનલના વડા તથા પદાધિકારીઓ તેમજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# રાજ્યમાં વાહનોના ફિટનેસ ટેસ્ટિંગ માટે પોલિસી જાહેર

ગુજરાતમાં રોડ પર મુસાફરોની સલામતી જળવાય, પ્રદૂષણની માત્રામાં ઘટાડો આવે અને રોડનો ઉપયોગ કરતાં વાહનોની ફિટનેસની કામગીરી સંપૂર્ણપણે કોઈ પણ માનવીય હસ્તક્ષેપ વિના થઈ શકે તે જરૂરી છે. રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારે બહાર પાડેલા નોટિફિકેશનના અનુસંધાને કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ અંગે માહિતી આપતાં વાહનવ્યવહાર મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારની જોગવાઈઓને સંપૂર્ણપણે લાગુ કરી PPP મોડેલ આધારિત ફિટનેસ ટેસ્ટિંગ પોલિસી જાહેર કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

રાજ્યમાં વાહનોના ફિટનેસ ટેસ્ટિંગ માટે PPP ધોરણે ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન સ્થાપવા માટે તમામ અરજદારોને સમાન તક આપવામાં આવશે. કેન્દ્રનાં ધારાધોરણ મુજબની લાયકાતો પરિપૂર્ણ કરતાં તમામને સ્ટેશનો સ્થાપવાની મંજૂરી આપવામાં આવશે અને એક અરજદાર વધુમાં વધુ ૧૦ સ્ટેશન સ્થાપી શકશે.

સ્ટેશન સ્થાપવા માટે અરજદારોની વ્યથાને સમજી 'પ્રીલિમિનરી રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ' મેળવવા માટે જગ્યાની અનુકૂળતા કરવા ૬ માસ સુધીમાં લીઝ એગ્રીમેન્ટ રજૂ કરવાની શરતી મંજૂરી આપવાનો અભિગમ રાજ્ય સરકારે દાખવ્યો છે. ટેસ્ટિંગ સ્ટેશન પર ટેસ્ટના બુકિંગ અને ફી સહિતની તમામ પ્રક્રિયા કેન્દ્ર સરકારની જોગવાઈઓ મુજબ ઓનલાઈન તેમજ નજીકના આર.ટી.ઓ.-એ.આર.ટી.ઓ.ની દેખરેખ હેઠળ રહેશે.

ફિટનેસ સ્ટેશન પરથી થયેલી ફિટનેસ પ્રત્યે જો નાગરિકોને કોઈ અસંતોષ હોય તો વાહનમાલિક જે તે રીજિયનની આર.ટી.ઓ. કચેરીને અપીલ કરી શકશે. સંપૂર્ણ પારદર્શી પ્રક્રિયા સાથે અરજદારને આ સુવિધા મળી રહેશે. રાજ્ય સરકાર દ્વારા પ્રીલિમિનરી રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ ઈશ્યુ થયાના ૧૨ માસના સમયગાળામાં ઓટોમેટેડ ફિટનેસ સ્ટેશન કાર્યરત કરવાનું રહેશે તેમ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

આ ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન પર કામગીરી હેવી ગુડ્ઝ વ્હીકલ અને હેવી પેસેન્જર વ્હીકલ માટે ૧લી એપ્રિલ-૨૦૨૩થી તેમજ મીડિયમ ગુડ્ઝ, મીડિયમ પેસેન્જર અને લાઇટ મોટર વ્હીકલ માટે ૧લી જૂન-૨૦૨૪થી શરૂ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ સેન્ટર શરૂ કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા જે જોગવાઈઓ કરવામાં આવી છે તે મુજબ જરૂરી માળખાકીય સવલતો-સાધનો અને અને સમગ્ર ફિટનેસની ઓનલાઇન પારદર્શી કાર્યપદ્ધતિ, સેન્ટરની સ્થાપના માટેના દસ્તાવેજો, ફી અને કાર્યપદ્ધતિ, સેન્ટરની કામગીરી પ્રત્યે અસંતોષના કિસ્સામાં અપીલની જોગવાઈ તેમજ લાંબા ગાળા સુધી પારદર્શી પ્રક્રિયા જળવાઈ રહે તે માટે દર છ માસે કેન્દ્ર સરકારની માન્ય એજન્સીઓ દ્વારા ઓડિટ કરવામાં આવશે. ●



**ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં નવી દિલ્હી ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની શુભેચ્છા મુલાકાત લઇ, ગુજરાતના વિકાસ અને ભાવિ આયોજનની માહિતી આપી હતી. તેમજ રાજ્યના વિકાસ અંગે ચર્ચા વિચારણા કરી હતી. આ ઉપરાંત રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર શ્રીમતી દ્રૌપદી મુર્મૂના ઉમેદવારી નામાંકન પ્રસંગે હાજરી આપી હતી.**

## અંગદાન માટે બીજાને પ્રેરણા આપવી જોઈએઃ CM

અંગદાન ટીમવર્કથી થતું કામ છે. અંગદાતા વ્યક્તિના પરિવારજનો, તબીબો, વહીવટી તંત્ર સૌ સાથે મળીને, એક વિચાર એક લક્ષ્યથી અંગદાનનું કામ પાર પાડતાં હોય છે. જેને પરિણામે જરૂરીયાતમંદ વ્યક્તિને નવું જીવન મળતું હોય છે એમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું છે.




તેમણે કહ્યું કે રાજ્ય સરકાર અને સેવાભાવી સંસ્થાઓના સંયુક્ત પ્રયાસોને પરિણામે રાજ્યમાં અંગદાન ક્ષેત્રે સારાં પરિણામો જોવા મળ્યાં છે. પહેલાં કરતાં વધુ જાગૃતિ આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઓર્ગન ડોનર - અંગદાતા પરિવારજનોનું ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાને આયોજિત સમારોહમાં સન્માન કર્યું હતું.

આ સમારોહમાં મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, મૃતક સ્વજનનાં અંગોનું દાન કરનારા પરિવારજનોની લાગણી-ભાવનાનું વર્ણન થઈ શકે નહીં, તે શબ્દોથી પર હોય છે. આવી દુ:ખની ઘડીમાં અંગદાનનો ઉત્કૃષ્ટ નિર્ણય લેવો, બીજાના ભલાનો વિચાર કરવો તે પ્રશંસાપાત્ર છે.

મુખ્યમંત્રીશ્રીએ અંગદાતાના પરિવારજનોને મદદરૂપ થવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી, સાથે-સાથે અંગદાન બાબતે બીજાને પ્રેરણા આપતા રહેવાની હિમાયત પણ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ અંગદાન ક્ષેત્રે કાર્યરત સેવાભાવી સંસ્થાના કર્મચારીઓ અને સ્ટેટ ઓર્ગન એન્ડ ટિશ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઇઝેશન (SOTTO)ના સભ્યોનું પણ સન્માન કર્યું હતું.

અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના વડા શ્રી દિલીપભાઈ દેશમુખે કહ્યું કે, એક પરિવારનો દીપક ઓલવાય ત્યારે અંગદાનનો નિર્ણય બીજા અનેક કુળદીપકને પ્રજ્વલિત કરતો હોય છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી રાકેશ જોશીએ અંગદાતા પરિવારજનોનો આભાર માન્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ સિવિલ કેમ્પસમાં સ્થિત સ્ટેટ ઓર્ગન એન્ડ ટિશ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઇઝેશન (SOTTO)ની કામગીરીને પરિણામે ગુજરાતમાં અંગદાનનું પ્રમાણ ખૂબ જ વધ્યું છે, ઉપરાંત અંગદાન બાબતે લોકોમાં વ્યાપક જાગૃતિ પણ આવી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ગત ૧૬ મહિનામાં અંદાજે ૭૪ વ્યક્તિનાં ૨૩૪ અંગોનું દાન મળ્યું છે, જેના પગલે ૨૧૨ વ્યક્તિઓને નવજીવન મળ્યું છે.

સન્માન સમારોહ અવસરે રાજ્યમંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયા, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાશનાથન, અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, સોટ્ટો તેમજ અમદાવાદ સિવિલ હોસ્પિટલના વરિષ્ઠ તબીબો, અધિકારીશ્રીઓ અને અંગદાતા પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગુજરાતના આંગણે રમત - ગમત ક્ષેત્રની પ્રથમ 'રાષ્ટ્રીય પરિષદ'



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં વિશ્વમાં રમત-ગમત ક્ષેત્રે ભારત શ્રેષ્ઠ પ્રદર્શન કરે તેના સામૂહિક ચિંતન મંથન માટે દેશની સૌ પ્રથમ એવી રમત-ગમત અને યુવા બાબતોના મંત્રીઓની દ્વિ-દિવસીય પરિષદ સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગર ટેન્ટસીટીમાં યોજાઈ હતી. દેશના વિવિધ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના રમત-ગમત મંત્રીશ્રીઓ, રમત-ગમતના સચિવશ્રીઓ અને ભારત સરકારના સંબંધિત મંત્રાલયોના ઉચ્ચ અધિકારીશ્રીઓ આ પરિષદમાં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રાષ્ટ્રીય પરિષદના બીજા દિવસે કેન્દ્રીય રમત-ગમત અને યુવા બાબતોના મંત્રી શ્રી અનુરાગ સિંહ ઠાકુર, કેન્દ્રીય રમત-ગમત રાજ્ય મંત્રી શ્રી નિશિથ પ્રમાણિક તેમજ રાજ્યનાં રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી આ પરિષદમાં જોડાયા હતા. મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશા દર્શનમાં ભારતની ખેલ-કૂદ ઈકો સિસ્ટમને વધુ મજબૂત બનાવી ખેલ-કૂદ વિશ્વના નકશે દેશને વધુ ઊંચુ સ્થાન અંકિત કરાવવામાં આ રાષ્ટ્રીય પરિષદમાં થયેલું વિચાર-મંથન અને નિષ્કર્ષ અતિ મહત્વપૂર્ણ બનશે.

વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં ખેલાડીઓને અદ્યતન તાલીમથી સજ્જ થઇ વિશ્વ કક્ષાની રમતોમાં ઉજ્જવળ દેખાવ માટેની તકો પ્રાપ્ત થઇ છે. તાજેતરમાં ગુજરાત સ્પોર્ટ્સ પોલીસી પણ લોન્ચ કરી છે. આ ક્ષેત્રમાં વિકાસના આગામી તબક્કાઓમાં આ પોલીસી માર્ગદર્શન આપશે. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી રમતવીરોને વૈજ્ઞાનિક તાલીમ આપવાનું એક સક્ષમ માધ્યમ અને સ્પોર્ટ્સ કારકિર્દી નિર્માણનું ક્ષેત્ર પણ બની છે.

વર્તમાન સમયની અદ્યતન ટેક્નોલોજી સાથે જોડીને તેને સમયાનુકૂળ ઓપ આપવાની જરૂરિયાત છે. આ પરિષદનું સામૂહિક વિચાર-મંથન એ દિશામાં ઉત્તમ પ્લેટફોર્મ બનશે. ખેલાડીઓ, કોચ, ટ્રેનર્સ અને અન્ય લોકોને તેમની સાચી ક્ષમતાનો અહેસાસ કરવામાં મદદ માટે વૈજ્ઞાનિક રીતે તાલીમ અને વૈજ્ઞાનિક જ્ઞાન આપવાની જરૂર છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. ●

# 'કલ્પતરૂહ' પ્રોજેક્ટનો પ્રારંભ કરાવતા CM

આપણા ગૌરવશાળી ઈતિહાસ અને માનવીય મૂલ્યોની સંસ્કૃતિનો આપણો વારસો નવી પેઢીને આપવો ખૂબ જરૂરી છે. આવું જ સુંદર કાર્ય બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં છ લાખ જેટલા અને સમગ્ર ભારતમાં ૪૦ લાખ જેટલા વૃક્ષોનું વાવેતર કરી તેનું જતન કરવાનો એક લક્ષ્યાંક સાથે બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા કલ્પતરૂહ પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી છે. જેનો ગુજરાતમાં ગાંધીનગરથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રારંભ કરાવતા જણાવ્યુ કે, આપણી પાસે અત્યંત સમૃદ્ધ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસો છે. આપણે વસુધૈવ કુટુંબકમ્‌ની ગૌરવશાળી સંસ્કૃતિના સંસ્કારો આપણને વારસામાં મળ્યા છે.

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ પ્રકૃતિપ્રેમ, પર્યાવરણની જાળવણી સાથે પ્રગતિનો મંત્ર આપ્યો છે. આપણે જ્યારે આઝાદીના અમૃત મહોત્સવ સાથે પર્યાવરણ પ્રેમનો અવસર ઉજવી રહ્યા છીએ, ત્યારે દેશના ભવ્ય વારસાના વિશેષ ગૌરવની પણ અનુભૂતિ થઈ રહી છે. બ્રહ્માકુમારી જેવી સંસ્થા આ દિશામાં ખૂબ જ મહત્વનું કામ કરી રહી છે. એ માટે હું તેમના સંચાલકોને હૃદયપૂર્વક અભિનંદન આપું છું. દેશની સ્વતંત્રતાના અમૃત મહોત્સવ અને આત્મનિર્ભર ભારતની પહેલને કેન્દ્રમાં રાખી બ્રહ્માકુમારી સંસ્થા એ વ્યાપક આયોજન કર્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, આઝાદીના અમૃત વર્ષે વડાપ્રધાનશ્રીએ આપણને દેશ માટે કોઈને કોઈ સંકલ્પ લેવાનું આહ્વાન કર્યું છે. આઝાદીનાં ૭૫ વર્ષના ઉપલક્ષ્યમાં બ્રહ્માકુમારી દ્વારા પણ સળંગ ૭૫ દિવસ ૭૫ ભાઈ-બહેનો, ૭૫ વૃક્ષ વાવીને એનું ઓછામાં ઓછા ૭૫ દિવસ જતન કરે તેઓ એક સંદેશો ફેલાવતો કલ્પતરૂહ પ્રોજેક્ટ ગુજરાતમાં આરંભ્યો છે. આ પ્રોજેક્ટ થકી ગુજરાતમાં છ લાખ જેટલા અને સમગ્ર ભારતમાં ૪૦ લાખ જેટલા વૃક્ષોનું વાવેતર કરી તેનું જતન કરવાનો એક લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

આ પ્રસંગે રાજયોગિની ઉષાદીદીએ આ ઉમદા પ્રોજેકટ પાછળના ભાવની વાત કરી હતી. તેમજ મહાનુભાવોનું સ્વાગત ગાંધીનગર બ્રહ્માકુમારીઝની સંચાલિકા રાજયોગીની કૈલાસદીદીએ કર્યું હતું. આ પ્રસંગે મેયર શ્રી હિતેષ મકવાણા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ●

### વીસ જ દિવસમાં ૨૨ વીજ સબસ્ટેશનોના લોકાર્પણ-ખાતમુહૂર્ત

# રાજ્યમાં ગુણવત્તાયુક્ત વીજળી આપવા પ્રતિબદ્ધ સરકાર




દેશના ગ્રોથ એન્જિન એવા ગુજરાતમાં વિકાસની ગતિ વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમા વધુ વેગવાન બનાવવા ટીમ ગુજરાત સતત કર્તવ્યરત છે. ઉર્જા, શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષા જેવી મૂળભૂત બાબતો પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરીને સૌનો વિકાસ કરવાની રાજ્ય સરકારની નેમ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભરૂચના ઝઘડીયામાં આયોજિત સમારોહમાં એક જ સ્થળેથી એક સાથે ૪ વીજ સબસ્ટેશનના ઇ-લોકાર્પણ અને એક વીજ સબસ્ટેશનનું ભૂમિપૂજન કર્યું હતું. આ અવસરે ભારતના નવનિર્માણમાં ગુજરાત ઉર્જા, શિક્ષણ સહિતના લોકોને સ્પર્શતા તમામ ક્ષેત્રોમાં આત્મનિર્ભરતાનું અજવાળું ફેલાવવા પ્રતિબદ્ધ છે એમ મુખ્યમંત્રીશ્રીએ ગર્વભેર કહ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભરૂચના વાલિયામાં રૂ.૭.૬૨ કરોડના ખર્ચે નિર્માણ થનારા ૬૬ કે.વી. સબસ્ટેશનનું ઈ-ભૂમિપૂજન પણ કર્યું હતું. કુલ રૂા.૩૩ કરોડના ખર્ચે નિર્માણ પામેલા આ સબસ્ટેશનોથી અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ, ભરૂચના ઝઘડીયા તથા સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના ૪૫ ગામોના કુલ ૨૨,૫૦૧ વીજગ્રાહકો અને ૧૧૧૬ ખેતીવાડી ગ્રાહકો મળી કુલ ૨૩,૬૧૭ ગ્રાહકોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો પ્રાપ્ત થશે. જ્યારે ભરૂચના વાલીયા તાલુકામાં રૂ.૮ કરોડના ખર્ચે કોંઢ સબસ્ટેશન સાકાર થશે. જેના કારણે આસપાસના ૧૦ કિ.મી. વિસ્તારના ૯ ગામોના ૨૦૦૦ વીજ ગ્રાહકોને વીજ સુવિધા મળશે.

આ સમારોહમાં રાજ્યને વીજળીના ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાની સંકલ્પબદ્ધતા દોહરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં અંતરિયાળ વિસ્તારમાં પણ ગુણવત્તાયુક્ત વીજળી આપવાની પ્રતિબદ્ધતા સાથે છેલ્લા ૨૦ દિવસમા ૨૨ વીજ સબસ્ટેશનના લોકાર્પણ અને ખાતમુહૂર્ત ગુજરાત સરકારે કર્યા છે. એટલું જ નહીં, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં આદિવાસી વિસ્તારોમાં પાછલા બે દસકામાં ૨૭૭ નવા વીજ સબસ્ટેશન ઊભા કર્યા છે. રાજ્યના છેવાડાના ગામો સુધી વીજસુવિધા પહોંચતા લોકોનું જીવન સુવિધાયુક્ત બન્યું છે, એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, વીજળી માનવજીવનમાં કેન્દ્રસ્થાને છે. રાજ્ય સરકાર વીજ ઉત્પાદન અને વિતરણની પદ્ધતિમાં પરિવર્તન લાવી ગુજરાતમાં નવા વીજ સબસ્ટેશનો કાર્યરત કરી રહી છે. વીજળી મળતા ગ્રામ્ય વિસ્તારમાં સારી આરોગ્ય સુવિધાઓ પહોંચતી થઈ છે. સરકારી દવાખાનાઓની સાથે સાથે ખાનગી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલો, ઉદ્યોગો, કારખાનાઓ ધમધમતા થયા છે, જેના કારણે રોજગારીના અવસરો પણ વધ્યા છે.

આ પ્રસંગે ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં માથાદીઠ વીજ વપરાશ વધ્યો છે તેમ છતાં રાજ્ય સતત અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પૂરો પાડી રહ્યું છે. યુક્રેન અને રશિયાના યુદ્ધ દરમ્યાન સમગ્ર દેશમાં કોલસાની અછત સર્જાઈ, પરંતુ ગુજરાતમાં આ પ્રકારની અછત મુખ્યમંત્રીશ્રીના સફળ નેતૃત્વમાં સર્જાઈ નથી. દેશમાં દર વ્યક્તિ સરેરાશ ૧૧ યુનિટ વીજ વપરાશ કરે છે, ત્યારે ફક્ત ગુજરાતના નાગરિકો ૨૨ યુનિટ વીજ વપરાશ કરી રહ્યાં છે. ઉપરાંત ગ્રાહક ઇન્ડેક્ષમાં પણ ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે, જે પારદર્શી વહીવટની નિશાની છે. સાંસદ શ્રી મનસુખભાઈ વસાવાએ જણાવ્યું કે, નવા વીજ સબ સ્ટેશનોના કારણે ઉદ્યોગકારો, ખેડૂતો સહિત આમ જનતાને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે બહોળો ફાયદો થશે.

નોંધનીય છે કે, અમદાવાદ જિલ્લામાં હાલ ૮૫, ભરૂચમાં ૬૨ અને સાબરકાંઠામાં ૫૯ વીજ સબસ્ટેશન કાર્યરત છે. આગામી બે વર્ષોમાં આ ત્રણેય જિલ્લામાં કુલ મળીને ૩૯ નવા સબસ્ટેશન નિર્માણ કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે. આ વેળાએ અસ્મિતા વિકાસ કેન્દ્ર-ત્રાલસા દ્વારા ૧૧૦૦ દીકરીઓને સુકન્યા સમૃદ્ધિ યોજના હેઠળ લાભાન્વિત કરવા માટે મુખ્યમંત્રીશ્રીને રૂ.૧૧ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી દુષ્યંતભાઈ પટેલ, ધારાસભ્ય અરૂણસિંહ રાણા, જિલ્લા વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ, જેટકોના અધિકારીઓ - કર્મચારીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ●



# દેશના પ્રથમ ડાયનાસોર મ્યૂઝિયમનું રૈયોલીમાં લોકાર્પણ

ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘ દૃષ્ટિવંત નેતૃત્વમાં રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રે હરણફાળ વિકાસ થયો છે. આજે ગુજરાત પ્રવાસીઓ માટે બેસ્ટ ચોઈસ ઓફ ડેસ્ટિનેશન બન્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ટીમ ગુજરાતના પ્રયાસથી પ્રવાસન ક્ષેત્રનો વિકાસ થઈ રહ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે મહીસાગર જિલ્લાના રૈયોલીમાં ગુજરાત રાજ્ય પ્રવાસન નિગમ દ્વારા રૂ.૧૬.૫૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલા દેશના સૌ પ્રથમ અને વિશ્વના ત્રીજા ફોસીલ પાર્ક - ડાયનાસોર મ્યૂઝિયમ ફેઝ - 2ના વિકાસકામોનું નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણ, આરોગ્ય રાજ્યમંત્રી શ્રીમતી નિમિષાબેન સુથારની ઉપસ્થિતિમાં લોકાર્પણ કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગ અને પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળ્યો છે. ગુજરાત આજે વિશ્વના નક્શામાં મહત્વના પ્રવાસન કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. રૈયોલીના ડાયનાસોર મ્યૂઝિયમથી ગુજરાતે પ્રવાસન ક્ષેત્રે એક મહત્વપૂર્ણ સિધ્ધિ હાંસલ કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાતની ધરતીના ગૌરવની વધુ એક ઝાંખી વિશ્વને જોવા મળવાની છે. અત્યાર સુધી ડાયનાસોર વિશે માત્ર કલ્પનાઓ કરી હતી. કેવા મહાકાય દેખાતા હતા ! શું ખાતા હતા ! કેવી રીતે જીવતા હતા ! આ બધી કલ્પનાઓનો જવાબ અહીં મ્યૂઝિયમ જોયા પછી મળશે. વિશ્વનું આ ત્રીજું ડાયનાસોર મ્યૂઝિયમ વિશ્વના અનેક પ્રવાસીઓ, પુરાતત્વ વિદો અને વિષય નિષ્ણાતો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.

મહીસાગર જિલ્લો તેના અદભત કુદરતી સૌંદર્યને કારણે પ્રવાસન ક્ષેત્રના વિકાસની અનેક સંભાવનાઓ ધરાવે છે. રાજ્ય સરકારે પ્રવાસન દ્વારા સ્થાનિકોને રોજગારી મળે, જિલ્લાની અર્થવ્યવસ્થાને પ્રોત્સાહન મળે તેવા હેતુથી 'મહીસાગર ટુરિસ્ટ સર્કિટ' વિકસાવવાનું આયોજન હાથ ધર્યું છે. તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, આગામી ત્રણ વર્ષમાં કડાણા એરિયા ડેવલપમેન્ટ, સ્વરૂપ સાગર લેક ડેવલપમેન્ટ, કલેશ્વરી ડેવલપમેન્ટ, કેદારેશ્વર ધામોદ ડેવલપમેન્ટ, માનગઢ હિલ ડેવલપમેન્ટ તેમજ ગલતેશ્વર ડેવલપમેન્ટ, ડાકોર ડેવલપમેન્ટ જેવા અનેક કામો હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ગુજરાતમાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે પ્રતિબધ્ધ છે. રૈયોલીનું આ ડાયનાસોર પાર્ક ગુજરાત, દેશ અને વિશ્વ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે, એટલુ જ નહી ડાયનાસોરની સૃષ્ટિમાં રસ ધરાવતા સંશોધકો અને યુવાનો માટે રસપ્રદ બની રહેશે.

ઉલ્લેખનીય છે કે, મ્યૂઝિયમમાં લગભગ ૪૦ જેટલાં ડાયનોસોરના સ્કલ્પચર પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા છે. જે તેમના કદ, આકાર, આદતો અને રહેણાંક વિસ્તારની સચોટ માહિતી પૂરી પાડે છે. અહીં, બાળકોના મનોરંજન માટે 'ડિનો ફન' પણ બનાવવામાં આવ્યું છે. અહીં આવતા પ્રવાસીઓ પાર્ક અને મ્યૂઝિયમમાં લગાવવામાં આવેલા ડાયનોસોરના સ્ટેચ્યુ સાથે ફોટા - સેલ્ફી પણ લઈ શકે છે. આ તકે મુખ્યંત્રીશ્રી તથા મહાનુભાવોએ ડાયનાસોર મ્યૂઝિયમની મુલાકાત લઈ ૫-ડી થિયેટર, ડિજિટલ ફોરેસ્ટ, ૩૬૦ ડિગ્રી વર્ચ્યુઅલ રિયાલિટી, એક્સપેરીમેન્ટ લેબ, સેમી સર્ક્યુલર પ્રોજેક્શન, મૂડ લાઈટ, ૩-ડી પ્રોજેક્શન મેપિંગ સહિત હોલોગ્રામનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરી નિહાળ્યું હતું.

આ પ્રસંગે સાંસદ શ્રી રતનસિંહ રાઠોડ, ધારાસભ્ય શ્રી જીગ્નેશભાઈ સેવક, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રમીલાબેન ડામોર સહિત વિશાળ સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●

## સુરતમાં બન્યો ગુજરાતનો પ્રથમ
# મલ્ટિ-લેયર અને મલ્ટિ-ડિરેક્શન રેલવે ઓવરબ્રિજ



સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત-મુંબઈ વેસ્ટર્ન રેલવેલાઈન પર સહારા દરવાજા રેલવે ગરનાળા ઉપર રૂ. ૧૩૩.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત સુરતની શાનસમા અને ગુજરાતના સૌપ્રથમ મલ્ટિ-લેયર અને મલ્ટિ-ડિરેક્શન રેલવે ઓવરબ્રિજ/ફ્લાય ઓવરબ્રિજનું સાંસદ શ્રી સી. આર. પાટીલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સાથે સુરતવાસીઓને ૧૧૭મા ફ્લાયઓવર બ્રિજની ભેટ મળી હતી. કેન્દ્રીય રેલવે રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશ અને શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયા આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

સહારા દરવાજા પાસે લોકાર્પણ સમારોહમાં સંબોધન કરતા સાંસદ શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, સુરતના ચોમેર વિકાસની સાથોસાથ શ્રેણીબદ્ધ રિવર બ્રિજ, ફ્લાયઓવર બ્રિજ બનવાથી સમગ્ર સુરતનો વાહનવ્યવહાર સરળ-સુગમ બન્યો છે. બ્રિજના માર્ગમાં આવતી બાબાસાહેબ આંબેડકર અને છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાઓને સર્વસંમતિથી સલામત સ્થળે ખસેડવામાં આવી હતી. આ બ્રિજ બનવાથી લાખો વાહનચાલકોને ટ્રાફિકજામની સમસ્યામાંથી કાયમી છુટકારો મળશે. ઉપરાંત, લોકોના સમય અને ઈંધણની પણ બચત થશે.

કેન્દ્રીય રેલવે રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશે જણાવ્યું હતું કે, ગુજરાત અને કેન્દ્રમાં ડબલ એન્જિનની સરકારના ડબલ ફાયદાઓ મળે છે તે સુરત શહેર પુરવાર કરી રહ્યું છે. કેન્દ્રીય મંત્રાલય, કોર્પોરેશન અને કેન્દ્ર સરકારના સમન્વયથી સુરતનો સર્વાંગી અને ઝડપી વિકાસ થઈ રહ્યો છે. હાલમાં જ હિમાચલ પ્રદેશના ધર્મશાળા ખાતે આયોજિત સમિટમાં સુરત શહેરના વિકાસની પ્રશંસા થઈ રહી હતી. સુરતના વિકાસમાં યશકલગી સમાન આ બ્રિજની નોંધ રાષ્ટ્રીય સ્તરે લેવાઈ રહી છે, જે સુરત માટે ગૌરવની ક્ષણ છે. કેન્દ્રીય મંત્રીશ્રીએ રેલવે વિભાગ અને પાલિકાતંત્રના આગવા આયોજનના પરિણામે અતિ વ્યસ્ત એવા આ માર્ગ પર વાહન-વ્યવહાર બંધ કર્યા વિના અને નિયત સમયમાં બ્રિજનું કાર્ય પૂર્ણ કરવાની સિદ્ધિ મેળવી છે એમ જણાવી તંત્રની કામગીરીની સરાહના કરી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય સર્વશ્રી કિશોરભાઈ કાનાણી, સંગીતાબહેન પાટીલ, વી. ડી. ઝાલાવાડિયા, ઝંખનાબહેન પટેલ, કાંતિભાઈ બલર, વિવેકભાઈ પટેલ, મેયર શ્રી હેમાલીબહેન બોઘાવાલા, ડે. મેયરશ્રી દિનેશભાઈ જોધાણી, વિવિધ કમિટીના ચેરમેનો, કોર્પોરેટરો સહિત મહાનુભાવો અને શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. ●



### મલ્ટિ-લેયર ઓવરબ્રિજ સુરતનું વધુ એક નવલું નજરાણું

*મલ્ટિ-લેયર બ્રિજ નિર્માણ થવાથી રિંગરોડ ફ્લાયઓવર બ્રિજ પરથી સીધેસીધા સુરત-કડોદરા રોડ તરફ રેલવેલાઈન ક્રોસ કરીને જઈ શકાય છે. શહેરના વરાછા વિસ્તાર થઈ સુરત-કામરેજ રોડ તરફ જતો અલગ રેમ્પ આપવામાં આવ્યો છે, જેથી રિંગરોડથી વરાછા વિસ્તાર થઈ સુરત કામરેજ રોડ તરફ જવા માટેની પણ એક નવી કનેક્ટિવિટી મળી છે. તેમજ રેલવેસ્ટેશન તરફથી સુરત-કડોદરા રોડ તરફ જતાં વાહનો પણ આ બ્રિજનો ઉપયોગ કરી શકશે, જેથી અતિ વ્યસ્ત આ માર્ગ પર વાહનચાલકોને ટ્રાફિકજામની સમસ્યામાંથી કાયમી મુક્તિ મળી છે. સુરત-મુંબઈ રેલવેલાઈન ઉપર આવેલા રેલવે ગરનાળા જ૪૫માંથી પણ રસ્તા લેવલ વાહનવ્યવહાર બંને દિશામાં અવરજવર કરશે. ઉપરાંત ગરનાળાની ઉપરથી મુંબઈ તરફ તેમજ સુરત તરફ બંને દિશામાં ટ્રેનો અવરજવર કરી શકશે. આ નવો બ્રિજ સાકાર થતાં બ્રિજ ઉપર વાહનવ્યવહાર બંને દિશામાં ચાલુ રહેતાં આ જગ્યાએ ત્રણેય લેયરમાં ટ્રાન્સપોર્ટ સુવિધા એકસાથે જોવા મળશે. બ્રિજના કારણે સુરત શહેરની ટ્રાફિક સમસ્યા હલ થશે જ, સાથે શહેરના પ્રદૂષણમાં ઘટાડો થતાં શહેરના એર ક્વોલિટી ઈન્ડેક્સમાં પણ સુધારો થશે.* ●

# ન્યુઝ ફ્લેશ

- સુરતના હજીરા ખાતે દેશના સર્વપ્રથમ સ્ટીલ સ્લેગના ઉપયોગથી નિર્મિત એક કિલોમીટર લંબાઈના ૬ લેન હાઈવેનું લોકાર્પણ કેન્દ્રીય સ્ટીલ મંત્રી શ્રી રામચંદ્રપ્રસાદ સિંહે કર્યું હતું. કેન્દ્રીય મંત્રીશ્રીએ રસ્તાનું લોકાર્પણ કરતી વેળાએ તમામ કચરાને સંપત્તિમાં રૂપાંતરિત કરીને અર્થતંત્રને મજબૂત કરવા અને સંસાધનોના રચનાત્મક ઉપયોગ પર ભાર મૂક્યો હતો.
- પાલનપુરમાં કેન્દ્ર સરકારની ૮ વર્ષની ઉપલબ્ધિઓ, ગરીબ કલ્યાણ અને સેવા સુશાસન કાર્યક્રમની ગ્રામવિકાસમંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ), મિશન મંગલમ, મુદ્રા યોજના, સ્વચ્છ ભારત મિશન (ગ્રા)/ગ્રે-વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સહિતની સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ કરવામાં આવ્યું.
- જામનગરમાં હજારો નગરજનોની ઉપસ્થિતિમાં મલ્ટિમીડિયા શો થકી વતનના વિસરાયેલા વીરોની વાત વીરાંજલિ કાર્યક્રમમાં રજૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે દેશ માટે શહાદત વહોરનારા વીરોનાં બલિદાનોના કારણે આજે આપણે આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યા છીએ તેમ જણાવી ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ દેશના વીરોની ગાથાને બિરદાવી હતી.
- સરકાર દ્વારા દરેક નાગરિકોને પીવાનું ચોખ્ખું પાણી નિયત સમયે મળી રહે તે માટે વિવિધ પ્રકલ્પો દ્વારા આયોજનો કરવામાં આવી રહ્યાં છે. મોરબી જિલ્લામાં પીવાના પાણીના વિતરણ તેમજ પાણી સંબંધિત પ્રશ્નોની સમીક્ષા અંગેની બેઠકનું પંચાયત રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાના અધ્યક્ષસ્થાને આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં મંત્રીશ્રીએ જિલ્લામાં ક્યાંય પણ પાણીની મુશ્કેલી ન પડે તે માટે પાણીપુરવઠાના અધિકારીઓને તાકીદ કરી હતી.
- તાપીના વ્યારામાં કૃષિ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને કેન્દ્ર સરકારની ૮ વર્ષની ઉપલબ્ધિઓ ગરીબ કલ્યાણ, સેવા સુશાસન કાર્યક્રમ યોજાયો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, લોકો સામે હાથ લંબાવવો ન પડે તે માટે આત્મનિર્ભર બની સન્માન અપાવવાનું કામ વડાપ્રધાનશ્રીએ કર્યું છે.
- સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ-ઇનોવેશન પોલિસી હેઠળ 6900થી વધુ આઈડિયામાંથી સ્ટાર્ટ-અપ શરૂ કરવા સહાય અપાઈ. 300 સ્ટાર્ટ-અપનું આઇ-હબ સાથે ઈન્ક્યુબેટ, 11 લાખ વિદ્યાર્થીઓએ ઈનોવેશનની સમજ મેળવી.
- કોરોના બાદ આયુર્વેદ-યોગની સ્થિતિ જાણવા પ્રથમ વાર દેશભરમાં સર્વે થશે. સર્વે રિપોર્ટના આધારે નવી આયુષ પોલિસી ઘડાશે. મિનિસ્ટ્રી ઓફ સ્ટેટિસ્ટિક્સના કેન્દ્ર-રાજ્યના 125થી વધુ ફીલ્ડ ઓફિસરો દ્વારા એક વર્ષ સુધી સર્વે કરાશે.
- કોરોનામાં માતા-પિતા ગુમાવનારાં સંતાનો માટે ડિપ્લોમા ઈજનેરી કોલેજોમાં અભ્યાસક્રમદીઠ બેઠકો ફાળવાઈ. કોરોનામાં મૃત્યુ પામેલાં માતા-પિતાનાં સંતાનો માટે ડિપ્લોમા ઈજનેરી કોલેજોમાં અભ્યાસક્રમદીઠ બે બેઠકો (સુપર ન્યુમરરી) ફાળવવાનો એઆઈસીટીઈએ નિર્ણય લીધો છે.
- ક્લાઈમેટ ચેન્જની સોલાર રૂફટોપ યોજનામાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે. સોલાર રૂફટોપ યોજનામાં પાંચ વર્ષમાં 3.53 લાખને સબસિડી ચૂકવાઈ. બેટરી ઓપરેટેડ વાહનો માટે વિદ્યાર્થીઓને 43 કરોડની ડી.બી.ટી.થી ચૂકવાયા.
- રાજ્યમાં મેડિકલ, ઈજનેરી, સહિતના 65 હજાર વિદ્યાર્થીને MYSYની 298 કરોડની સ્કોલરશિપ મળી. વર્ષ 2021-22માં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓને સ્કોલરશિપ એનાયત કરવાની કામગીરી ચાલુ.
- અમદાવાદમાં વિવિધ 21 સ્થળે ફક્ત મહિલાઓ માટે પિન્ક ટોઈલેટ બનાવાશે. પ્રારંભમાં સાત ઝોનદીઠ ત્રણ પિન્ક ટોઈલેટ બનાવવા મંજૂરી આપવામાં આવી.
- દેશમાં સાણંદ સહિતનાં નગરોમાં ESIની 23 નવી હોસ્પિટલ બનાવવામાં આવશે. 62 ડિસ્પેન્સરી પણ ઊભી કરાશેઃ વર્ષના અંત સુધીમાં દેશમાં ઈએસઆઇ યોજના અમલી થશે. કર્મચારી રાજ્ય વીમા યોજના(ઇ.એસ.આઇ.સી.)નો નિર્ણય.
- દેશના મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં 45 ટકા હિસ્સા સાથે ગુજરાતનું યોગદાન સૌથી વધુ ફાર્મા, સિરામિક, ડાયમંડ-જ્વેલરી, ઓટો-એન્સિલરી, કેમિકલ્સ, એનર્જી-સોલાર, ટેક્સટાઈલ ક્ષેત્રે ગુજરાતના ઉદ્યોગો ટોચ પર.
- નવી સ્પોર્ટ્સ પૉલીસી હેઠળ રાજ્યમાં ઈન-સ્કૂલ શાળાઓની સંખ્યા 240થી વધારી 600 કરવાનો લક્ષ્યાંક, 5 લાખ બાળકોને ટ્રેનિંગ મળશે. ખેલ-મહાકુંભમાં જે શાળાનાં બાળકો સારું પ્રદર્શન કરે તેને વ્યવસ્થાને આધારે મળે છે ઈન-સ્કૂલનો દરજ્જો.
- સૌથી વધુ 22 સરકારી ડિજિટલ સ્કૂલો અમદાવાદમાં, આ વર્ષે વધુ 44 બનશે. સરકારી યોજનાઓ અને અભ્યાસને કારણે છેલ્લાં આઠ વર્ષમાં 40 હજારથી વધુ વિદ્યાર્થીઓ ખાનગી સ્કૂલમાંથી મ્યુનિ. સ્કૂલમાં આવ્યા. ●

# ઉત્તર ગુજરાતનાં ૧૩૫ ગામોના પીવાના - સિંચાઈના પ્રશ્નનું નિરાકરણ



ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને પાટણનાં ૧૩૫ ગામોના ખેડૂતો, પશુપાલકો તથા ગ્રામીણ વસ્તીને પીવાનું અને સિંચાઈનું પાણી પહોંચાડવાનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે માનવીય સંવેદનાસ્પર્શી મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આ નિર્ણય મુજબ સુજલામ સુફલામ યોજના અન્વયે કસરા-દાંતીવાડા ઉદવહન પાઈપલાઈન માટે રૂ. 1566 કરોડના કાર્યને મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત ડીંડરોલ-મુક્તેશ્વર ઉદવહન પાઈપલાઈન માટે પણ રૂ. ૧૯૧.૭૧ કરોડનાં કામો હાથ ધરવાની મંજૂરી આપી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બનાસકાંઠા જિલ્લાની, ખાસ કરીને પાલનપુર અને વડગામ તાલુકાની ગ્રામીણ વસ્તી, પશુપાલકો, ખેડૂતોની આ પાણી માટેની લોકલાગણી અને માંગણીનો સકારાત્મક પ્રતિસાદ આપ્યો છે. આ બંને ઉદવહન પાઈપલાઈન યોજના સાકાર થવાથી અત્યાર સુધી નર્મદા મુખ્ય નહેરની સિંચાઈ સુવિધાથી વંચિત રહેલા બનાસકાંઠા જિલ્લાના પૂર્વ પ્રદેશના વિસ્તારોમાં સિંચાઈ સહિતના પાણીનો વિશ્વસનીય સ્રોત ઊભો થશે. રાજ્યના બહુધા વિસ્તારોમાં નર્મદાનાં પાણીનો લાભ આપવાના હેતુથી હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રીપદ તરીકેના કાર્યકાળ દરમિયાન ૨૦૦૪માં સુજલામ સુફલામ યોજના અમલમાં મૂકી હતી.

આ યોજનાના એક ભાગરૂપે ઉત્તર ગુજરાતના જિલ્લાઓને નર્મદા જળ આપવા નર્મદા મુખ્ય નહેર આધારિત ૧૪ પાઈપલાઈન યોજનાના આયોજનમાંથી ૧૨ પાઈપલાઈન યોજનાઓ પૂર્ણ થઈને કાર્યરત પણ થઈ ગઈ છે. હવે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બાકી રહેલી ૩૦૦ ક્યુસેકની વહનક્ષમતા ધરાવતી ૭૮ કિ.મી. લંબાઈની કસરા-દાંતીવાડા ઉદવહન પાઈપલાઈન યોજના માટે ૧૫૬૬.૨૫ કરોડ રૂપિયાની વહીવટી મંજૂરી આપી છે. તેના પરિણામે બનાસકાંઠા જિલ્લાના ડીસા, કાંકરેજ, દાંતીવાડા અને પાલનપુર તાલુકાના ૭૩ ગામોનાં ૧૫૬ તળાવોને પાઈપલાઈનથી જોડીને નર્મદા જળ અપાશે. આ ઉપરાંત પાટણ જિલ્લાના હારીજ અને સરસ્વતી તાલુકાનાં ૩૩ ગામોનાં ૯૬ તળાવો ભરવામાં આવશે. આ કસરા-દાંતીવાડા ઉદવહન પાઈપલાઈનથી સમગ્રતયા ૨૫૨ તળાવો નર્મદા જળથી ભરાવાને કારણે અંદાજે દોઢ લાખ હેક્ટર જમીનને સિંચાઈ લાભ તેમજ ૩૦ હજારથી વધુ ગ્રામીણ ખેડૂત પરિવારોને સિંચાઈ માટે, પીવા માટે અને પશુધન માટે પીવાના પાણીની સુવિધા વધુ સરળતાએ મળતી થશે.

આ ઉપરાંત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મુક્તેશ્વર ડેમમાં નર્મદા જળ પહોંચાડવા ૧૦૦ ક્યુસેકની વહનક્ષમતાવાળી ૩૩ કિ.મી. લાંબી ડીંડરોલ-મુક્તેશ્વર ઉદવહન પાઈપલાઈન યોજના માટે પણ ૧૯૧.૯૭ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે, જેના થકી વડગામ તાલુકાનાં ૨૪ ગામોનાં ૩૩ તળાવોને પાઈપલાઈનથી જોડવામાં આવશે. આ ઉપરાંત પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાનાં પાંચ ગામોનાં ૯ તળાવો જોડાશે તથા બનાસકાંઠાના પૂર્વ દિશાનાં ઊંચાઈવાળાં ગામોની ૨૦ હજાર હેક્ટર જમીનોને સિંચાઈનો લાભ અપાશે.

અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે બનાસકાંઠામાં સરદાર સરોવર નર્મદા મુખ્ય નહેરનો બહુધા પિયત વિસ્તાર પશ્ચિમ ભાગમાં આવેલો છે. જિલ્લાનો લગભગ ૨/૩ વિસ્તાર આ નર્મદા મુખ્ય નહેરની પૂર્વ દિશામાં છે અને તેને સિંચાઈની વિશ્વસનીય વ્યવસ્થા મળતી નહોતી. એટલું જ નહીં, ભૂગર્ભ જળસ્તર પણ સતત ઊંડાં જતાં અને રાજ્યમાં સૌથી વધુ પશુધન ધરાવતા બનાસકાંઠામાં પશુઓ માટે પણ પાણી ન મળવું એ ચિંતાનો વિષય હતો. મુખ્યમંત્રીશ્રીના આ જનહિતકારી અભિગમને કારણે હવે આ યોજનાઓ સાકાર થવાથી બનાસકાંઠામાં ગ્રામીણ વિસ્તારોમાં આવનારા સમયમાં નર્મદા જળ પીવાના તેમજ સિંચાઈના ઉપયોગ માટે ઉપલબ્ધ બનશે. ●

# નાણાં ધીરનાર ઓનલાઇન રજિસ્ટ્રેશન કરી શકશે



ગુજરાત સરકારના સહકાર વિભાગ હેઠળની જિલ્લા રજિસ્ટ્રાર કચેરીઓ દ્વારા નાણાં ધીરનાર શાહુકારોના રજિસ્ટ્રેશન માટેની પ્રક્રિયાને સરળ, પારદર્શક અને ફેસલેસ બનાવવાના હેતુથી શરૂ કરવામાં આવેલા 'ઈ-કોઓપરેટિવ પોર્ટલ' અંતર્ગત નવા રજિસ્ટ્રેશન તેમજ રિન્યુઅલ કરી શકાશે. આ પોર્ટલ શરૂ થવાથી હવે શાહુકારોએ જિલ્લા રજિસ્ટ્રારશ્રીની કચેરીમાં વારંવાર ધક્કા ખાવા નહીં પડે, જેથી વહીવટી તંત્ર તેમજ અરજદાર બંનેનાં સમયશક્તિનો બચાવ થશે. સહકાર વિભાગ દ્વારા શરૂ કરાયેલા આ પોર્ટલ https://ecooperative.gujarat.gov.in પર ઓનલાઈન માધ્યમથી અરજી કરનાર અરજદારને તાજેતરમાં સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના હસ્તે રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

રાજ્યના કોઈપણ વિસ્તારમાં નાણાં ધીરનાર શાહુકારો દ્વારા દર માસે કરવામાં આવતા ધંધાકીય વ્યવહારોનાં પત્રકો પણ ઓનલાઇન ભરવાની વ્યવસ્થા આ પોર્ટલ મારફતે કરવામાં આવી છે તેમજ નાણાં ધીરનારને લગતી કોઈપણ ફરિયાદ હોય તો હવે પછી જે-તે જિલ્લાની જિલ્લા રજિસ્ટ્રારશ્રીની કચેરી, જિલ્લા સેવા સદનમાં ફરિયાદ કરી શકાશે. ઉલ્લેખનીય છે કે, 'ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ-૨૦૧૧ અને નિયમો-૨૦૧૩' અંતર્ગત રાજ્યમાં નાણાં ધીરધારની પ્રવૃત્તિનું નિયમન કરવામાં આવે છે. ●

# શહેરોમાં જનસુવિધા માટે રૂ.૫૧૦૦ કરોડ ફાળવાશે

રાજ્યના નગરો-મહાનગરોના સુઆયોજિત સર્વગ્રાહી વિકાસ માટેની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૨૦૨૨-૨૩ના વર્ષ માટે ૫૧૦૦ કરોડ રૂપિયાની ફાળવણીનું આયોજન કર્યુ છે. રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગે આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજુ કરેલી વિસ્તૃત ફાળવણી આયોજન દરખાસ્તને તેમણે મંજૂરી આપી છે.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ ૫૧૦૦ કરોડ રૂપિયાની રાશિ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ તથા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા મહાનગરો, નગરો અને શહેરી વિકાસ સત્તામંડળોને આપવાની પણ અનુમતિ આપી છે.
તદ્અનુસાર, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડને રૂ. ૩૮૦૬ કરોડની રકમ રાજ્યના મહાનગરો, નગરો તથા સત્તામંડળોમાં વિવિધ જનહિત વિકાસ કામોના હેતુસર ઉપયોગમાં લેવા ફાળવવામાં આવશે અને ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશનને રૂ. ૧૨૯૪ કરોડ ફાળવવામાં આવશે.

GMFB અને GUDMને ફાળવાનારી આ રકમમાંથી રાજ્યની મહાનગરપાલિકાઓને રૂ. ૩૩૪૫ કરોડ, નગરપાલિકાઓને રૂ. ૧૬૨૮ કરોડ તથા શહેરી વિકાસ સત્તામંડળોને રૂ. ૧૨૭ કરોડની રકમ વિકાસ કામો માટે અપાશે. મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર, વિવિધ આંતર માળખાકીય વિકાસ કામો માટે ૮ મહાનગરપાલિકાઓને રૂ. ૧૯૧૭ કરોડ, નગર પાલિકાઓને રૂ. ૩૭૯ કરોડ અને શહેરી વિકાસ સત્તામંડળોને રૂ. ૭૨ કરોડ આપવાની જોગવાઇ સુનિશ્ચિત કરી છે.

મુખ્યમંત્રી શહેરી સડક યોજના માટે રૂ. ૫૦૦ કરોડની ફાળવણી થશે તેમાંથી ૮ મહાનગરપાલિકાઓને રૂ. ૩૦૦ કરોડ અને નગરપાલિકાઓને રૂ. ૨૦૦ કરોડ ફાળવવામાં આવશે. એટલું જ નહિ, ખાનગી સોસાયટી જનભાગીદારીના કામો માટે રૂ. ૩૫૦ કરોડ અને આગવી ઓળખના કામો માટે ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. મહાનગરપાલિકા તથા નગરપાલિકા વિસ્તારોમાં ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે ફલાય ઓવર બનાવવા માટે રૂ. ૨૫૦ કરોડ ફાળવાશે. આ ઉપરાંત ૮ મહાનગરપાલિકાઓના આઉટગ્રોથ વિસ્તાર વિકાસ માટે રૂ. ૨૩૮ કરોડની ફાળવણી થશે. આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યની જૂનાગઢ મહાનગરપાલિકા તથા ધ્રોલ નગરપાલિકાના વિવિધ વિકાસ કામો માટે રૂ. ૨૭ કરોડ ૩૧ લાખના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ આઠ મહાનગરોમાં વસ્તીના ધોરણે આંતરમાળખાકીય વિકાસ કામો માટે ગુજરાત મ્યુનિસીપલ ફાયનાન્સ બોર્ડ મારફતે રૂ. ૧૯૧૭ કરોડમાંથી ફાળવવાનું ઠરાવ્યું છે તેમાં અમદાવાદ મહાનગરપાલિકાને રૂ. ૭૧૦ કરોડ, સુરતને રૂ. ૫૮૦ કરોડ, વડોદરાને રૂ. ૨૧૮ કરોડ, રાજકોટને રૂ. ૧૭૨ કરોડ, ભાવનગર શહેરને રૂ. ૮૦ કરોડ, જામનગર માટે રૂ. ૭૬ કરોડ તેમજ જૂનાગઢને રૂ. ૪૦ કરોડ અને ગાંધીનગરને રૂ. ૪૧ કરોડ ફાળવવામાં આવશે. ●

# બાલવા-માણસાનો માર્ગ ચાર માર્ગીય બનશે



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પોતાની ત્વરિત નિર્ણાયકતાનો વધુ એક પરિચય આપતાં ખૂબ જ ઝડપી નિર્ણય લઈને બાલવા-માણસા રોડને ફોર લેન કરવા માટેની ૪૦ કરોડ રૂપિયાની દરખાસ્તને માત્ર એક જ મહિનાના ટૂંકા સમયગાળામાં મંજૂરી આપી છે. મુખ્યમંત્રીશ્રીએ આ માર્ગને ફોર લેન કરવાનાં કામો માટેની આપેલી મંજૂરીને પરિણામે ગાંધીનગર જિલ્લાનાં ૬ ગામોની અંદાજે ૨.૩૧ લાખ જનસંખ્યાને ભવિષ્યમાં અવર-જવર માટે વધુ સુવિધાસભર માર્ગ મળશે. એટલું જ નહીં, મહેસાણા જિલ્લાના તેમજ માણસાથી વિહાર, કડા, કુકરવાડા અને વિજાપુર વચ્ચે આવતાં ગામોને પણ આ ફોર લેન રોડનો લાભ આવનારા દિવસોમાં મળશે. મુખ્યમંત્રીશ્રીએ આ લોકહિત રજૂઆતોનો ત્વરિત સકારાત્મક પ્રતિસાદ આપતાં માર્ગ-મકાન વિભાગને બાલવા-માણસા માર્ગને ફોર લેન કરવાની કામગીરી હાથ ધરવા સૂચનાઓ આપી હતી. આ હેતુસર માર્ગ-મકાન વિભાગ દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ રજૂ થયેલી રૂ. ૪૦ કરોડનાં કામોની દરખાસ્તને તેમણે મંજૂરી આપી છે. મુખ્યમંત્રીશ્રીના દિશાદર્શનમાં રાજ્ય સરકારના વિભાગોએ જનહિતકારી વિકાસ કામો સમયમર્યાદામાં સત્વરે હાથ ધરવાની જે કાર્ય સંસ્કૃતિ વિકસાવી છે તેને આ બાલવા-માણસા માર્ગને ફોર લેન કરવાની મંજૂરીથી વધુ બળ મળશે. ●

# માળિયા-જાંબુડા પાટિયા કોસ્ટલ હાઈવે મંજૂર



રાજ્ય સરકારે રૂ. ૧૧૫ કરોડના ખર્ચે માળિયા-આમરણ-જોડિયા- જાંબુડા પાટિયા સુધીના ૩૨.૪૩ કિ.મી.ના કોસ્ટલ હાઈવેને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે માળિયા-આમરણ-જોડિયા-જાંબુડા પાટિયા સુધીનો કોસ્ટલ સ્ટેટ હાઈવે ૩૨.૪૩ કિ.મી.ના રોડને અંદાજિત રૂ. ૧૧૫ કરોડના ખર્ચે માર્ગ મકાન વિભાગ દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ રોડનું નિર્માણ થવાથી આ પંથકનાં અનેક ગામડાંના લોકોને લાભ થવા ઉપરાંત આર્થિક ગતિવિધિને ઉત્તેજન મળશે. ●

# ગુજરાતના ૩૪ રાષ્ટ્રીય ધોરીમાર્ગ માટે ૩૭૬૦ કરોડ ખર્ચાશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના નાગરીકોને પરિવહન સુવિધાઓનો વધુને વધુ લાભ મળે તે માટે ગુજરાતમાં રૂા. ૩૭૬૦.૬૪ કરોડના ખર્ચે નવા ૩૪ જેટલા રાષ્ટ્રીય ધોરીમાર્ગના કામો મંજૂર કર્યા છે. રાજ્યના માર્ગ અને મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ ગુજરાતના નાગરીકો વતી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી શ્રી નિતીન ગડકરીનો આભાર વ્યક્ત જણાવ્યું કે, ભારત સરકાર દ્વારા રાજ્યમાં આવેલ રાષ્ટ્રીય ધોરીમાર્ગના કામો માટેનો વર્ષ ૨૦૨૨-૨૩નો રૂા. ૩૭૬૦.૬૪ કરોડનો વાર્ષિક પ્લાન મંજૂર કર્યો છે. જેમાં રૂા.૨૫૧૧.૧૦ કરોડના રસ્તાના બાંધકામ અને નવા બ્રીજના બાંધકામો તેમજ રૂા. ૧૨૪૯.૫૪ કરોડના પ્રી-કન્સ્ટ્રક્શન એક્ટીવીટીના કામો હાથ ધરાશે. આ રસ્તાઓમાં નદીઓ ઉપર બ્રીજ, રેલવે ફાટક ઉપર આર.ઓ.બી/આર.યુ.બીનુ નિર્માણ કરાશે, જેના થકી ફાટક-મુક્ત ગુજરાતનું નિર્માણ થશે.

આ વાર્ષિક પ્લાનમાં રૂા. ૩૫૦ કરોડના ખર્ચે નારોલ જંક્શનથી ઉજાલા જંક્શન સુધીના ૧૨.૮ કી.મી.ના હયાત રસ્તાને વિકસાવવામાં આવશે. જે અંતર્ગત નારોલ જંક્શનથી વિશાલા જંકશન વચ્ચેના છ-માર્ગીય રસ્તાને આઠ માર્ગીય રસ્તા તરીકે વિકસાવવામાં આવશે, તેમજ હયાત સાબરમતી નદી પરના પુલને છ-માર્ગીય બનાવાશે. આ ઉપરાંત રૂા.૧૨૮ કરોડના ખર્ચે વિશાલા જંક્શનથી ઉજાલા જંક્શન વચ્ચેના ૫.૨૮ કી.મી.ની ચાર-માર્ગીય લંબાઇના રસ્તાને છ-માર્ગીય બનાવી એલીવેટેડ કોરીડોર પ્રકારની સુવિધા ઉપલબ્ધ બનાવાશે. આ ઉપરાંત રૂા. ૧૧૦ કરોડના ખર્ચે સરખેજ - ગાંધીનગર હાઈવે પર ઈસ્કોન ફ્લાય ઓવરથી સાણંદ ફ્લાય-ઓવર વચ્ચે ૪ કી.મી. લંબાઇના ૩ એલીવેટેડ ફ્લાય-ઓવરનુ નિર્માણ કરાશે.

મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, રૂા. ૨૫૭ કરોડના ખર્ચે મહુવાથી અમરેલી વચ્ચે બાધડા સુધીના ૫૦.૪૮ કી.મી.ના ૧૦ મીટર પહોળા રસ્તાનુ નિર્માણ કરાશે. જેના પર બે રેલવે ઓવરબ્રિજ અને નવા પુલીયાનુ નિર્માણ થશે. આ રોડ પર ૧૦૦ કી.મી.ની સ્પીડ સુધી વાહનો દોડી શકશે. આ ઉપરાંત રૂા. ૪૫૧.૫૦ કરોડના ખર્ચે બાધડા - અમરેલીના ૫૦.૪૮ કી.મી.નો ૧૦ મીટર પહોળો રસ્તો બનાવાશે. જેમા અમરેલી બાયપાસ તેમજ બગસરા જવા માટે નદીના પુલ તથા રેલવે ઓવરબ્રિજનુ નિર્માણ કરાશે.

આ ઉપરાંત રૂા. ૪૫૦ કરોડના ખર્ચે ભિલોડા - શામળાજી નેશનલ હાઈવે 168-G નો નવો ૧૦ મીટર પહોળો રસ્તો બનાવાશે. જેના પર નવા નાના પુલ તથા ભીલોડા બાયપાસ નિર્માણ કરાશે. તે જ રીતે આહવા-સાપુતારા નેશનલ હાઈવે-953 માર્ગને પણ ૧૦ મીટર પહોળો બનાવી હયાત રસ્તાનુ અપગ્રેડેશન કરાશે. વધુમાં રૂા. ૨૫૦ કરોડના ખર્ચે જામનગર - કાલવાડ નેશનલ હાઈવે-927-D ને ચાર લેન રસ્તો બનાવાશે. જે માટે જમીન સંપાદન તેમજ જંગલ વિસ્તારની મંજૂરીની પ્રક્રિયાઓ સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે.

રાજ્યના નાગરીકોને યાતાયાતની સુવિધાઓમાં વધારો થાય તે માટે રાજ્ય સરકારે છેલ્લા ૬ માસમાં રાજ્યના ૩૩ જિલ્લાઓમાં રૂા.૧૨,૨૦૦ કરોડના ખર્ચે વિવિધ માર્ગ નિર્માણ-વિકાસના કામોના ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણના કામોની કામગીરી પ્રગતી હેઠળ છે. તેમણે ઉમેર્યુ કે, ભારત સરકાર દ્વારા આ કામગીરી માટેના ડી.પી.આર. કન્સલટન્ટની નિમણૂંક પણ કરવામાં આવી છે અને એ માટે વિગતવાર સરવેની કામગીરી હાલ પ્રગતિમાં છે. ●



# રાજ્યના ૧.૩૫ કરોડથી પણ વધુ લોકોને ૧૦૮ દ્વારા તાત્કાલિક આરોગ્ય સેવા પહોંચાડાઈ

નિતિન રથવી

રાજ્યના નાગરિકોની આરોગ્ય કાળજી માટે પ્રતિબદ્ધ રાજ્ય સરકારે '૧૦૮ એમ્બ્યુલન્સ'ની સેવાને આજે વ્યાપક અને પરિણામલક્ષી બનાવી છે. અગાઉ જ્યારે માત્ર હોસ્પિટલ કે ટ્રસ્ટની એમ્બ્યુલન્સ દ્વારા જ દર્દીઓને હોસ્પિટલ પહોંચાડવામાં આવતા હતા, તેની સામે આજે રાજ્યના ખૂણે-ખૂણે ગણતરીની મિનિટોમાં જ એમ્બ્યુલન્સની સેવા ઉપલબ્ધ બનતાં લોકો માટે '૧૦૮ એમ્બ્યુલન્સ સેવા' ખરેખર આશીર્વાદ સમાન બની છે.

રાજ્યમાં અકસ્માત કે આપત્તિના સમયે ઈજાગ્રસ્ત-બીમાર વ્યક્તિઓને તાત્કાલિક સારવાર પૂરી પાડતી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ વર્ષ ૨૦૦૭થી તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત આયોજન હેઠળ થયો હતો. આગામી ૨૯ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ ૧૦૮ સેવા ગુજરાતમાં ૧૫ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરશે. જી.વી.કે. ઈમરજન્સી મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અને ગુજરાત સરકારની લોકભાગીદારીથી શરૂ થયેલી આ સેવા આજે વિશ્વાસ અને ચોકસાઈનો પર્યાય બની છે, જે તમામ પ્રકારની ઈમરજન્સીને પ્રતિસાદ આપવા માટે કટિબદ્ધ છે. સાથે-સાથે તેના કાર્યથી લોકમાનસમાં સંપાદિત થયેલો વિશ્વાસ પણ અભૂતપૂર્વ છે.

૧૦૮ એમ્બ્યુલન્સ વાનમાં અદ્યતન મેડિકલ સાધનો, દવાઓ, વેન્ટિલેટર મશીન અને તેની સાથે ટેક્નોલોજીનો સમન્વય કર્યો છે. તેનો સીધો લાભ કટોકટીની પળોમાં શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારના લોકોને મળે છે. ૧૦૮ સેવાના અસરકારક અમલીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા હાઈટેક ટેક્નોલોજીથી સુસજ્જ એક વિશાળ 'ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર' પણ કાર્યરત કરવામાં આવ્યું છે, જેના દ્વારા સતત મોનિટરિંગ કરી નાગરિકોને સારવાર પૂરી પાડવામાં આવી રહી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દૃષ્ટિવંત નેતૃત્વ હેઠળ ૧૦૮ દ્વારા મે-૨૦૨૨ સુધીમાં રાજ્યભરમાંથી લગભગ ૧ કરોડ ૩૫ લાખ ૨૧ હજારથી પણ વધુ ઈમરજન્સી હેન્ડલ કરીને જરૂરિયાતમંદને તાત્કાલિક આરોગ્ય સેવા પહોંચાડી છે. આ ઉપરાંત ગુજરાતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા પ્રેગ્નન્સી સંબંધિત કેસમાં ૪૫ લાખ ૯૦ હજારથી પણ વધુ ઈમરજન્સી, રોડ અકસ્માત સંબંધિત ૧૬ લાખ ૮૪ હજારથી વધુ ઈમરજન્સી તેમજ ૧૨ લાખ ૪૬ હજારથી પણ વધુ લોકોને તાત્કાલિક સારવાર આપીને તેમના જીવ બચાવવામાં આવ્યા છે.








વધુમાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં કાર્યરત ઈમરજન્સી મેડિકલ ટેક્નિશિયન દ્વારા ૭૬,૫૬૫ મહિલાઓની એમ્બ્યુલન્સ વાનમાં જ તેમજ ૪૨,૫૪૫ મહિલાઓની સ્થળ પર જ સલામત પ્રસૂતિ કરાવીને ઉત્તમ આરોગ્ય સેવાનો દાખલો પૂરો પાડ્યો છે.

ટેક્નોલોજીના માધ્યમથી ૧૦૮ ઈમરજન્સી સેવાનો લાભ નાગરિકોને ઝડપથી આંગળીના ટેરવે જ મળે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મક્કમ નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા '૧૦૮ ગુજરાત' નામની અદ્યતન મોબાઈલ એપ્લિકેશન પણ કાર્યરત કરવામાં આવી છે. ૧૦૮ ઈમરજન્સી સેવાનું ડિજિટલાઈઝેશન થતાં ડિજિટલ ઇન્ડિયાના સપનાને સાકાર કરવામાં પણ ગુજરાતે દેશને નવો રાહ ચીંધ્યો છે.

માત્ર ૫૩ એમ્બ્યુલન્સથી શરૂ થયેલી ૧૦૮ની આ આરોગ્યલક્ષી સેવામાં આજે રાજ્યભરમાં કુલ ૮૦૨ એમ્બ્યુલન્સ કાર્યરત છે. દરિયામાં બીમારી અથવા અકસ્માત સમયે મેડિકલની ઈમરજન્સીમાં તાત્કાલિક સારવાર મળી રહે તે માટે પણ રાજ્ય સરકારે નવતર અભિગમ અપનાવીને ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ સેવા હેઠળ રાજ્યમાં ૨ બોટ એમ્બ્યુલન્સ કાર્યરત કરી છે.

હરહંમેશ નવતર અભિગમો થકી અન્યોને રાહ ચીંધતા ગુજરાત રાજ્યની યશકલગીમાં તાજેતરમાં જ વધારો થયો છે. ૧૦૮ ઈમરજન્સી સેવાનો વ્યાપ વધારવા રાજ્ય સરકાર દ્વારા કટોકટીની પળોમાં તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ૨૧મી માર્ચ, ૨૦૨૨ના રોજથી ગુજરાત અને દેશની પ્રથમ એર એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગુજરાત એર એમ્બ્યુલન્સ સેવા શરૂ કરવામાં પણ દેશનું સૌપ્રથમ રાજ્ય બન્યું છે.

આ ઉપરાંત રાજ્યભરની ૧૦૮ની ટીમ દ્વારા અકસ્માતના કિસ્સામાં ભોગ બનેલા લોકોનાં સગાંઓને તેમના સ્વજનોની લાખો રૂપિયાની રોકડ સોનાચાંદીના દાગીના સહિતની મોંઘી વસ્તુઓ પરત કરીને પ્રામાણિકતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

અકસ્માત હોય કે આકસ્મિક પ્રસૂતિ, કોઈપણ વિપરીત અને અણધાર્યા સંજોગોમાં પણ સૌથી પહેલાં પહોંચીને ૧૦૮ની સેવા દ્વારા રાજ્યમાં અનેક લોકોના જીવ બચાવવામાં આવ્યા છે. ●





## કચ્છ યુનિવર્સિટીનો ૧૧મો પદવીદાન સમારોહ

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીનો ૧૧મો પદવીદાન સમારોહ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં યોજાયો હતો, જેમાં વિવિધ શાખાના ૬૨૯૬ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓએ વિદ્યાર્થીઓ કરતા વધુ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા હોવાનું ધ્યાન દોરીને રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ મહિલાઓના વિકાસ માટે અનેક યોજનાઓ અમલી બનાવી છે, જેના લીધે મહિલાઓનો વિકાસ થઈ રહ્યો છે. વિધાનસભા અધ્યક્ષાએ વિદ્યાર્થીઓને જીવનમાં નિષ્ઠાપૂર્વક અભ્યાસ કરવા સૂચન કર્યું હતું. મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં પરિશ્રમ કરીને ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવીને આગળ વધે.



## કન્વિક્શન રેટ: સરકારી વકીલોની ભૂમિકા' વિષયક પરિસંવાદ

કાયદા વિભાગ હેઠળના તમામ સરકારી વકીલો માટે ગુજરાત નેશનલ લો યુનિવર્સટી ખાતે ‘કન્વિક્શન રેટ: સરકારી વકીલોની ભૂમિકા’ વિષય ઉપર યોજાયેલા પરિસંવાદમાં કાયદામંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ સરકારી વકીલોનાં પ્રોબેશન પૂર્ણ થયાના હુકમો તાત્કાલિક કરી આપવાની જાહેરાત કરી હતી, જે અન્વયે કાયદા વિભાગ દ્વારા આવાં પ્રોબેશન પૂર્ણ થયાના ૧૧૫ સરકારી વકીલોના હુકમો કરવામાં આવ્યા હતા. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ પરિસંવાદમાં કરેલી જાહેરાત મુજબ, જે સરકારી વકીલો એક જ સ્થળે ચાર વર્ષ કે તેથી વધુ સમયથી ફરજ બજાવે છે, તેવા ૧૭૮ સરકારી વકીલોની જાહેર હિતમાં બદલી કરવામાં આવી છે.




## રાજકોટના ૧૦ હજાર લાભાર્થીઓને વિવિધ યોજનાકીય લાભ

લોકકલ્યાણના કાર્યક્રમોનું સાતત્યપૂર્ણ અમલીકરણ કરી સરકારે દેશને એક્તાંતણે બાંધ્યો છે. ગરીબ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત રાજકોટ મહાનરપાલિકા દ્વારા વિવિધ યોજનાના લાભ નાગરિકોને અપાયા હતા. શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ તથા ઉપસ્થિત મહાનુભાવોએ પી.એમ.સ્વનિધિ યોજના હેઠળ શેરીના ફેરિયાઓને લોન સહાય, પ્રધાનમંત્રી જન - ધન યોજના, માતૃવંદના, જનની સુરક્ષા યોજના, જીવન જ્યોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, માનધન યોજના સહિતની વિવિધ યોજનાઓ હેઠળ ૧૦ હજારથી વધુ લાભાર્થીઓ પૈકી ૨૫ લાભાર્થીઓને પ્રતીકાત્મક રીતે મંજૂરીપત્રો, ટોકન તેમજ ચેક વિતરણ કરવામાં આવ્યું હતું.



## પાટણમાં પ્રશાસન અને લાભાર્થીઓ વચ્ચે સંવાદ

પાટણમાં ગરીબ કલ્યાણ અને સુશાસન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે વિવિધ યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ કરીને તેમને મળેલા લાભો જાણવાનો પ્રયત્ન કર્યો હતો. આ પ્રસંગે કેન્દ્ર સરકારની 13 ફ્લેગશિપ યોજનાઓના એક હજારથી વધુ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. લાભાર્થીઓની સાથે આરોગ્યમંત્રીશ્રીએ સીધો સંવાદ કર્યો હતો. પ્રત્યેક લાભાર્થીએ પોતાને મળેલા અનેક લાભોની જાહેરમાં વિસ્તૃત રીતે વાત કરી હતી. સંવાદમાં લાભાર્થીઓએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની યોજનાઓ માટે વડાપ્રધાનશ્રીનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે.



## જામનગરના ૪ ચેકડેમ-તળાવનું ખાતમુહૂર્ત

જામનગરના નાની બાણુગાર, ફાચરિયા, વાગડિયા અને ઢીચડા ગામમાં રૂ.૩૨ લાખના ખર્ચે તૈયાર થનાર ચેકડેમ અને તળાવોનું ખાતમુહૂર્ત કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે કર્યું હતું. કૃષિમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે તળાવો અને ચેકડેમોના રિપેરિંગ થકી વરસાદી પાણી દરિયામાં જતું અટકશે. અને ખેડૂતો તેમજ ગ્રામજનો સંગ્રહ થયેલ વરસાદી પાણીનો સિંચાઇ માટે ઉપયોગ કરી શકશે. પંચાયત સિંચાઇ વિભાગ હેઠળ હાલ ૪૦ કામો અંદાજિત રૂ.૩.૭૮ કરોડના પ્રગતિ હેઠળ છે. તેમજ જિલ્લાના વિવિધ તાલુકાના ૪૨ કામો અંદાજિત કિંમત રૂ.૩.૪૫ કરોડ જેની મંજૂરીની પ્રક્રિયા હાલ પ્રગતિ હેઠળ છે.



## કપરાડામાં પુસ્તકાલયના મકાનનું ભૂમિપૂજન

વલસાડના કપરાડા - ધરમપુર તાલકાના સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનો માટે કપરાડામાં રૂ. ૯૦ લાખના ખર્ચે તૈયાર થનાર પુસ્તકાલયના મકાનનું ભૂમિપૂજન આદિજાતિ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે કર્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આમાં રૂ. ૬૦ લાખ સ્ટેમ્પ ડ્યુટીની અને રૂ. ૩૦ લાખની ૧૫ માં નાણાં પંચની ગ્રાંટનો સમાવેશ થાય છે. મંત્રીશ્રીએ આ જ સ્થળેથી જ રૂ.૫૧ લાખના ખર્ચે જામગભાણ આશ્રમશાળાના રિનોવેશનના ભૂમિપૂજનની તકતીનું અનાવરણ કર્યુ હતું. આ પ્રસંગે પાણી પુરવઠા રાજય મંત્રી શ્રી જિતુભાઈ ચૌધરીએ પુસ્તકોના વાંચનથી માણસના જ્ઞાનમાં વધારો થાય છે એમ જણાવ્યું હતું.



## પાલનપુરમાં ગ્રે-વોટર ટ્રીટમેન્ટ યુનિટનું લોકાર્પણ

બનાસકાંઠાના રૂપપુરામાં રૂા.૫.૨૧ લાખના ખર્ચે નિર્માણ પામેલા ગ્રે-વોટર ટ્રીટમેન્ટ યુનિટનું ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે લોકાર્પણ કર્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ પ્લાન્ટમાં બાથરૂમ, રસોડા અને ગંદા પાણીને ટ્રીટમેન્ટ કરી ખેતી માટે વપરાશ લાયક બનાવી ભૂગર્ભ જળ રિ-ચાર્જ માટે ઉપયોગ કરી શકાશે. સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ બનાસકાંઠા જિલ્લામાં ૧૬ જેટલા નવા પ્લાન્ટ બનાવવાની મંજૂરી આપી છે. જેનાથી આ ગામોમાં ફાયદા થશે.



## જામનગરમાં સ્વિમિંગ પુલ તથા બાસ્કેટબોલ કોટનું લોકાર્પણ

જામનગરના રમત સંકુલમાં રૂ.૫૬૧.૩૩ લાખના ખર્ચે નિર્માણ પામેલા સ્વિમિંગ પુલ તથા તથા બાસ્કેટબોલ કોટનું રમત ગમત રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જામનગરના યુવાનો સ્વિમિંગ તથા રમત-ગમત ક્ષેત્રે આગળ વધે તે માટે રાજ્ય સરકાર દ્વારા શહેરના મધ્યમાં જ સુચારૂ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જામનગર તથા દેશનુ નામ વૈશ્વિક સ્તરે રોશન કરે તેવી મંત્રીશ્રીએ અભ્યર્થના વ્યક્ત કરી હતી.



## અમદાવાદમાં 'EVangelise' ૨૨ નું લોન્ચિંગ

ભારતના અગ્રણી ઇનોવેશન આધારિત સ્ટાર્ટ-અપ ઇન્ક્યુબેટરે સ્ટાર્ટ-અપ ઇન્ડિયા અને CII - COE ફોર અનોવેશન સાથે ભાગીદારીમાં, 'EVangelise' 22 - ભારતની સૌથી મોટી EV ઇનોવેશન ચેલેન્જને ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ લોન્ચ કરી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત, દેશમાં સૌથી વધુ બેટરી સંચાલિત ટુ-વ્હીલર અપનાવે છે, જે રાજ્યમાં EV ઉત્પાદનમાં રોકાણ કરવા માટે ઉદ્યોગો માટે એક આદર્શ વાતાવરણ બનાવે છે. ICreate's EVangelise 2022નો ઉદ્દેશ ભારતને વૈશ્વિક EV નકશા પર મૂકવાનો છે, સાથે જ સ્વચ્છ, ઓછી કિંમતની, નવીન તકનીકો વિકસાવવામાં અગ્રણી તરીકે ઉદ્યોગોની ગંભીર સમસ્યાઓનું નિરાકરણ કરવાનો છે.



## ડાંગમાં યોજનાકીય લાભાર્થીઓએ માન્યો સરકારનો આભાર

આહવામાં આયોજિત ગરીબ કલ્યાણ, સેવા અને સુશાસનનાં આઠ વર્ષની ઉજવણી કાર્યક્રમમાં કેન્દ્ર સરકાર અને વીસ વર્ષની રાજ્ય સરકારની ઉપલબ્ધિ પાણી પુરવઠા રાજ્ય મંત્રી શ્રી જિતુભાઇ ચૌધરીએ વર્ણવી હતી. તેમણે વિવિધ યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. લાભાર્થીઓએ વિવિધ લાભ મેળવવા બદલ અને જીવનધોરણ ઊંચું લાવવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારનો આભાર માન્યો હતો. મંત્રીશ્રીએ, ડાંગ સેવા મંડળ ખાતે આયોજિત 'વંદે ગુજરાત પ્રદર્શનસહ સખી મેળા'નું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું.



## ઓલપાડમાં લાભાર્થીઓને સિલાઈ મશીન વિતરણ

સુરતના ઓલપાડ તાલુકાના લવાછા ગામે કૃષિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે સીવણની તાલીમ લેનારી ૨૦ મહિલાઓને સિલાઈ મશીનોનું વિતરણ કર્યું હતું. જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી લઘુ ઉદ્યોગોને લગતી યોજના હેઠળ લવાછા ગામની ૨૫ મહિલાઓને સિલાઈ મશીનની તાલીમ આપવામાં આવી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું કે, છેવાડાની ગ્રામ્ય વિસ્તારની બહેનો સ્વરોજગારી દ્વારા આર્થિક રીતે સશક્ત બને તેવો રાજ્ય સરકારનો નિરંતર પ્રયાસ છે. સિલાઈ મશીનના યોગ્ય ઉપયોગથી મહિલાઓ રોજગારી ઊભી કરી પરિવારને સહાયરૂપ બની શકશે. રાજ્યનાં અનેક સખીમંડળો કૌશલ્ય અને આવડતથી અદ્‌ભુત પ્રતિકૃતિઓ બનાવી તેના વેચાણથી માતબર આવક મેળવી રહી છે.



## અમદાવાદમાં 'AMACON-2022' કોન્ફરન્સ

અમદાવાદમાં અમદાવાદ મેડિકલ એસોસિયેશન દ્વારા આયોજિત 'AMACON-2022' કોન્ફરન્સમાં આરોગ્ય રાજ્યમંત્રી શ્રી નિમિષાબહેન સુથાર ઉપસ્થિત રહ્યાં હતાં. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આરોગ્યલક્ષી યોજનાઓ માટે ડોક્ટર્સનાં સલાહ, સૂચનો અને માર્ગદર્શન આવકાર્ય છે. ગુજરાતમાં ઉત્કૃષ્ટ તબીબી સુવિધાઓ ઉપલબ્ધ છે. કોન્ફરન્સમાં વિવિધ રોગો અને તેની સારવાર, સારવારની વિવિધ આધુનિક પદ્ધતિઓ, રોગો સંબંધિત શસ્ત્રક્રિયાઓ અને તેને લગતી પદ્ધતિઓ વગેરે જેવા તબીબી વિજ્ઞાન સાથે સંકળાયેલા અનેકવિધ વિષયો પર અલગ અલગ વક્તાઓ અને ડૉક્ટરો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવનાર છે.



## પોરબંદરના મહિયારીમાં લાભાર્થીઓને સહાય કીટ વિતરણ

કેન્દ્ર સરકારના ૮ વર્ષ સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત પોરબંદરના મહિયારીમાં વાહન વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણીએ સહાય કીટ વિતરણ કરી કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ સરકારે છેવાડા માનવીને સરકારની અનેક યોજનાઓના લાભ આપ્યા છે. આ પ્રસંગે મહાનુભાવોએ મુખ્ય સ્ટેજ પરથી કેન્દ્ર સરકારની વિવિધ ૧૫ યોજનાઓનાં લાભાર્થીઓને સહાય/ચેક વિતરણ કરાયા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી  કાંધલભાઇ જાડેજા સહિત અધિકારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



## છેવાડાના માનવીને પણ લાભ મળી રહે તે માટે સરકાર કાર્યરત

રાજ્યમાં કેન્દ્ર સરકારની ૮ વર્ષની ઉપલબ્ધીઓ, ગરીબ કલ્યાણ, સેવા, સુશાસન કાર્યક્રમ અંતર્ગત દેવભૂમિ દ્વારકાના જામ ખંભાળિયામાં વિવિધ યોજનાના લાભાર્થીઓને લાભનું વિતરણ કરવામાં આવ્યું હતું. લાભનું વિતરણ કરતાં પ્રાથમિક શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કિર્તીસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે છેલ્લા ૮ વર્ષમાં ગરીબોના હક્કનું, તેમના અધિકારોનું તેમને મળી રહે તે માટે સતત પ્રયત્નો કર્યા છે. છેવાડાના માનવીને પણ લાભ મળી રહે તે માટે સરકાર કાર્યરત છે.



## રાજ્યમાં પ્રિ-મોન્સૂનની તૈયારીની સમીક્ષા

રાજ્યમાં પ્રિ-મોન્સૂન તૈયારી અંગે શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રી વિનોદભાઈ મોરડીયાએ સમીક્ષા કરી હતી. મંત્રીશ્રીએ વરસાદી પાણીના નિકાલ માટે યોગ્ય આયોજન કરવા, વૃક્ષોને યોગ્ય રીતે ટ્રીમીંગ કરવા, નિચાણ વાળા વિસ્તારોને સ્થળાંતર કરવાનું થાય તેવી પરિસ્થિતિમાં ત્યાંના વસાહતીઓને યોગ્ય સ્થળે વસાવવા સહિત આકસ્મિક સંજોગોમાં જરૂરી સંશોધનો સાથે રેસ્કયુ ટીમને સ્ટેન્ડ બાય રાખવાની વ્યવસ્થા કરવા તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓને સુચનાઓ આપી હતી.



## જૂનાગઢમાં જનકલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ

જૂનાગઢમાં કેન્દ્ર સરકારની ૮ વર્ષની ઉપલબ્ધિઓની ઉજવણીના ભાગરૂપે પશુપાલન રાજ્યમંત્રી શ્રી દેવાભાઈ માલમની અધ્યક્ષતામાં વિવિધ કલ્યાણકારીઓના લાભોનું પ્રતિકાત્મક વિતરણ કરાયું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી આવાસ યોજનાના માધ્યમથી ગરીબ લોકોના ઘરના ઘરનું સપનું સાકાર થયું છે. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી ભાવનાબહેને જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના આભારી છીએ કે, અમારા જેવા નાના લોકો માટે આવાસ યોજના બનાવી. ભાવનાબેનને આ યોજના અંતર્ગત  કેન્દ્ર સરકાર તરફ થી રૂ.૧.૫૦ લાખ અને રાજ્ય સરકાર તરફ થી રૂ. ૨ લાખની સહાય મળી છે.

## દીકરીને IPS અધિકારી બનાવવાની ઝંખના પૂરી થશે



માતા-પિતા, પત્ની અને 2 બાળકોની જવાબદારી એક વ્યક્તિના માથે ઘણો ભાર સમાન લાગતી હોય છે. આવા પરિવારના પિતાનું સપનું હોય છે દીકરી સારી સ્કૂલમાં અભ્યાસ કરી આત્મનિર્ભર બને અને આ સપનું પૂરું કરવા માટે કોઈ સરકારી લાભ મળે તેવી પિતાની અભિલાષા હોય છે. પંચમહાલમાં આવી આશા સાથે જીવતા ભાવેશકુમાર માંજાણીની દીકરી અનન્યાને RTE અંતર્ગત ગોધરાની શ્રી શ્રી રવિશંકર વિદ્યામંદિર સ્કૂલમાં એડમિશન મળ્યું તો તેમની ખુશીનો કોઈ પાર ન રહ્યો. ભાવેશભાઈ મોબાઈલ એક્સેસરીઝ વેચવાની નોકરી કરે છે. તેઓ આર્થિક રીતે એટલા સક્ષમ નથી કે દીકરીને સારી સ્કૂલમાં અભ્યાસ કરાવી શકે.

અનન્યાનો અભ્યાસ RTE હેઠળ સારી સ્કૂલમાં ચાલી રહ્યો છે તે જોઈ પિતાને ઘણો ગૌરવ અને ખુશી થાય છે. ભાવેશભાઈ ઈચ્છે છે કે, દીકરી IPS અધિકારી બની પરિવાર સાથે દેશનું નામ પણ રોશન કરે. RTEમાં દીકરીને એડમિશન મળવાથી પિતાના પૈસા બચશે. આ પૈસાનો ઉપયોગ ભાવેશભાઈ દીકરીના હાયર એજ્યુકેશન પાછળ ખર્ચવા માગે છે.

## કાચાં મકાનમાં રહેતા પરિવારને પાક્કું મકાન મળ્યું

ઇશીતા શાહ



ચોમાસાંનું આગમન આખા જગત માટે ખુશીની લહેર લાવતું હોય છે, પરંતુ જેના માટે ચોમાસું પણ ચિંતાના વાદળ સર્જે તે પરિવારની પીડા કોણ સમજે? સાવ કાચું મકાન અને માથે પતરા...! ચોમાસાંનું પાણી આખા જગત માટે આશીર્વાદ પરંતુ ટીનાભાઈના મકાનના પતરાંમાંથી ટપકતું પાણી ન નિરાતે સૂવા દે ન તો ખાવા દે. આવી સ્થિતિમાં જીવતા ટીનાભાઈનું એક જ સપનું બસ પોતાના પરિવાર માટે એક પાક્કું મકાન બને. આ સપનું સાકાર થયું પ્રધાનમંત્રી આવાસ યોજનાથી.

કાચાં પતરાંવાળાં મકાનમાં કુલ 6 સભ્યોના પરિવારમાં રહેતા ટીનાભાઈ લોકોના ઘરે કામ કરી માંડ માંડ રૂ. 8000ની આવક ઊભી કરી શકે. ટીનાભાઈનું એક માત્ર સ્વપ્ન હતું કે પરિવાર સુખી રહે તે માટે એક પાક્કું મકાન બને. ટીનાભાઈને આવાસ યોજનાનો લાભ મળ્યો અને રૂ. 3,50,000ની આર્થિક સહાય મળી. હવે તેઓ પોતાના પાક્કાં મકાનમાં રહે છે. અગાઉ લીપણવાળાં ઘરમાં રહેતો ટીનાભાઈનો પરિવાર હવે હવા ઉજાશવાળા સ્વચ્છ અને પાક્કાં મકાનમાં રહે છે.

તેમને ક્યારેય કલ્પના પણ નહોતી કરી તેમને પાક્કાં મકાનનું સુખ મળશે. ટીનાભાઈના પત્ની રૂડીબહેન અનુગ્રહના ભાવ સાથે જણાવે છે કે, 'માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આ યોજનાને લીધે મારું સપનું સાકાર થયું. રહેવા માટે પાક્કું મકાન મળ્યું તેના માટે મોદી સાહેબનો ખૂબ ખૂબ આભાર.'

## દીકરા સ્મિતના ઉજ્જવળ ભવિષ્યનો માર્ગ જોઈ પિતાના ચહેરા પર સ્મિત પ્રસર્યું

વલસાડ જિલ્લાના ચાંદોરમાં રહેતા મહેનતુ જયેશભાઈ પરિવારનું ગુજરાન ચલાવવા માટે વડાપાઉંની લારી ચલાવે છે. પિતાની એક જ ઝંખના, દીકરો ભણીગણીને ડૉક્ટર કે એન્જિનિયર બને, પરંતુ પિતાની આ ઈચ્છા સામે તેમની આર્થિક સ્થિતિ મોટો પડકાર હતી. દીકરાના ઉજ્જવળ ભવિષ્યની ચિંતાના વાદળો વચ્ચે શિક્ષણના અધિકારનો કાયદો આશાનું નવું કિરણ લઈને આવ્યો. પિતા અત્યાર સુધી એ પણ સપનું જોવા સમર્થ નહોતા કે દીકરાને ખાનગી સ્કૂલમાં ભણવા મોકલે, પરંતુ RTEના સંવેદનાસભર અને નવતર તક આપતા અવસરને લીધે તેનો દીકરો સ્મિત હવે સેન્ટ. ફ્રાન્સિસ હાઈસ્કૂલમાં અંગ્રેજી મીડિયમમાં અભ્યાસ કરી રહ્યો છે.



નાનકડાં કાચા મકાનમાં રહેતા જયેશભાઈ પોતે 10 પાસ જ છે. દીકરો ભણીગણી પરિવારનું નામ રોશન કરે તેવી પિતાની ઈચ્છા. જયેશભાઈ જણાવે છે કે, 'જો RTEમાં એડમિશન ન મળ્યું હોત તો દીકરાને પણ આવો કોઈ ધંધો કરવો પડત, જોકે હવે તેમના દીકરાના ઉજળાં ભવિષ્યની કોઈ ચિંતા નથી. RTEમાં અંગ્રેજી મીડિયમમાં એડમિશન મળવાથી પિતાની ખુશીનો કોઈ પાર નથી તો સામે દીકરો પણ તેને મળેલી તકને એળે ન જવા દઈ મન લગાવી અભ્યાસ કરે છે. સ્મિત એટલો મહેનતુ છે કે તે પરીક્ષા સમયે સવારે 6 વાગ્યે ઊઠીને અભ્યાસ કરે છે. દીકરા સ્મિતને આ રીતે અભ્યાસમાં રચ્યોપચ્યો જોઈ પિતાના ચહેરા પર પ્રતિદિન સ્મિત રેલાય છે. હવે આવી તક મળવાને લીધે નબળી સ્થિતિ ધરાવતા જયેશભાઈ પોતાના તેજસ્વી દીકરાને ઉજ્જવળ ભવિષ્ય આપવા સમર્થ બન્યા.

# શાળા પ્રવેશોત્સવ તસવીરી ઝલક - 2022



મંત્રી શ્રી જીતુભાઇ ચૌધરી
વઘઇ - ડાંગ



મંત્રી શ્રીમતી મનીષાબહેન વકીલ
વડોદરા



મંત્રી શ્રી મુકેશભાઇ પટેલ
ઓલપાડ - સુરત



મંત્રી શ્રીમતી નિમિષાબેન સુથાર
સંતરામપુર - મહીસાગર



મંત્રી શ્રી અરવિંદભાઇ રૈયાણી
વંથલી - જુનાગઢ



મંત્રી શ્રી કુબેરભાઇ ડીંડોર
કડાણા - મહીસાગર



મંત્રી શ્રી કિર્તીસિંહ વાઘેલા
કાંકરેજ - બનાસકાંઠા



મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમાર
તલોદ - સાબરકાંઠા



મંત્રી શ્રી રાઘવભાઇ મકવાણા
ભાવનગર



મંત્રી શ્રી વિનોદભાઇ મોરડિયા
ઝાડેશ્વર - ભરૂચ



મંત્રી શ્રી દેવાભાઇ માલમ
ચોટીલા - સુરેન્દ્રનગર



શ્રી પંકજકુમાર, મુખ્ય સચિવ
ગાંધીનગર





**Published on Date 1-7-2022**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.


**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**

માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦